
RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
## માસિક પત્રિકા

Issue : 1, Year: 71, April, 2024, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

||શ્રી પરમાત્માય નમઃ||

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉજવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ (બાર મહિના) માં ટોટલ ૨૬૫૫ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

Advt.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી લીમ્બજાય નમઃ || || શ્રી મહાવીરાય નમઃ ||

**WORLD MOVES ON TRUST** **TOGETHER WE PROGRESS**

# CONGRATULATION



## KIRTI AMBALAL DOSHI

9821868899

For

Selection and Falicitation

as

**STAR ★ AGENT**

Under

**Regional Incharge Club**

By

## NATIONAL INSURANCE CO. LTD.

(Govt.of India Public Sector Undertaking)

FIRE, RIOT, STRIKE, EARTHQUAKE, FLOOD, CYCLONE, TERRORISM, BURGLARY, MONEY, OFFICE, HOUSE HOLDERS, SHOP KEEPERS, FACTORY, GODOWN, WAREHOUE, MARINE-GOODS IN TRANSIT INLAND-IMPORTS-EXPORTS, MOTOR, CONTRCTOR'S ALL RISKS, PUBLIC LIABILITY, EMPLOYER LIABILITY, PERSONAL ACCIDENT, MEDICLAIM ETC... INSURANCE

**BLESSINGS FROM**

INSURED CUSTOMERS વીમા ગ્રાહકો

કમળાબેન અંબાલાલ ગીરધરલાલ દોશી પરિવાર

પાળીયાદ રાજકોટ મુંબઈ સીંગાપોર યુ એસ એ

શ્રી લીમ્બજામાતા દોશી પરિવાર મંડળ

દેલમાલ-ગુજરાત સુરેન્દ્રનગર અમદાવાદ મુંબઈ

Advt.

**Bio-Data**



# Raj Ajay Gandhi

### ABOUT ME

- I am a kind, ambitious, and a scrupulous individual. I currently lead partnerships for India's largest P2P NBFC. I am passionate about my work and strive to out perform myself!
- I am a foodie, who loves exploring food places and cafes around the town with friends.
- In sports, I closely follow cricket and Formula 1.
- For entertainment, movies, stand-up comedy shows, music concerts, poetry recitations shows are my go-to.
- Practicing Calisthenics in a bid to get fitter. Trying to learn surfing too. I enjoy cycling, bowling.

### PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Date of Birth | : | 9th April 1996 |
| Time | : | 1:15 am |
| Place of Birth | : | Surendranagar |
| Native | : | Wadhvan |
| Cast | : | Sthanakvasi Visha Shrimali Jain |
| Height | : | 5 Feet 5 Inches |
| Complexion | : | Wheatish |
| Education | : | B. in Financial Markets (Mithibai College), M.com (Mumbai University) |
| Occupation | : | General manager – Partnerships at Liquiloans (NDX P2P Pvt. Ltd.) |
| Phone | : | 7021210930 |
| Linkedin | : | Raj Gandhi \| LinkedIn |
| Instagram handle | : | rajgandhi9496 |
| Email | : | rajgandhimail@gmail.com |
| Address | : | 203, Savitri Kunj, Plot No 22, Bombay Sargam Road, Ghatkopar East, Mumbai 400077. |

### FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Mr. Ajay Mahendra Gandhi |
| Occupation | : | Service at Dhanera Diamonds at BDB, BKC (7738247365) |
| Mother | : | Mrs. Kavita Ajay Gandhi |
| Occupation | : | Homemaker (9322001867) |
| Sibling | : | Hem Ajay Gandhi, Studying in the 11th grade |
| Paternal grandparents | : | Mahendrabhai Chimanlal Gandhi (Gandhi printing press) and Late. Smt. Vasantben M. Gandhi |
| Uncle | : | Mr. Raju Mahendra Gandhi |
| Occupation | : | Share broker at Best Techsol Pvt. Ltd. (9322226227) |
| Uncle | : | Mr. Nilesh Mahendra Gandhi |
| Occupation | : | Share broker at Best Techsol Pvt. Ltd. (9322227346) |
| Maternal Grandparents | : | Late Shri. Ashwin Ramniklal Shah (Nathabhavan) and Late Smt. Hansa A. Shah |
| Maternal Grand uncle | : | Vidyut R. Shah (Rushabh steel, Surendranagar) - 9375767742 |
| Maternal Grand uncle | : | Bharat R. Shah (Bijal steel, Mumbai)- 9987096417 |

Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન



## ઝાલાવાડ જૈન રત્ન

### સન્માનનીય
## શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહ

આપણા ઝાલાવાડ સમાજનાં **શ્રી પ્રવીણભાઈ**ની પ્રવીણતા, પરોપકારીતા સાથેની પરફેકશનતા એટલે તેઓની કુશળ સ્કીલ સમાજમાં સંપ, સંગઠન અને સેવા ક્ષેત્રમાં ઉત્તમ પુરવાર થયેલ છે. આપે ઘણા વર્ષો પહેલા સમાજ પંથે પગલી પાડતા એક અદના સામાન્ય નાના કાર્યકરથી જોડાયા અને પછી આપની નિસ્વાર્થ ભાવ ભરેલી કાર્યશૈલીએ આપ સમાજમાં અનેકવિધ સેવાને સમર્પિત બની વિવિધ પદો પર શોભાયમાન પામતા ઉમદા ફરજો અદા કરેલ છે. અને સાથોસાથ એક ઉદાર દિલ દાતા બની સમાજને અનેક હાથે ઘણું બધુ આપતા આપની ઉદાત ભાવના સ્પર્શે છે.

વિવિધ સેવાક્ષેત્રોએ તન, મન અને ધનથી પ્રાપ્ત આપનાં યોગદાનો - સહયોગથી આજે આપણો ઝાલાવાડી સમાજ વિકાસ - સમૃદ્ધિનાં પંથે વેગવંતો બની **સમૃદ્ધ ઝાલાવાડ** બનેલ છે. આપ ઘણા વર્ષોથી ઝાલાવાડી સભામાં અનેકવિધ પદો હોદ્દાઓ સેવાભાવે સ્વીકારતા ઉત્તમ સેવા સમા **પ્રમુખપદ**ને શોભાવતા સેવાનાં ઉમદા અને અદ્‌ભૂત અવિરત કાર્યો કરી રહ્યાં છો. આપણા સમાજનાં આ સર્વાંગી વિકાસમાં સાગર જેવા ઉદાર દિલ **શ્રી પી. જી. શાહ**ની દિલેરીને લાખ લાખ વંદન છે.

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ લોનાવલા સેનેટોરીયમ, શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ નાલાસોપારા અતિથિ ભવન, શ્રી કનુભાઈ ગંભીરચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ - સહાયક ડોનર, માથેરાન સેનેટોરીયમ - સહાયક ડોનર, પંચગીની સેનેટોરીયમ, ઈન્ડોર સ્પોર્ટસ રૂમ - દેવલાલી સેનેટોરીયમ, ડાયમંડ વિંગ લોનાવલા સેનેટોરીયમ, લોટસ હોલ પંચગીની સેનેટોરીયમ - સહાયક દાતા નોટબુક યોજના, જસ્મીન હોલ દાતા લોનાવલા સેનેટોરીયમ** વગેરે આપના દાનની સરવાણીની સુવાસથી ખૂબ જ સારી અને સુંદર રીતે કાર્યરત છે.

આપનાં વ્યક્તિત્વની વિશેષતા એટલે હરહંમેશા ૨૪ કલાક ઝાલાવાડી સભાનાં ઉત્કર્ષ અને વિકાસ માટે સતત વિચારતા સેવાભાવી ઉમદા વ્યક્તિ **શ્રી પ્રવીણભાઈ શાહ**. આથી જ આપ ઝાલાવાડી સભાનાં પાયાનાં પીલર રહ્યાં છો. આપણા સમાજની કોઈપણ નવી યોજના હોય, નવી સ્કીમ હોય અને આપનો સર્પોટ પ્રથમ જ હોય... એટલે એ કાર્ય શુભ આરંભ રૂપી શુભ શરૂઆત બની જાય. અને એ પ્રોજેકટ ચોક્કસ સફળતાને વરી પરિપૂર્ણ જ બને.

ગજબની નિર્ણાયક શક્તિ, કાર્યદક્ષતા, સ્પષ્ટ વક્તા, ઉદાર ભાવો, કાંઈપણ ખોટુ નહિ ચલાવી લેવાની દ્રઢતા સાથે બાહોશ અને કુશળ નેતૃત્વની આગવી ઓળખ એટલે **શ્રી પી. જી. શાહ**.

આજના મંગલમય અવસરે આપને **ઝાલાવાડ જૈન રત્ન**થી સન્માનીત કરતા આપણો સમગ્ર ઝાલાવાડી સમાજ અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે. આપ સુખ, શાંતિ અને સમૃદ્ધિ સહ સ્વસ્થ સ્વાસ્થ્ય પામો એજ અભિલાષા. આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ હાર્દિક અભિનંદન.

લી.

**શ્રી પંકજભાઈ સંઘવી - ટ્રસ્ટી** **શ્રીમતી મનીષાબેન શાહ - ટ્રસ્ટી** **શ્રી મહેશભાઈ વોરા - ટ્રસ્ટી**

**શ્રી મયંકભાઈ શાહ - ટ્રસ્ટી** **શ્રી કિરીટભાઈ શેઠ - ટ્રસ્ટી**

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈનાં પદાધિકારીઓ તથા કારોબારી સભ્યો

તા. ૧૦-૩-૨૦૨૪

















# Rising Sun Electric


------ A transition to clean energy is about making an investment in our future ------

**D2 Vijaykarwadi, Kumar Estate, Chincoli, Opp Mc Donnals, SV Road, Malad W, Mumbai 400064**
**Mob. 7021213467 Email: - risingsunelect@gmail.com Website :- www.risingsunelect.com**





Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

એપ્રિલ ૨૦૨૪
વર્ષ : ૭૧ : : અંક : ૧
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ તથાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તેની સાથે સંસ્થાના ટ્રસ્ટી કે તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*

**ઝાલાવાડના પનોતા પુત્ર**
**શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહને**

# ઝાલાવાડ જૈન રત્ન

**અર્પણ કરીને સન્માન**



*શ્રી પ્રવીણભાઈ એટલે મુઠી ઉંચેરા મહામાનવ....*
*આપણા સમાજ ના ફ્રેન્ડ...philosopher અને guide...*
*શુભ વિચાર ને સફળ યોજનામાં પરિવર્તિત કરનાર કુશળ કલાકાર...*
*શ્રી ઝાલાવાડ ના આધુનિક યુગમાં દાનવીર ભામાશા*
*સમાન... સેવા.. સંપ સહકાર અને સંગઠન ના*
*હિમાયતી.. વાણી વિચાર ને વર્તન દ્વારા*
*લોકોના દિલોદિમાગમાં માન ભરિયું સ્થાન*
*ધરાવનાર લોક પ્રિય નેતા.... કાર્ય સમ્રાટ..*
*દરેક સફળ આયોજન ના યુગ દિવાકર...*
*સરળતાથી ભરેલા ગુણીજન...*
*સજ્જનતા અને શાલીનતા ના પૂજારી...*
*તંદુરસ્ત જીવન જીવો અને*
*ધર્મના માર્ગે આગળ વધી ને*
*સમાજ ને વધુ સુંદર માર્ગ દર્શન આપી ને*
*સદા સુખી રહો એવી મંગલ પ્રાર્થના કરીએ છીએ.*

**પંકજભાઈ વી. સંઘવી**
ટ્રસ્ટી-ઉપપ્રમુખ

**મહેન્દ્ર પી. વોરા**
ટ્રસ્ટી

**મનિષાબેન એમ. શાહ**
ટ્રસ્ટી-માનદ્ મંત્રી

**મયંકભાઈ જે. શાહ**
ટ્રસ્ટી

**કિરીટભાઈ વી. શેઠ**
ટ્રસ્ટી

# પાંચ મહાન સંકલ્પો

□ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ભગવાન મહાવીરે પ્રથમ ચાતુર્માસ કર્યો દુઈજ્જત તાપસના આશ્રમમાં. આ તાપસ ભગવાન મહાવીરના પિતા રાજા સિદ્ધાર્થના પરમ મિત્ર હતા. એ પછી પરિભ્રમણ કરતા ચોમાસુ બેસી ગયું. વરસાદના ચાર મહિના ગાળવા મહાવીર આશ્રમમાં આવીને રહ્યા.


આશ્રમના કુલપતિએ પ્રેમથી પર્ણકુટી બાંધી આપી. મહાવીર ત્યાં જ્ઞાન-ધ્યાનમાં રત બની ગયા.

વરસાદ પડવો શરૂ થયો હતો, પણ હજી તૃણ ઊગ્યાં નહોતાં. ભૂખી ગાયો ચારા માટે ઠેર ઠેર ભટકતી હતી. પર્ણકુટીઓ જોઈ એ ત્યાં આવી પહોંચી. તાજા ઘાસના પૂળાની એ બનાવેલી હતી. પણ જેવી ગાયો ત્યાં આવી કે તાપસો લાકડીઓ લઈ બહાર નીકળી પડ્યા. ગાયોને હાંકી કાઢી.

મહાવીર જે ઝૂંપડીમાં ધ્યાન કરવા બેસતા, એ ઝૂંપડીની એ જાર પણ દરકાર ન રાખતા. ગાયો આવીને ઘાસ ખાવા લાગતી. એમની આંખ સામે ગાયો ઘાસ ખાતી, ને મહાવીર 'હઈડ' એટલુંય ન બોલતા !

બાજુમાં રહેતા પરગજુ તાપસો આવે વખતે કંઈ પોતાનું સંભાળીને થોડા બેસી રહે ? તેઓ દોડીને ગાયોને હાંકી કાઢતા. આવું થોડા દિવસો ચાલ્યું. પણ પછી તો સંન્યાસીઓની ભાવના મોળી પડી. એક બે દિવસ હોય તો ઠીક, પણ આ માથાકૂટ હંમેશાંની થઈ ! મહાવીર તો એવી રીતે રહે છે, કે એમણે અને ઝૂંપડીને જાણે કંઈ સંબંધ નથી ! તાપસો કંટાળ્યા, ને કુલપતિને ફરિયાદ કરી.

કુલપતિને મહાવીર તરફ પક્ષપાત હતો. એણે મીઠાશથી મહાવીરને ઠપકો આપ્યો, સાથે સૂચના આપી. મહાવીર કંઈ ન બોલ્યા.



બીજે દિવસે એ તપ કરવા બેઠા, ને ગાયો આવી. પણ અહીં તો બોલે એ બીજા. તાપસો દોડ્યા, ને ગાયોને હાંકી કાઢી. સાથે સાથે કુલપતિને વિશેષ ફરિયાદ કરી.

કુલપતિએ આ વખતે જરા ચિડાઈને કહ્યું, ''કુમાર ! પંખી પણ પોતાનો માળો સાચવે, તો તમે તો માણસ છો. તમારી ઝૂંપડીની તમારે દરકાર રાખવી ઘટે.''

'કોની ઝૂપડી ?'

'તમારી.'

'મારી ? મારે વળી ઝૂંપડી જ ક્યાં છે ?'

'તમે ક્યાં રહો છો ?'

'હું અનગાર છું. મારે ઘર નથી. પછી રહેવાનું શું ?'

'અરે, આવી વાતો છોડી દો. તમે જે ઝૂંપડીમાં રહો છો, એની રક્ષા કરવી તમારી ફરજ છે.'

'અરે ! જે ઝૂંપડીમાં આ અમૂલખ આત્મા રહે છે, એની જ આળપંપાળ છોડી છે, તો વળી આ ઝૂંપડીની સારસંભાળ ક્યાં કરું ? કેવી રીતે કરું ?'

તાપસને મહાવીરના આ બોલમાં જનક વિદેહીના શબ્દોના પડઘા સંભળાયા. 'મિથિલા બળે એમાં મારું શું બળે ?'

કુલપતિ મૂંગા મૂંગા પાછા ફર્યા. પણ તાપસો હવે છૂટે મોંએ ટીકા કરવા લાગ્યાઃ 'અરે આવા અકૃતજ્ઞ, ઉદાસી ને આળસુ પાડોશીથી સર્યું !'

માહવીરને એ અપ્રીતિની તરત ભાળ પડી ગઈ. વર્ષાઋતુનો એક પક્ષ પસાર થયો હતો. માથે કાળાં વાદળ ગડગડાટ કરતાં હતાં. મહાવીરે ત્યાં ને ત્યાં પાંચ સંકલ્પ કર્યા.

(૧) અપ્રીતિ થાય તેવા સ્થળે ન રહેવું.
(૨) ધ્યાનને અનુકૂળ જ જગા શોધવી.
(૩) પ્રાયઃ મૌન રહેવું.
(૪) હાથમાં જ - કરપાત્રથી ખાવું.
(૫) ગૃહસ્થની ખુશામત ન કરવી.

આ પાંચ સંકલ્પ સાથે મહાવીર તરત ત્યાંથી નીકળી પડ્યા.

યોગી મહાવીર તીર્થંકર બન્યા તે આ પાંચ સંકલ્પના બળે. સાચા સાધુ અને ખરી સાધનાની અગ્નિપરીક્ષા જેવા આ સંકલ્પો ભગવાન મહાવીરના જીવનની દીવાદાંડી બની રહ્યા. સંકલ્પ માનવીના આત્માને પરમાત્માની સ્થિતિએ પહોંચાડવામાં સહાયક બને છે. સાચી સાધના સંકલ્પના બળ વિના ટકતી નથી.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ

*સંચાલિત*

# કચ્છની કોયલ ગીતાબેન રબારી ના ગીતસંગીતની રમઝટ સાથે
# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪

☐ શરદ એમ. ગાંધી

બપોરના ત્રણ વાગ્યાથી સભ્યોની પધારામણીની શરૂઆત થઈ ગઈ હતી. બહેનો ચણિયા ચોળી, ભાઈઓ પાયઝામા-કુરતા, બંડી પહેરીને દરેક સભ્યો જે રીતે સજી-ધજીને આવ્યા હતા જાણે લગ્નોત્સવ હોય એવો માહોલ સર્જાયો હતો. દરેક ભાઈ-બહેનોના મુખારવિંદ એક બીજાને મળવાનો હર્ષ, આનંદ અને ઉલ્લાસનો મહાસાગર છલકતો હતો.

બપોરના ચાર વાગે High Tea રાખવામાં આવેલ હતી. દરેક સભ્યોએ તેનો લાભ લીધો હતો. ગ્રાઉન્ડમાં ૫૦૦૦ ખુરશીની વ્યવસ્થા રાખવામાં આવેલ. ૩૨ સ્ટોલોની વ્યવસ્થા કરવામાં આવી હતી. લગભગ બધાજ સ્ટોલમાં જઈને પોતાની મન-ગમતી વસ્તુઓની ખરીદી કરી હતી તેમજ જાણકારી પણ મેળવી હતી. જેનો સર્વે લાભ લીધો હતો.

Mineral Water Bottle ની વ્યવસ્થા પણ ઘણી સુંદર રીતે હતી. જેનો સર્વેએ લાભ લીધો હતો.

સુંદર શણગારેલા રંગબેરંગી સુશોભિત કલરોથી સજ્જ લાઈટની અપૂર્વ વ્યવસ્થાથી સજ્જ અને લાલ જાજમ બિછાવેલ સ્ટેજની અપૂર્વ અને અવર્ણનીય વ્યવસ્થા જોઈને લોકો અચંબો પામી ગયા હતા અને મંત્રમુગ્ધ બની ગયા હતા.

બરોબર છ વાગે મહિલા મંડળ દ્વારા શ્રી નવકાર મહામંત્રનું પઠન કરવામાં આવ્યું હતું. મિલનોત્સવનો શુભારંભ થયો. સૌ પ્રથમ શ્રી પ્રવિણભાઈ શાહ તેમજ શ્રી પંકજભાઈ સંઘવી, શ્રીમતી શ્રુતીબેન શાહ તથા સભાના ટ્રસ્ટીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને મિલનોત્સવનો શુભારંભ કરવામાં આવેલ હતો.

સૌ પ્રથમ શ્રીમતી રૂપલબેન દોશી તેમજ શ્રીમતી હીનાબેન પારેખ (મુલુન્ડ) દ્વારા ઝાલાવાડી સભાના ટ્રસ્ટી તથા માનદ્‌મંત્રી શ્રીમતી મનીષાબેન મિનેશભાઈ શાહનો પરીચય આપ્યો હતો અને દરેક મહિલા મંડળના પ્રમુખો દ્વારા શ્રીમતી મનિષાબેન શાહને ફુલોના હાર પહેરાવી જાજરમાન સ્વાગત કરવામાં આવ્યું.

શ્રીમતી મનીષાબેનનું ઉદ્‌બોધન. ઝાલાવાડી મહિલા મંડળના ગોલ્ડ જ્યુબિલી વર્ષ નિમિત્તે સભાએ આ પોગ્રામ માટે મંજુરી આપી તે બદલ ટ્રસ્ટી-પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહનો ખુબ ખુબ આભાર. આજની યુવા પેઢી શું નથી કરી શકતી ? સભાની ઓફીસનું તમામ કામકાજ ડીજીટલ સ્વરૂપે કાર્યરત થયેલ છે. હજુ ઘણું કાર્ય કરવાનું બાકી છે જેમાં આપ સર્વેના સાથ સહકાર ની અપેક્ષા રાખવામાં આવે છે.

ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચારૂબેન પ્રવિણચંદ્ર શાહનું સન્માન બહેનો દ્વારા કરવામાં આવ્યું. શ્રીમતી ચારૂબેને મહીલા મંડળની બેનોનો ખુબ ખુબ આભાર માન્યો અને મહિલા મંડળ ઉત્તરોત્તર વધારે ને વધારે કાર્યશીલ અને સમાજોપયોગી કામો કરે તેવી શુભ ભાવના વ્યક્ત કરી હતી.

મિલનોત્સવ Core Committee ના મુખ્ય સ્તંભ રૂપ એવા સભાના ટ્રસ્ટી-ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ સંઘવીનું બહુમાન મહિલા મંડળની બહેનો દ્વારા શાલ તથા મોતીની માળા અર્પણ કરીને વાજતે-ગાજતે સ્ટેજ પર આવકાર આપ્યો હતો.

શ્રી પંકજભાઈ સંઘવીએ પોતાના ઉદ્‌બોધનમાં એટલું જ કહ્યું, આ મિલનોત્સવની સફળતામાં સભાના ૫૦૦૦ સભ્યોનો સાથ સહકાર મળેલ છે તે સર્વેનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ત્યારબાદ સ્ટેજ પરથી શ્રીમતી હીનાબેન પારેખે સભાના ટ્રસ્ટી-પ્રમુખ શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહને (જેઓ PG તરીકે ઓળખાય છે.) વાજતે-ગાજતે મંચ પર આમંત્રિત કર્યા, અનોખો ઉમંગ હતો. પદાધિકારીઓ અને કારોબારી સભ્યો નાચી ઉઠયા હતા.

શ્રી પ્રવિણભાઈ શાહના આર્શીવચન સભ્યોને સભાની પ્રવૃત્તિઓ અને સભાએ ૧૨૦ વર્ષમાં જે પ્રગતી કરી છે તેનો ટુંક પરીચય આપ્યો હતો. દાનવીર દાતાઓનો અને સર્વ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો. ૪૦ વર્ષ પહેલા નાલાસોપારાની વસાહત તથા ઉપાશ્રયની સ્થાપના થઈ. સભાનું શતાબ્દી વર્ષ, શ્રી સી.યુ.શાહ સાહેબનું બહુમાન, શ્રી સી.યુ.શાહ સાહેબને સમાજરત્નનું બિરૂદ આપવામાં આવ્યું. સભાની બહેનો દ્વારા આપવામાં આવેલ યોગદાન પણ અવિસ્મરણીય બની રહેશે.

શ્રીમતી ધીરજબેન વોરા દ્વારા એજ્યુકેશનમાં નવી ક્રાંતી લાવ્યા હતા તેવીજ રીતે આપણી સંસ્થાની માસિક પત્રિકાના તંત્રી તરીકે પચ્ચીસ વર્ષ સુધી સફળતા પૂર્વક સંચાલન કરનાર શ્રીમતી સંધ્યાબેન શાહનો વિશિષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

મહિલા મંડળની ગોલ્ડન જ્યુબીલી નિમિત્તે મિલન મહોત્સવનું ખુબજ સુંદર આયોજન કર્યુ. તે બદલ સર્વોને અભિનંદન આપ્યા હતા.

હવે પછી ૭મી એપ્રિલ, રવિવારે સભા દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી અતુલભાઈ શાહ, શ્રી અનિલભાઈ સંઘવી તથા શ્રી ચેતનભાઈ ગોસલિયા ખુબજ સારી મહેનત કરી રહ્યા છે.

આપણાં પાંચ સેનેટોરિયમ છે. હજી એક સેનેટોરિયમ દરીયાકાંઠે બનાવવાની ઈચ્છા છે, સ્વપ્ન સાકાર થઈ જશે. તેવી શુભ-ભાવના શ્રી પ્રવિણભાઈએ વ્યક્ત કરી હતી.

અંતમાં આ શુભ પ્રસંગને સફળ બનાવવા માટે કોર કમિટી તથા નામી અને અનામી સભ્યોનો હૃદયપૂર્વકનો આભાર શ્રીમતી મીરાંબેન શાહ દ્વારા માનવામાં આવેલ.

મિલનોત્સવ દરમ્યાન ૧૩ મહિલા મંડળો દ્વારા સજી-ધજીને આવેલ ભાઈ-બહેનો દ્વારા હરીફાઈની શરૂઆત શ્રીમતી મીરાંબેન શાહ દ્વારા કરવામાં આવી હતી. કચ્છની ધીગી ધરતીની કોયલ કંઠી શ્રીમતી ગીતાબેન રબારીએ ગરબાની રમઝટથી શરૂઆત કરી. સૌ પોતાની અલગ-અલગ ટીમો બનાવી રમી રહ્યા હતા. સાથો સાથે નિર્ણાયકો પણ ૧૩ ટીમોની ચકાસણી કરી રહ્યા હતા. પ્રથમ ત્રણ ટીમોને ઈનામ આપી નવાજવામાં આવી હતી. પ્રથમ-ભાયંદર, દ્વિતીય - મલાડ, તૃતીય- મુલુન્ડ ગ્રુપોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સભ્યોની ટાળીઓના ગડગડાટ વચ્ચે આ ત્રણે ગ્રુપોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

**ઝાલાવાડી સભા-ઝાલાવાડ જૈન રત્ન** માટે સભાના ટ્રસ્ટી-ઉપ-પ્રમુખ શ્રી પંકજભાઈ શાહ દ્વારા શાનદાર રજુઆત.

***પ્રવિણભાઈ, તમે સ્મિત કરો છો,***
***ત્યારે દિલને અવસર જેવું લાગે છે;***
***બે - ચાર પળમાં જીવતર જેવું લાગે છે....***

શ્રી પ્રવિણભાઈને ઝાલાવાડના પનોતા પુત્ર - કણ કણમાં જેમના હૃદયમાં ઝાલાવાડ વસેલું છે. તેવા શ્રી ગંભીરભાઈ ઉમેદચંદ શાહના પનોતા પુત્ર શ્રી પ્રવિણભાઈ શાહને **'ઝાલાવાડ જૈન રત્ન'**નું બીરૂદ આપી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રથમ તેમને બોરીવલીના લોકલાડિલા સાંસદ શ્રી ગોપાલભાઈ શેટ્ટી દ્વારા ઝાલાવાડી બંડી પહેરાવી અને શાલ અર્પણ કરી તેમને મોમેન્ટો રૂપે એક ફ્રેમ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌ ટ્રસ્ટી ગણ-પદાધિકારીઓ તથા મહિલા મંડળની બહેનો મંચ પર ઉપસ્થિત હતા સર્વે ભાઈ-બહેનોમાં શ્રી પ્રવિણભાઈ શાહને ઝાલાવાડ જૈન રત્ન અર્પણ થયો તેની ખુશી અપરંપાર હતી.

શ્રીમતી ગીતાબેન રબારી જેઓ કચ્છની કોયલના મધુરા નામથી ઓળખાય છે તેમનું બહુમાન સભાના ટ્રસ્ટી-ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ સંઘવી તેમજ મહિલા મંડળના બહેનો દ્વારા મોમેન્ટો આપી શ્રીમતી ગીતાબેનને નવાજવામાં આવ્યા હતાં.

દરેક દાતાશ્રીઓને કપલમાં સ્ટેજ પર બોલાવીને ખુબજ રૂડી રીતે સન્માન કરવામાં આવેલ. બહુમાન બાદ Lucky Draw ના વિજેતાઓને પણ ઈનામો આપવામાં આવ્યા હતાં.

શ્રીમતી ગીતાબેનના ઉદ્દ્ગારો શ્રી ઝાલાવાડી સભા ક્યારે પણ મને બોલાવશે ત્યારે હું ચોક્કસ આવીશ. તેવું તેમણે વચન આપ્યું હતું.

શ્રીમતી ગીતાબેન રબારીના રાસ ગરબાની રમઝટ ચાલુ હતી. ચૌવિહારની વ્યવસ્થા પણ રાખેલ હતી. સુમધુર સ્વાદિષ્ટ અને મનમોહક રસપુરીના જમણના - ૧૪ Counter રાખવામાં આવેલ હતા. જેથી જમવામાં કોઈને પણ તકલીફ પડી ન હતી. અને સર્વે સભ્યોએ આનંદપૂર્વક ભોજનનો રસાસ્વાદ માણ્યો હતો. ઝાલાવાડીની ભોજન સંસ્કૃતિની પરંપરા પ્રમાણે આઈસ્ક્રીમ વગર ભોજન અધુરુ ગણાય માટે સભ્યોએ આઈસ્ક્રીમની મહેફીલનો રસાસ્વાદ માણ્યો હતો.

રાત્રે ૧૦ વાગે પોગ્રામ પુરો થયો હતો. સૌ સભ્યોનો મુખેથી એકજ સુર હતો આવો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ દર દશ વર્ષે નહી પણ પાંચ વર્ષ તો ઝાલાવાડી બાંધવો માટે રાખવો જોઈએ. કહીને પાછા મળશું અલવિદા કહીને સૌ છુટા પડયા હતા.

### ઝાલાવાડી મિલનોત્સવ ૨૦૨૪ ના પ્રોગ્રામની ઝળહળતી સફળતાના સુકાનીઓ

| | | |
|---|---|---|
| **Pankajbhai Sanghvi** | **Anilbhai Sanghvi** | **Beenaben Sanghvi** |
| **Manishaben Shah** | **Mukeshbhai Shah Chashmawala** | **Ashokbhai Turkhia** |
| **Meeraben Shah** | **Niravbhai Doshi** | **Narendrabhai Gandhi** |
| **Atulbhai Shah** | **Hemantbhai Shah** | **Chetanbhai Gosalia** |

**& All Trustees, Office Bearers & Committee Members**

# મનની ગાંઠ છોડતાં જ ન આવડી

□ અવંતિકા ગુણવંત

સરીના ખાન પ્રશસ્તિની સાથે યુ.એસ. યુનિવર્સિટીમાં ભણતી હતી. એ જ્યારે મને મળે ત્યારે કહે, 'ઈન્ડિયાની વાત કરો.' એ ઈન્ડિયામાં એટલે કે આપણા ભારત દેશમાં જન્મી નથી, આપણા ભારતમાં ઉછરી નથી છતાંય ભારતનું કેમ આટલું બધું આકર્ષણ ? ભારત વિશે જાણવાનો કેમ આટલો બધો મોહ ?

સરીના ઈતિહાસ કે સભ્યતા કે સંસ્કૃતિની વિદ્યાર્થિની નથી. તો શું હું ભારતીય છું એટલે માત્ર જિજ્ઞાસાથી એ મને ભારત વિશે પૂછ્યા કરે છે ? મારા મનમા ગડમથલ ચાલ્યા કરે પણ એને હું પૂછું નહીં.

પરંતુ એક દિવસ એણે મને કહ્યું : 'તમે જાણો છો, મારા મૂળિયા ભારતમાં છે ! મારા ફાધર ઈન્ડિયન હતા. તેઓ ભારતના ઉત્તર પ્રદેશમાં જન્મેલા અને ઉછરેલા. આર્કિટેક્ટનો વિશેષ અભ્યાસ કરવા એ યુ.કે ગયા હતા. ત્યારે એમના માતાજી અવસાન પામેલાં પણ પિતાજી, એક મોટા ભાઈ, ત્રણ નાના ભાઈઓ અને બે બહેનો ભારતમાં હતા.

તેઓ યુ.કે. માં ભણતા હતા ત્યારે એમના પિતાજી અચાનક અવસાન પામ્યા. એમાં મોટાભાઈએ વિચાર્યું કે જો તેઓ મારા ફાધરને એમના પિતાજીના મૃત્યુના સમાચાર મોકલશે તો એ તરત ભારત દોડી આવશે અને એમનો વિદ્યાભ્યાસ ખોરવાઈ જશે. માટે એમણે સમાચાર મોકલ્યા નહીં, પણ ફાધરને બીજા કોઈના મારફત ખબર મળી. તરત એમણે સમાચારની ખાતરી કરવા ભારત મોટા કાકાનો સંપર્ક કર્યો અને મોટા કાકાને પૂછયું, 'મને કેમ સમાચાર પહોંચાડયા નહીં ? મારા જ બાપના મૃત્યુના સમાચાર મારે બીજાને મોંએ સાંભળવાના ? શું હું એ બાપનો દીકરો નથી ? તમે કેમ મને પારકો ગણ્યો ?'



ફાધર છૂટા મોંએ રડતા જાય અને આક્રોશ ઠાલવતા જાય. શોક અને ક્રોધના આવેગમાં તેઓએ મોટાકાકાનું કહેવું સાંભળ્યું નહીં, સ્વીકાર્યું નહીં અને ગુસ્સાથી બોલી ઊઠ્યા 'હવે હું કદી ભારત આવીશ નહીં, મારા બાપ અને મારી વચ્ચે વિજોગ પડાવનારનું મોં જોઈશ નહીં.'

મારા ફાધરનો સ્વભાવ જિદ્દી, તીવ્ર દુ:ખ અને શોકના સમયમાં બોલાયેલા પોતાના શબ્દોને એક સંકલ્પની જેમ દઢતાથી વળગી રહ્યા. મોટા કાકા અને સમગ્ર કુટુંબ સાથેનો સંબંધ સાવ કાપી નાખ્યો.

ભણવાનું પૂરું થયું પછી તેઓ યુ.કે. થી અમેરિકા આવ્યા. અહીં મારી મધરનાં પરિચયમાં આવ્યા. એમની સાથે લગ્ન કર્યા અને અહીં જ કાયમ માટે વસ્યા. પોતાના લગ્નના સમાચાર પણ કુટુંબને મોકલ્યા નહીં.

પણ કુટુંબને તેઓ ભૂલી શક્યા ન હતા. અવકાશના સમયમાં જૂના ફોટોઆલ્બમ જુએ અને મારી માને દરેકેદરેક કુટુંબીને ફોટામાં ઓળખાવે. એમના માબાપ અને ભાઈબહેનો વિશે એકની એક વાત કેટલીય વાર કરે.

મારી મધર કહે 'ચાલો આપણે એકવાર ભારત જઈએ' તો ફાધર તરત કહે ત્યાં મારું કોણ છે ? કોઈ નથી. મધર કહે 'ભાઈઓ છે, બહેનો છે, ઘર છે.' તો કહે, ના તેઓ મારાં કંઈ નથી. ફાધરે એમના ઘરનો સ્કેચ કેટલીયે વાર દોર્યો હશે, ઘર, આંગણું, આંગણાના વૃક્ષો, કૂવો એ કશુંય ભૂલ્યા ન હતા. ગામના રસ્તાઓ દોરતા, બે બાજુ ઊભેલાં ઘરો દોરતાં, ગાયભેંસ, બકરીઓ, ખેતર દોરતા. ગામવાળાઓને દોરતા, એમનું નામ લખતા. આમ એમના હૈયામાં એમનું ગામ અને ઘર જીવતાં હતાં.

મારો જન્મ થયો તો સોફિયા, જેઈન કે લ્યૂસી જેવું અમેરિકન નામ નહિં પણ સરીના-એમના સમાજમાં ભળે તેવું નામ પાડયું. તેઓ કહે, સરીના મારી બહેન ઝુબેદા જેવું હસે છે. આ સાંભળીને મધર કહે, ચાલોને એકવાર ઈન્ડિયા જઈએ. ઘરના બધાં સરીનાને જોઈને ખુશ થશે તો તરત જોરથી ચીસ પાડી ઉઠે ના, ના, ના.

આજે મને સમજાય છે કે ફાધર એમા મનમાં પડેલી ગાંઠ છોડી શક્યા જ નહીં. એમના જીદ અને અહમે એમને જરાય નરમ પડવા દીધા નહીં. ઈન્ડિયા, ઈન્ડિયા કરતા રહ્યા અને એમના પિતાજીની જેમ અચાનક મૃત્યુ પામ્યા. વૃદ્ધત્વને પહોંચ્યાં પહેલાં આ દુનિયામાંથી તેમણે વિદાય લીધી. મારી મધરે બીજા લગ્ન ના કર્યા. બીજા પુરુષનો એના જીવનમાં પ્રવેશ ન થયો.

જ્યારે હું ડેટિંગ પર જવા માંડી ત્યારે

મા કહે, તને ગમે એ છોકરા સાથે ફરજે, પણ પરણજે તો ઈન્ડિયન છોકરા સાથે. હું કહેતી પણ મને બીજા કોઈ જાતિ કે વંશનો છોકરો ચડિયાતો લાગે તો !

ત્યારે મા કહેતી, જીવનસાથી તરીકે તો ઈન્ડિયન છોકરો જ પસંદ કરાય. તેઓ લાગણીના સાચા અને વફાદાર હોય છે. મારા સંપર્કમાં આવ્યા પછી તારા ફાધરે બીજી કોઈ સ્ત્રીને એમની નજીક આવવા દીધી ન હતી. મને એમનો સંપૂર્ણ પ્રેમ મળ્યો હતો. તેથી તો ભલે તેઓ હયાત નથી, પણ મારા માટે તો જીવતા છે, હરપળે એ મારી બાજુમાં જ છે.'

સરીનાની વાત સાંભળ્યા પછી એની સાથેની મારી આત્મિયતા વધી ગઈ. પ્રકાશ રેડ્ડી સાથે લગ્નનું જ્યારે એણે નક્કી કર્યું ત્યારે એની મધર બહુ ખુશ થયેલાં. પ્રકાશ અમેરિકા વિશેષ અભ્યાસ માટે આવેલો. એનું કુટુંબ ભારતમાં વસેલું. લગ્ન પછી સરીના ભારત આવી ત્યારે એણે એના ફાધરના કુટુંબ વિશે તપાસ કરાવી હતી. અને ત્યાં સંદેશો મોકલ્યો હતો કે તમારી દીકરી આવી રહી છે. એના કુટુંબીજનોએ ઢોલનગારા સાથે એનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. એનો કરિયાવર કર્યો હતો. કિંમતની દૃષ્ટિએ જોઈએ તો સરીનાની મધરે કુટુંબના દરેક જણને યાદ કરી કરીને ભેટ મોકલી હતી. સરીના દરેકને ભેટીને ખૂબ રડી હતી. એ કહે છે 'એ હર્ષાશ્રુ હતા કે ધન્યતાનાં કે પ્રેમના કે ફાધર માટેનાં દુ:ખના - કંઈ સમજાતું નથી - કદાચ બધું હતું એ આંસુમાં. ખાસ તો મારા ફાધર માટે. એ કેટલું તડપ્યા હતા આખી જિંદગી, પણ કમનસીબે ગાંઠ છૂટી નહીં. હૈયા પર ભાર લઈને જીવ્યા અને મર્યા પણ ભાર લઈને.'

લગ્નના બીજા વરસે સરીનાએ દીકરીને જન્મ આપ્યો. નામ પાડ્યું એનું કાત્યાયિની. એ મને કહે હવે મને બીજી દીકરી આવશે તો એનું નામ લક્ષ્મી પાડીશ અને જો દીકરો આવશે તો વિષ્ણુ નામ પાડીશ.

મેં કહ્યું 'તારા ફાધરના સમાજમાં ભળે એવું નામ નહીં પાડે ?' તો એ કહે : 'મારામાં ભારતીય સંસ્કાર છે, ભારતીય રિવાજ પ્રમાણે પતિના સમાજમાં ભળે એવું નામ પાડવાનું હોય. મારો વર પ્રકાશ હિંદુ છે. માટે મારાં સંતાનના નામ હિંદુ હોય.'

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**


**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| લોનાવલા : મિલનભાઈ 9860125136 પંચગીની : નિરવભાઈ 9819012468 | સંસ્થાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયા સંપર્ક 9867748120 | પત્રિકા જાહેરખબર દેવલાલી : આશાબેન 9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ 9099350644 / 9426756100 મુંબઈ – મિલનભાઈ તુરખિયા 9860125136 / 7208472884 |
|---|---|---|---|

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# જીવથી એને વધુ ચાહીશ હું, લાવશે તારા મિલનની જે ખબર



☐ ડૉ શરદ ઠાકર

પ્રવાલ બહુ 'અપસેટ' હતો. નાનકડો રાહુલ બાજુમાં રમી રહ્યો હતો અને પંક્તિ પિયર જવા માટે બૅગમાં સામાન ગોઠવી રહી હતી. પ્રવાલને લાગ્યું કે જાણે આખું ઘર બૅગમાં સમેટાઈને બહારગામ જઈ રહ્યું છે. પંક્તિએ એનાં વસ્ત્રો ગોઠવી દીધાં, પછી એ રાહુલનાં કપડાં તરફ વળી.

પ્રવાલથી હવે ન રહેવાયું : 'પંક્તિ, રોકાઈ જા ને! મને તારા વિના નહીં ગમે. ઘર કબ્રસ્તાન જેવું લાગશે.'

પંક્તિએ રાહુલનું રમકડું સૂટકેશમાં ખૂણામાં ગોઠવતાં પૂછ્યું : 'આપણાં લગ્નને પાંચ જ વરસ થયાં. એની પહેલાં ઘર કબ્રસ્તાન નહોતું?'

'ત્યારે ક્યાં ખબર હતી કે બગીચો કોને કહેવાય? તું આવી અને આ મકાન ઘર બન્યું. સમય સંસાર બન્યો. પછી રાહુલનો જન્મ થયો અને ક્ષણોનાં ચરણોમાં ઝાંઝર પડ્યાં. છેલ્લાં પાંચ વરસથી દિલને તારી આદત પડી ગઈ છે. હવે તું જશે તો... બીજું તો શું કહું? પણ હું જીવી નહીં શકું.'

પંક્તિ ઢીલી પડી ગઈ : 'આવું અશુભ શું કામ બોલતા હશો? બીજા પુરુષો તો પત્ની બહારગામ જાય એની રાહ જોઈને બેઠા હોય છે અને એક તમે છો! મારવાની ને કબ્રસ્તાનની વાતે ચડી ગયા છો!'

'પણ તારા વગર એક મહિનો મારે કાઢવો કેમ કરીને?'

'સારું, ભઈસાબ! તમે રાજી રહો. હું મહિનાને બદલે પંદર જ દિવસમાં પાછી આવતી રહીશ. બસ?' પંક્તિએ બૅગ બંધ કરીને તાળું માર્યું. પછી રાહુલને ઊંચકીને બેડરૂમ તરફ ચાલી : 'હવે તમે પણ ઊઠો. આમ બેસણામાં ગયા હો એવું મોં કરીને ક્યાં સુધી બેસી રહેશો? ચાલો, પથારીભેગાં થઈએ. વહેલી સવારની ટ્રેન પકડવાની છે.'

નાછૂટકે પ્રવાલ પણ ઊઠ્યો. પથારીમાં પડ્યો, પરંતુ ક્યાંય લગી ઊંઘ ન આવી. ભૌતિક ક્રિયાઓ પ્રયત્નપૂર્વક થઈ શકે, પણ માનસિક ક્રિયાઓ ઉપર થોડું કોઈનું શાસન ચાલે છે? અને આમ જોવા જાવ તો પંક્તિનો પણ કોઈ વાંક ન હતો. પાંચ વરસના લગ્નજીવન પછી પત્ની એક વાર તો પિયર જાય કે ન જાય? પ્રવાલે રાહુલના જન્મ વખતે પણ એને અમદાવાદ જવા ન હતી દીધી. સુવાવડ માટે પંક્તિની મમ્મીને જ મુંબઈ બોલાવી દીધેલાં. હવે તો અડોશીપડોશી પણ પ્રવાલની ટીકા કરતા થઈ ગયાં હતાં.

છેવટે પંક્તિ મક્કમ બની અને પ્રવાલ ઢીલો પડ્યો. ટ્રેનનું રિઝર્વેશન પણ થઈ ગયું. સામાન પેક કરીને પંક્તિ અને રાહુલ ઊંઘી ગયાં. પ્રવાલ પડખાં ઘસતો રહ્યો અને હૃદયની શૂન્યતાને ગરમ ગરમ નિસાસાથી ભરતો રહ્યો.

બીજા દિવસની સવાર પડી. પંક્તિ અને રાહુલને લઈને ટ્રેન અમદાવાદ જવા ઊપડી ગઈ. ખાલી થઈ ગયેલા પ્લૅટફૉર્મ ઉપર એવો જ ખાલી થઈ ગયેલો પ્રવાલ ઊભો રહ્યો. ક્યાંય સુધી એમ જ ઊભા રહ્યા પછી ભાંગેલા પગે એ ઘર તરફ વળ્યો.

પંક્તિને આવેલી જોઈને એનાં મમ્મી-પપ્પા રાજી થઈ ગયાં. એમની આખી પોળ ગાંડીતૂર બની ગઈ. પડોશણો આવી પંક્તિને મળી ગઈ અને રાહુલને રમાડી ગઈ. ચાર દિવસ તો ચાંદરણાની જેમ પસાર થઈ ગયા.

પાંચમા દિવસની સવારે પ્રવાલનો પત્ર આવ્યો. સવારે અગિયાર વાગ્યે પોસ્ટમેન ટપાલ આપી ગયો. પંક્તિએ સરનામાના અક્ષરો ઓળખ્યા. હસતી આંખે પત્ર ફોડ્યો. લખાણ વાંચવાનું શરૂ કર્યું.

'પ્રિય પંક્તિ, તું ગઈ ત્યારથી ઘર પાછું મકાન બની ગયું છે. છાતીમાં નીરવતાનો વંશવેલો પાંગરી રહ્યો છે. ખુલ્લી બારીની બહાર સામેના વૃક્ષ ઉપરથી સમયનું પંખી ગીધ બનીને મારી સામે તાકી રહ્યું છે. ચાદર, પડદા, વાસણો, વસ્ત્રો, ઘરની તમામ ચીજો ઉપર પડેલા તારા સ્પર્શની છાપ બનીને મારું કાળજું વીંધી રહી છે. રાહુલના કલબલાટની સંગત કરતો બપોરી હોલો પણ હવે ખામોશ છે. તારા ગયા પછી બે દિવસ તો માંડ પસાર થયા. આજે તને પત્ર લખવા બેઠો છું. સ્પીડ પોસ્ટમાં તને કાલે જ મળી જવો જોઈએ.

આ કાગળ લખવાનું કારણ પણ જણાવી દઉં ? પંક્તિ, તારા વગર પળ પણ નથી જતી, પખવાડિયું કેવી રીતે જાય ? એટલે જ હું તને લેવા માટે આવું છું. ચિંતા ન કરીશ. આજે ને આજે નખી નીકળતો. રવિવારની ગાડીમાં આવું છું. અમદાવાદ રાત્રે નવ-સાડા નવે પહોંચીશ. ત્યાં સુધીમાં તારા ગયાને સાત-આઠ દિવસ થઈ ગયા હશે. બે-ત્રણ દિવસ હું પણ ત્યાં રોકાઈ જઈશ. પંક્તિ વિનાના મુંબઈ કરતાં પંક્તિ સાથેનું અમદાવાદ સો ગણું સારું. મારી રાહ જોજે. રાહુલને વહાલ...'

લખાણ વાંચીને પંક્તિ હસી પડી. માએ પૂછ્યું પણ ખરું : 'બેટા, જમાઈનો કાગળ લાગે છે. શું લખે છે ?'

'બીજું શું લખે ? મને લેવા માટે આવે છે. રવિવારની ગાડીમાં.' પંક્તિના હોઠોમાંથી સરેલો ઉત્તર પવનની જેમ આખી પોળમાં પ્રસરી ગયો. બૈરાંઓ આવી આવીને શૃંગારિક મશ્કરી કરી ગયાં. સામેના ઘરમાં રહેતાં દમુકાકીએ તો બધાં સાંભળે એમ છડેચોક પૂછી નાખ્યું : 'મૂઓ જમાઈડો ! અહીં પિયરમાંય પંક્તિનો છાલ નથી છોડતો, તો મુંબઈમાં તો કોણ જાણે બાપડીનું શુંયે કરતો હશે ! અલી, પંકુડી ! તારો વર ખાવાનું ખાય છે કે પછી તારાથી જ પેટ ભરે છે ?' શરમની મારી પંક્તિ કોકડું વળી ગઈ.

અને રવિવારે જાણે ધરતીકંપનો ભયંકર આંચકો આવ્યો. જે દિવસે પ્રવાલ આવવાનો હતો એ દિવસે સાંજે છ વાગ્યે ટી.વી. ઉપર સમાચાર આવ્યા : 'મુંબઈથી અમદાવાદ તરફ આવી રહેલા કર્ણાવતી એક્સપ્રેસને ગંભીર અકસ્માત થયો છે. ગમખ્વાર દુર્ઘટનામાં સાડત્રીસ પ્રવાસીઓનાં મોત થયાં છે અને એકસો ચાલીસ જણા ઘાયલ થયાના સમાચાર છે. મૃત્યુઆંક હજુ પણ વધે તેવી વકી છે. રેલવે પ્રધાને જણાવ્યું છે કે આ દુર્ઘટના પાછળ આતંકવાદી સંગઠનનો હાથ હોવાની શંકા છે.'

પંક્તિ ખળભળી ઊઠી. વગર સમજમે રાહુલ રડી ઊઠ્યો. આખી પોળ ભેગી થઈ ગઈ. પંક્તિના પપ્પાના ઘરે ફોન હતો નહીં, એટલે તાત્કાલિક દમુકાકીના બચુને દોડાવ્યો. નજીકના એસ.ટી.ડી. બૂથમાં જઈને મુંબઈ ફોન લગાડ્યો. પ્રવાલના ઘરમાં ટેલિફોન ઘંટડી વાગતી રહી.

હવે ચિંતાની ટેકરી વધીને પહાડ બની ગઈ.

પંક્તિએ ફરીથી ટેલિવિઝન સેટ ચાલુ કર્યો. સમાચારની નીચે નાની પટ્ટીમાં મૃતકોની યાદી આવી રહી હતી. આખો ઓરડો અધ્ધર શ્વાસે ત્રાટક નજરે ટી.વી સામે જોઈ રહ્યો. ત્યાં જ મૃતકોના નામોમાં પ્રવાલ મજીઠિયા વાંચવા મળ્યું અને એક કારમી ચીસ પાડીને પંક્તિ બેભાન થઈ ગઈ.

થોડી વારે એ હોશમાં આવી. ફરી પાછા ફોનનાં ચકરડાં ઘૂમવા માંડ્યાં. પ્રવાલના બાજુના ફ્લૅટવાળાનો નંબર લાગી ગયો. એણે માહિતી આપી : 'પ્રવાલભાઈના મૃત્યુના સમાચાર અમે પણ જાણ્યા. બહુ દુ:ખ થયું. આજે સવારે જ અમે પ્રવાલને મળેલા. એ દોડાદોડીમાં હતા. પંક્તિભાભીને લેવા આવવાની વાત કરતા હતા ત્યાં અત્યારે આ સમાચાર સાંભળ્યાં.'

ઘરમાં રાડારોળ મચી ગઈ. પંક્તિ ફરીથી ઢળી પડવાની તૈયારીમાં હતી ત્યાં પોળમાંથી અવાજ સંભળાયો. ચોકઠામાં રમતો છોકરો બૂમ પાડી રહ્યો હતો : 'પ્રવાલકુમાર આવ્યા... પ્રવાલકુમાર આવ્યા...'

સાંભળીને જાણે હવા ફરી એક વાર જીવતી થઈ ઊઠી. સમાચારની છડીની પાછળ જ પ્રવાલ ડોકાયો. ઘરમાં હાજર હતાં એ સૌએ છત ફાડી નાખે એવો પ્રચંડ હર્ષઘોષ કર્યો. પંક્તિ ઢળતાં ઢળતાં અટકી ગઈ. જાણે ગબડી રહેલો ગિરનાર રાણકદેવીનો દોહો સાંભળીને ટકી ગયો.

'તમે ? તમે તો...' પંક્તિના પપ્પા સવાલ પૂરો કરવાની સ્થિતિમાં ન હતા.

'હા, કેમ ? હું ન હોઈ શકું ? તમે સૌએ મને મરેલો ધારી લીધો હતો કે શું ?' પ્રવાલ હસી રહ્યો હતો.

'પણ ટી.વી.માં તો...'

'ટી.વી.ના સમાચાર સાચા છે અને ખોટા પણ ! હું ટ્રેનમાં જ નીકળવાનો હતો, પણ સવાર-સવારના મારા બૉસનો ફોન આવ્યો. ઑફિસના કામ માટે મારે રોકાઈ જવું જરૂરી હતું. કામ પૂરું કરીને હું છ વાગ્યાની ફ્લાઈટમાં બેસી ગયો. અત્યારે તમારી આંખો સામે ઊભો છું.'

'તો પછી ટ્રેનમાં... ?'

'એ મહેશ હતો. મારો મિત્ર. એને અચાનક અમદાવાદ આવવાનું થયું. છેલ્લી ઘડીએ રિઝર્વેશન ક્યાંથી મળે ? મેં મારી ટિકિટ એને આપી દીધી. માનો કે મારું મોત એને આપી દીધું, પણ પંક્તિને શું થયું ? સાવ આવી કેમ... ?'

પંક્તિ રડતાં રડતાં બોલી : 'તમને શી ખબર પડે ? તમારા વગર જિંદગી કેવી બની જાય ?'

પ્રવાલે ચાબખો ફટકાર્યો : 'એ વાત મર્યા પછી જ સમજાય ? મળ્યા પછી ન સમજી શકાય ? એક પાત્ર ચાલ્યું જાય એની પાછળ ઝૂરવા કરતાં એ જીવતું હોય ત્યારે ક્ષણેક્ષણનો સંગાથ માણતાં શીખોને ? શું બોલો છો, દમુકાકી ?'

દમુકાકી એ વખતે તો કંઈ ન બોલ્યાં, પણ બીજા દિવસે બધાં સાંભળે એમ બરાડ્યાં : 'કહેવું પડે. જમાઈડો જીત્યો અને જમ હાર્યો.'

❖❖❖



# હું અને તું બસ પછી પુછવાનું શું ?

પાયલ શાહ

**આ**જે કૉલેજમાં ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ હતો. દરેકના મનમાં અલગ થવાનું દુઃખ હતું, કંઈક નવું કરવાના કોડ હતા. આમ, તો તદ્દન અલગ અને નવું કરવામાં ખૂબ જાણીતી હતી અનન્યા. અનન્યા સાચેજ અનન્ય હતી. ભણવામાં આગળ, તોફાનો કરવામાં આગળ અને મુંબઈમાં કોઈપણ 'ફેશન' આવતી, અનન્યા બધીજ 'ફેશન' કરવામાં આગળ પડતી. કોઈપણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીની અનન્યાને જોઈને પછી એ ફેશન અપનાવતા. આ અનન્યા વિદાય સમારંભમાં એક 'આઈટમ' રજૂ કરવાની હતી. દરેકના મનમાં અલગ અલગ અટકળ હતી. કોઈક બૂમો મારતું હતું અનન્યા ગિટાર લઈને ચુરા લિયા તુમને... રજૂ કરશે તો કોઈક કહેતું નારે એ તો બ્રિટની સ્પિઅરનું કોઈક સોંગ 'થ્રો' કરશે.

ત્યાં ડ કોઈક વિદ્યાર્થીની મંચ પર હાજર થઈ એકદમ પરંપરાગત નવવધૂના પોશાકમાં ઘૂંઘટો રાખીને અને વરરાજા પણ હાજર થઈ ગયા.... બધાના મોં ખુલ્લાં રહી ગયાં. આ શું ? આદિ વરરાજા બન્યો છે કેમ ? આ આદિત્ય પણ માથા ફરેલ. કૉલેજનો બાસ્કેટ બોલ ટીમનો કેપ્ટન, જે ધારી રાખ્યું એ જ કરવું એ એનો સિદ્ધાંત. આખી કૉલેજમાં આદિત્યના નામની ધાક પડતી. અનન્યા અને આદિત્યની વારંવાર એકબીજા સાથે જીભાજોડી થઈ જતી, જાણે એકબીજા સાથે છત્રીસનો આંકડો જ જોઈ લ્યો.... આવા માથા ફરેલ આદિ એ નવવધૂનો ઘૂંઘટ ખૂબ નજાકતથી ખોલ્યો અને બધાએ તાળીઓના ગડગડાટ અને સીટીઓ સાથે એમને વધાવી લીધા, કેમ ન વધાવે આ તો અનન્યા હતી ! જેણે કૉલેજના પાંચ વર્ષ દરમ્યાન 'સારી ડે' પર પણ સાડી નહોતી પહેરી એ આજે નવવધૂ બની હતી અને સાથે આદિ.... કોઈક સાવ અલગ 'કોમ્બિનેશન'.... અને ત્યાંજ તેઓએ ''પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા'' કાવ્યનું પઠન શરૂ કર્યું.

બધા સ્તબ્ધ થઈ ગયા. તદ્દન અણધાર્યા પોશાકમાં સાવજ અલગ રીતે અનન્યા અને આદિત્યે આખો કાર્યક્રમ રજુ કર્યો અને બધાને કાર્યક્રમ ગમી પણ ગયો. આ યાદોને તો જિંદગીભર સંઘરીને રાખવાની હતી. બધા જ અઢળક યાદોને પોતાના હૈયામાં સુગંધની જેમ ઊંડે ઉતારીને છૂટાં પડ્યાં. જેથી ક્યારેય તેમને યાદોની સુગંધની ખોટ ન પડે. બસ, અનન્યા દુઃખી હતી; કદાચ આદિત્ય પણ. અહીંથી ક્યાં જવું ? આ સવાલ બન્નેને સતાવતો હતો. અનન્યાની સાવકી મમ્મી એના પપ્પાને અમેરિકા ખેંચી ગઈ હતી જ્યારે આદિત્ય બરોડાનો હતો પણ એના મા-બાપ અવસાન પામ્યાં હતાં, કાકા-કાકીનો લાડકો હતો એટલે મુંબઈની મોંઘાદાટ કૉલેજમાં ભણવા મૂક્યો હતો પણ આદિત્યને બરોડા નહોતું જવું જ્યારે અનન્યાને અમેરિકા જવું હતું પણ મોમ-ડેડ સાથે રહેવાની તૈયારી નહોતી. આમ પણ અનન્યાને સાથે રાખવાની એના 'ડેડ'ની પણ મરજી ન હતી.

આદિત્યને આગળ ભણવું હતું પણ એને એકધારી જિંદગીથી કંટાળો પણ જલદી આવતો, એને ગમતી આઝાદી... કાંઈક નવું. થ્રીલ... ત્યાંજ એને એનો બેંગલોરમાં રહેતો મિત્ર યાદ આવ્યો. જે બેંગલોરમાં એના મોટાભાઈ સાથે રહેતો હતો. જો અભિનવ મદદ કરે તો પોતે ત્યાં રહી શકે એ વિચારમાં એણે અભિને ઈ-મેઈલ કરી દીધો પણ ત્યારે એને ક્યાં ખબર હતી કે હવે એની જિંદગી કાંઈક નવો વળાંક જ લઈ લેવાની છે !

આદિત્યના આશ્ચર્ય સાથે અભિનવે એને વહેલી તકે બેંગલોર આવવા માટે આગ્રહ કર્યો. આદિત્ય ત્યાં પહોંચી ગયો. અભિનવ કોમ્પ્યુટર એંજિનિયર હતો. અભિનો ભાઈ સિદ્ધાર્થ પ્લાસ્ટિક સર્જન હતો અને સાથે સાથે રિસર્ચ પણ કરતો હતો. બી.કોમ. ભણેલા આદિત્યને નોકરી મળવી થોડી મુશ્કેલ તો હતી પણ પેટ્રોલપંપમાં કામચલાઉ નોકરી મળી ગઈ. હવે આદિને ભણવું હતું. સિદ્ધાર્થ અને અભિ શક્ય એટલી બધી જ મદદ કરવા તૈયાર હતા પણ, MBA ની કોચિંગ ફી ભરવા જેટલા પૈસાની વ્યવસ્થા કરતાં કરતાં વાર લાગવાની હતી. તો પણ, આદિત્યની જિંદગી ધીરે ધીરે પાટે ચડતી હતી.

શનિવારની રાત આદિ, અભિ અને સિદ્ધાર્થ માટે ડાન્સ, ડ્રિંક્સ એન્ડ ડ્રીમ્સ પણ

આ શનિવારની રાત થોડી અલગ હતી. ત્રણે જણા ઘરમાં જ હતા. ડ્રિંક્સની મહેફિલ તો જમાવી જ દીધી હતી અને વાતો પણ જમાવટ ભરી ચાલુ થઈ ગઈ હતી. આદિએ એમ જ વાત શરૂ કરી કે નાનપણથી એની માને દીકરીની હોંશ હતી એટલે આદિને ચણિયાચોળી પણ પહેરાવતાં ને ક્યારેક ફ્રોક પણ પહેરાવી દેતાં. સરસ મજાનાં ઝાંઝરા અને બંગડી પણ પહેરાવતાં અને પછી તો આદિને પણ આ બધું ગમવા માંડ્યું હતું. પાંચમાં ધોરણ સુધી એનો આ શોખ ગયો નહોતો. આમ પણ કાકી હંમેશાં કહેતાં કે આદિની આંખો, એની નમણાશ એટલી સરસ છે કે થોડો 'મેકઅપ' કરે તો ખરેખર છોકરી જેવો જ લાગે. આ બધી વાત સાંભળી અભિ અને સિદ્ધાર્થ ખડખડાટ હસી પડ્યાં.

સિદ્ધાર્થે પણ પોતાની વાત શરૂ તે એક કાબેલ ડૉક્ટર હોવાની સાથે સાથે રિસર્ચ પણ કરતો હતો. એને નામના મેળવવી હતી પણ સાવ અલગજ ક્ષેત્રમાં 'સેક્સ ચેન્જ ઑપરેશન'ના ક્ષેત્રમાં! તેને કોઈ એવી વ્યક્તિની જરૂર હતી જે આ ઑપરેશન માટે તૈયાર થાય પોતાની મરજીથી. ત્યાં આદિએ ધડાકો કર્યો કે ''હું તૈયાર છું આ ઑપરેશન માટે, કોઈ કારણ નથી પણ 'થ્રીલ' અને કાંઈક નવી રીતે જિંદગી જીવવાનો 'રોલર કોસ્ટર' અનુભવ...'' સિદ્ધાર્થ અને અભિ સડક થઈ ગયા. સિદ્ધાર્થે સૌથી પહેલો પ્રશન એને કર્યો 'તને ખબર છે? આ ઑપરેશન થોડા કલાકો કે થોડા દિવસો પૂરતું નથી પણ આખી જિંદગી આ રીતે જ રહેવું પડશે...'' મને કાંઈ વાંધો નથી.'' આદિએ સાવ ઉડાઉ જવાબ આપ્યો.

સિદ્ધાર્થ માટે આ એકદમ અલગ વાત હતી. એના ભાઈનો ખાસ દોસ્ત આ ઑપરેશન માટે તૈયાર છે અને સિદ્ધાર્થને લાગ્યું કે આદિને 'ચડી' ગઈ લાગે છે સવારના પાછો લાઈન પર આવી જશે પણ સવારના આદિએ પાછું પૂછ્યું, ''સિદ્ધાર્થ, આપણે કાલે રાતે વાત કરી'તી એનું શું થયું પછી?'' હવે સિદ્ધાર્થને લાગ્યું કે આદિ માનસિક રીતે તૈયાર હતો પણ જ્યારે સાચે ઑપરેશન થઈ જશે પછી... સ્ત્રીનું શરીર, તદ્દન અલગ દુનિયા થઈ જશે આદિની. પણ અભિ અને સિદ્ધાર્થની એક પણ વાત ન માનીને આદિએ પોતાની જિંદગી બદલવા માટે આગ્રહ ચાલુ રાખ્યો

સિદ્ધાર્થ આદિને પોતાની ક્લિનિકમાં લઈ ગયો. 'બ્લડ ટેસ્ટ, યુરિન ટેસ્ટ, બોન ડેન્સિમેટ્રી ટેસ્ટ' અને એવા કેટલાં ટેસ્ટ કર્યા. હવે સૌથી વધારે અગત્યનું હતું.... ચહેરો. જે આદિની જિંદગીમાં મહત્ત્વનો ભાગ ભજવશે. આદિ આમ પણ ગોરો, ૫'-૭'' ઊંચાઈ, પતલો હતો અને દેખાવડો તો હતો જ પણ હવે એક છોકરી તરીકે ચહેરો શોભે એવો... એવા ચહેરા સાથે એણે જીવવાનું હતું... તદ્દન અલગ નામ સાથે....

ઑપરેશનનો દિવસ નક્કી થઈ ગયો હતો. જરૂરી ટેસ્ટ થઈ ગયાં હતાં. માત્ર એક જ ઑપરેશનથી સેક્સ ચેન્જ થઈ જાય એવું નહોતું પણ આ બધી વાતોથી આદિ એકદમ પર હતો. બસ એને તો ઈંતેજાર હતો એક નવી દુનિયાનો. ઑપરેશન પહેલાં 'કાઉન્સેલિંગ માટે આદિએ સાયકોલોજીસ્ટ ડૉ. અનિરુદ્ધ ભટ્ટાચાર્ય પાસે જવાનું હતું. જે ઑપરેશન પહેલાં, ઑપરેશન વખતે અને ઑપરેશન પછી જે પણ પ્રક્રિયામાંથી પસાર થવું કદાચ આદિનો વિચાર બદલાય અને ન બદલાય તો પણ ઑપરેશનના ફાયદા, ગેરફાયદા બધું જ સમજાવવાના હતા.

ડૉ. અનિરુદ્ધ આદિત્યને સમજાવતા હતા કે ઑપરેશન પછી ૭ થી ૮ દિવસ હૉસ્પિટલમાં રહેવું પડે. ખાસ દુખાવો તો ન થાય પણ કફ થયો હોય કે છીંક આવે કે પછી ખડખડાટ હસવાથી દુખાવો થાય છે એ પણ બે ત્રણ દિવસ. પહેલાં ૩-૪ દિવસ 'પેશન્ટ'ને 'કેથેટર' પર રાખવામાં આવે છે એટલે યુરિનમાં કોઈ તકલીફ ન થાય. બે-ત્રણ અઠવાડિયા પછી વ્યક્તિ સહેલાઈથી બધાંજ કામ કરી શકે છે. પુરુષમાંથી સ્ત્રી બન્યા પછી સરળતાથી પોતાની જિંદગી આગળ ધપાવી શકે. પણ ઑપરેશન પછી પણ ચહેરાને સરખો ઘાટ આપવા માટે, કમર અને પેટના સરખા આકાર માટે અમુક કોસ્મેટિક સર્જરી કરાવવી પડે જેનાથી કોઈ પણ ખતરો નથી.

આદિત્ય હવે માનસિક રીતે ઑપરેશન માટે તૈયાર હતો. ઑપરેશનની તારીખ નક્કી કરવામાં આવી અને ઑપરેશન પછી આદિએ આંખો ખોલી પણ હવે એને આદિત્ય કોણ કહેશે? એણે નામ વિચારી રાખ્યું હતું. 'આદિતી' હવે એની બેકરારી વધતી જતી હતી કે એનો ચહેરો કેવો લાગતો હશે? ત્યાં તો નર્સે એની સામે અરીસો ધર્યો. 'અરે શું? એકદમ અલગ જ લાગે છે બધું. ક્યાંય આદિત્યની છાંટજ વરતાતી નથી પણ હજી તો કેથેટર હોવાને કારણે એનાથી ઉઠાતું નહોતું ત્યાંજ અભિનવ આવ્યો, ''ઓ આદિ... યુલ લૂક સ્ટનિંગ યાર... સોરી સોરી આદિતી મેડમ... યુ લૂક બ્યુટીફૂલ યાર...'' અભિ, ''તું મને આદિ જ કહેજે, આદિતી માટે પણ આદિ ચાલે ન...'' ત્યાંજ અભિ ગર્વથી બોલ્યો, ''હવે હું પણ ગર્વથી કહીશ યાર મારી પણ એક 'ગર્લ ફ્રેન્ડ છે.' અને બન્ને હસી પડ્યા.

એક અઠવાડિયું હજી આદિને હૉસ્પિટલમાંજ રહેવાનું હતું. અભિનવ, સિદ્ધાર્થ આવી જતા હતા. ડૉ. અનિરુદ્ધ પણ નવાજીવન માટે શુભકામના આપી ગયા. બસ હવે આદિત્યે ઘરે જવાનું હતું પણ હવે

મુશ્કેલીઓની વણજાર ચાલુ થવાની હતી. નવું ઘર, નવી નોકરી, નવી જિંદગી, નવું નામ, નવું શરીર... બધા સાથે એકલાં ઝઝૂમવાનું હતું. ઘરની સૌથી વધારે જરૂરિયાત પડવાની હતી કારણ હવે આદિતી તરીકે જીવન શરૂ કરશે. અભિનવ અને સિદ્ધાર્થની સાથે રહેશે તો આજુબાજુવાળાં લોકો કાંઈક અલગ ધારી બેસશે પણ સિદ્ધાર્થે આદિની આ મુશ્કેલીનો પણ હલ શોધી કાઢ્યો હતો. નજીકની જ કોલોનીમાં ભાડેથી ઘર લઈ દીધું હતું. હજી આદિને છોકરીનાં કપડાં, બોલવાની ઢબ બધું વિચિત્ર લાગતું હતું પણ હવે આખી જિંદગી આમ જ કાઢવાની હતી.

ઘર બધી રીતે સરસ હતું. સિદ્ધાર્થ અને અભિનવ હવે મિસ આદિતી માટે એક સારી એવી નોકરીની શોધમાં હતો. આમ તો આદિત્યને ખીચડી, દાળ, ભાત, બટાટાનું શાક જેવું રાંધતાં આવડતું હતું એટલે આદિતી મેડમનું ગાડું ચાલતુ હતું. આદિને ડૉ. અનિરુદ્ધે ઘરથી નજીક જ એમના મિત્રને ત્યાં વેબ-ડિઝાઈનરની જોબ અપાવી દીધી હતી. આમ પણ આદિત્યને કોમ્પ્યુટરના ક્ષેત્રમાં ખૂબ રસ હતો. એની જિંદગી ધીરે ધીરે થાળે પડતી જતી હતી. ડૉ. અનિરુદ્ધ પાસે એને દરેક અઠવાડિયે એક વાર 'કાઉન્સેલિંગ' માટે જવાનું હતું.

આદિતી આમ પણ ખૂબસુરત લાગતી હતી એની કોલોનીમાં રસ્તા પર ચાલતાં વખતે ઘણાં છોકરાંઓ કોમ્પલિમેન્ટ આપતાં તો કોઈક મવાલી સીટી પણ મારતો ત્યારે આદિતીને મનમાં એટલું હસવું પણ આવતું એને દાઝ પણ ચડતી કારણ કે માથા ફરેલ આદિત્ય અને છોકરીઓને ચીડવવામાં એકદમ આગળ હતો આજે એની જગ્યા પર કોઈક બીજા માથા ફરેલ છોકરાઓ હતા અને પાતે... ક્યાંથી ક્યાં જિંદગી વહી ગઈ હતી ? ઑપરેશનને છ મહિના થઈ ગયા હતા. સિદ્ધાર્થ, અભિનવ મળવા આવી જતા, અને માથા ફરેલ છોકરાઓ પણ સામે આવી જતા આદિને આ એકધારી જિંદગી લાગવા માંડી હતી, કંટાળો આવવા લાગ્યો હતો.

આજે ડૉ. અનિરુદ્ધને ત્યાં સીટિંગ હતું. સિદ્ધાર્થ અને અભિનવ એના મમ્મી-ડેડીને મળવા કોઈમ્બતૂર ગયા હતા એટલે આદિએ એકલા જ જવાનું હતું. ડૉ. ની કેબિનમાં હજી કોઈક પેશન્ટ હતો. એટલે 'રિસેપ્શનિસ્ટે' આદિને 'વેઈટિંગ રૂમ'માંજ બેસવાનું કહ્યું. ત્યાં કોઈક 'હેન્ડસમ' છોકરો પણ બેઠો હતો. આદિનું ધ્યાન એની તરફ ગયું. સરસ મજાની ભૂરી આંખો, તદ્દન બેફિકરાઈ ભર્યું વર્તન અને સરસ મજાનો ચહેરો. ત્યાંજ પેલા ભાઈસાહેબ એ આદિની સામે હાથ લંબાવીને કહ્યું, ''હાય ! આય એમ પલાશ.'' પછી તો બન્ને જણાએ વેઈટીંગ રૂમમાં જ અઠેદ્વારકા કરીને એકબીજાનાં નામ, સરનામાં લીધાં ત્યાંજ પલાશને ડૉ. એ બોલાવ્યો પણ આદિતી કદાચ હજી પણ પલાશના વિચારોમાં જ હતી એનો વારો આવ્યો ત્યારે રિસેપ્શનિસ્ટે એને બે વાર બોલાવી ત્યારે એને ખ્યાલ આવ્યો કે પલાશ તો ગયો હવે ડૉ. એને બોલાવે છે. આજે ડૉ. અનિરુદ્ધને દરેક વખતની જેમ કોઈ ફરિયાદ કરવાનું મન ન થયું પણ ત્વચાની ચમક કેવી રીતે જાળવવી, કયું સનસ્ક્રીન લોશન સારું વગેરે પૂછવાનું શરૂ કર્યું. નવાઈ પામવાનો વારો હવે ડૉ. નો હતો. આજે આદિતી પહેલીવાર 'ટિપીકલ ગર્લ'ની જેમજ વર્તી રહી હતી. કદાચ હવે હોર્મોન્સ એકદમ બરાબર કાર્યરત થઈ ગયા હશે એમ વિચારી ડૉ. મલક્યા.

આજે ૩૧ ડિસેમ્બર હતી, આદિતી સિદ્ધાર્થ અને અભિનવ સાથે બહાર જવાની હતી પણ ત્યાં પલાશનો ફોન આવ્યો કે આપણે આજે 'સેલિબ્રેટ'માં જવાનું છે તૈયાર રહેજે ૭.૦૦ વાગે લેવા આવીશ આદિતી સડક થઈ ગઈ કેવો છોકરો છે ? પૂછતો નથી કે તું આવીશ ? બસ તૈયાર થઈ જજે આવી રીતે પૂછાય કોઈ દિવસ ? આમ પણ હું ક્યાં ના પાડવાની હતી ? આમ વિચારી આદિતી કયા કપડાં પહેરવાં, કયું પરફ્યુમ છાંટવું, લીપસ્ટિક કઈ સારી લાગશે આ નક્કી કરવામાં જ એની સાંજ પડી ગઈ. બરાબર તૈયાર થવામાં બાજુવાળી પિનાઝની મદદ લીધી. આમ પણ પિનાઝ એને 'સોઝ્ઝી ઢીંગલી' કહીને જ બોલાવતી. ખરેખર આદિતી આજે કોઈને માટે તૈયાર થઈ હતી. કદાચ પલાશ માટે.... કદાચ.... ત્યાંજ પલાશની બાઈકની હોર્ન સંભળાતાં આદિતી નીચે દોડી. પલાશની સાથે એની સાંજ ક્યાં પસાર થઈ તેની એને ખબર જ ન પડી. જે શરીરથી આદિતીને કંટાળો આવવા માંડ્યો હતો એના પ્રેમમાં કદાચ એ પડી ગઈ.

કારણ કે કદાચ પલાશ પણ... પ્રેમ અને આદિતી સફાળી ચોંકી ઉઠી હજી પલાશને હકીકતની ખબર કયાં છે ? અને હકીકત છુપાવવી એ કદાચ બરાબર પણ નથીને ? પલાશે એના તન સાથે મનને પણ સ્પર્શી લીધું હતું. કદાચ... પણ આ બધા વિચારો કરવા જરૂરી છે ? પલાશ જેવો નફિકરો છોકરો જિંદગીમાં કોઈ પણ પ્રકારનું બંધન સ્વીકારે ? કદાચ નહીં... બિલ્કુલ નહીં... ચાલો મેડમ આદિતી... કામપર મોડું થશે ? આજે આમ પણ સાંજના ડૉ. પાસે પણ જવાનું છે. એક નાની સર્જરી હજી કરવાની બાકી છે એ પણ ક્યારે કરવાની છે એ પૂછી લઉં એમ વિચારતી આદિતી ઊભી થઈ.

કદાચ નવું વરસ આદિતી માટે અગણિત 'સરપ્રાઈઝ' લઈને આવ્યું હતું. પલાશ ક્યારે પણ આદિતીને ફોન કરતો

ચાલ કોફી પીવા જઈશું કે ચાલ લોંગ ડ્રાઈવ પર કે પછી ડિસ્કોમાં કે પછી ગુરુજીના આશ્રમમાં... આદિતી આ બધી પળો જીવી લેતી હતી પલાશ સાથે... દિવસો એના નામથી ઉગતા હતા અને સાંજ એના નામથી ઢળતી હતી અને રાતો એના સપનામાં મહેંકતી હતી. આજનો દિવસ આદિતી માટે કાંઈક અલગ રીતે લખાયેલો હતો. 'વેલેન્ટાઈન-ડે' હતો. હજી સવારના ૭ વાગ્યા હતા. પલાશ સીધો આદિતીના ગરે આવી જ ગયો. બુકે લઈને પણ 'ચોકલેટ બુકે' એને ખબર હતી. આદિતીને ચોકલેટ્સ એટલી ભાવે છે કે કદાચ એ જમવાનું જતું કરી દેશે, પણ ચોકલેટ્સ નહીં...

બધાની જેમ આદિતી એના સામે જોતી રહી. ત્યાં જ પલાશે કહ્યું, ''એમ નહીં કહું કે મારી તરફથી 'લવ એટ ફર્સ્ટ સાઈટ' જેવું કાંઈ હતું. શરૂમાં તારા જેવી છોકરી સાથે ફરવું ગમતું પછી તું ગમવા માંડી અને માત્ર તું જ ગમવા માંડી. મારી હકીકતથી પણ તને વાકેફ કરી દઉં. માબાપ અહીં રહેતા નથી. એકલો જ છું પહેલા એક મિત્રની સાથે રહેતો હતો હવે નથી રહેતો. પ્રોફેશનલ હેકર છું. ભગવાનમાં માનું છું, પહેલા પ્રેમમાં નહોતો માનતો પણ હવે આદિતીમાં માનું છું એટલે પ્રેમ પર વિશ્વાસ છે. તું હા પાડીશ તો ગમશે, ના પાડીશ તો દુઃખ થશે પણ તૂટી નહીં જાઉં. હા, એટલું જરૂર છે જિંદગીના દરેક રસ્તા પર અને દરેક લડાઈમાં તું સાથે હશે તો બધા રસ્તા સહેલા લાગશે અને લડાઈ લડવામાં મજા આવશે અને બીજી વાત...'' ત્યાં જ આદિતી બોલી કે, ''પલાશ મારી વાત તો સાંભળી લે પછી જ આગળ કાંઈ નક્કી કરજે.''

''આદિતીએ સેક્સ ચેંજ ઓપરેશન'' પછી રાખેલું નામ છે. મારું સાચું નામ આદિત્ય છે. મુંબઈની કોલેજમાં ભણતર પૂરું કરી અહીં સિદ્ધાર્થ અને અભિનવ પાસે આવીને થોડાં સપનાં પૂરાં કરવાં હતાં પણ 'થીલ' માટે ઓપરેશન કર્યું અને આદિત્યમાંથી આદિતી થઈ. કદાચ સાવ કંટાળી જ ગઈ હતી ત્યાં જ એક હવાની લહેરખીની જેમ તું આવ્યો એ સાવ કંટાળાજનક જિંદગીમાં હલચલ મચાવી ગયો. જે શરીરથી કંટાળો આવવા લાગ્યો હતો એ શરીરના પ્રેમમાં પડી ગઈ કારણકે મને તું ગમવા લાગ્યો હતો...અઢળક... તારી સાથે હું પીગળતી ગઈ પલાશ... મારી સવાર તારા નામથી ઉગતી ને રાત તારા સપનામાં ઢળતી ક્યારે પ્રેમ થયો ખબર જ ન પડી!''

પલાશ ફાટી આંખે આદિતીને જોઈ રહ્યો, પણ એણે હવે એની જગ્યાએ કઈ વ્યક્તિને ક્યારે મેળવી આપે છે સમજ નથી પડતી. નામ અનન્યા મમ્મી-પપ્પા અમેરિકામાં, અહીં એક મિત્રની ઓળખાણ હતી એટલે આવી. નોકરી શરૂ કરી. તારી જેમ જ 'થ્રીલ' માટે કે પછી છોકરો બનીને રહું તો મોકળા મનથી આઝાદી માણવા મળે એની માટે 'સેક્સ ચેંજ ઓપરેશન' કર્યું અને કોણ જાણે નસીબમાં કદાચ માથા ફરેલ આદિત્ય જ હશે જેની સાથે હજી થોડા ઝઘડા બાકી રહી ગયા એટલે આમ બદલો વાળવાનું નક્કી કર્યું... અને પલાશ આદિતી હસી પડ્યા. હવે એ બન્નેને પોતાની માટે કે બીજા કોઈ માટે કાંઈ ફરિયાદ નહોતી.

સિદ્ધાર્થ અને અભિનવ દોડાદોડ કરતાં હતાં. સિદ્ધાર્થના ફ્લેટમાં પલાશ અને આદિતીનાં લગ્ન હતાં. માત્ર પાંચ-છ જણની હાજરીમાં આજે આ નોખા દુલ્હા-દુલ્હન નોખી જિંદગી શરૂ કરવાનાં હતાં... આદિતી અને પલાશને વિધિસહિત લગ્ન કરવાં હતાં... સંસ્કૃત શ્લોકો અને ફેરા માણવા હતા. હા, પણ એક દશ્ય નવું હતું. એક તરફથી દુલ્હેરાજા આવ્યા અને બીજી તરફથી દુલ્હન. દુલ્હેરાજાએ હળવેથી દુલ્હનનો ઘૂંઘટ ઉઘાડ્યો અને બન્ને હસી પડ્યાં... બન્નેને કોલેજ જીવનની યાદો તાજી થઈ ગઈ. બેકસ્ટેજમાં આદિ અનન્યા માટે બોલ્યો હતો કે આ કૂકડીના વરનું શું થશે ? ત્યારે અનન્યા બોલી હતી કે આ વર જાન લઈને જશે તો ખરી પણ જાનવર સાથે બિચારી છોકરીનું નભશે ખરી ? આજે પણ બન્ને એકબીજાને 'કૂકડી' ને 'જાનવર' નામથી બોલાવે છે હા પણ, જાનવર નામ પલાશ માટે આદિતી સારો એવો વાપરવા માંડી છે. જ્યારે પલાશ હંમેશાં આદિતીને કહે છે કે હું અને તું... બસ તો યાર પછી પૂછવાનું શું ? ❖❖❖

### નાની વાર્તા...

એક નાની બેબી અને તેના પપ્પા નદીનો પુલ ક્રોસ કરતાં હતાં. પપ્પા થોડા ડરી ગયા હતા કે કયાંક મારી દીકરી નદીમાં પડી જશે તો ? તેમણે બેબીને કહ્યું કે, ''બેટા મારો હાથ પકડી લે, જેથી તું નદીમાં પડી ન જાય.'' બેબીએ જવાબ આપ્યો, ''ના પપ્પા, તમે મારો હાથ પકડી લો.'' મૂંઝાયેલા પપ્પાએ દીકરીને પૂછ્યું, ''આમાં ફરક શું છે ?'' દીકરીએ તુરત જ જવાબ આપ્યો, ''આમાં ઘણો બધો ફરક છે.'' દીકરીએ સમજાવવાનું ચાલુ રાખ્યું, ''જો હું તમારો હાથ પકડું અને કાંઈ અજુગતુ મને થઈ જાય તો શક્ય છે કે હું તમારો હાથ છોડી દઉં, પણ જો તમે મારા હાથ પકડેલ હોય તો ગમે તે થાય પણ તમે મારો હાથ નહિ છોડો... કોઈ પણ મુસીબતમાં તમે મને જરૂર બચાવશો.''

લગ્ન વખતે પુરુષ સ્ત્રીનો હાથ પકડે છે અને તે ઈચ્છે છે કે સ્ત્રીને સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ કે ગમે તેવી મુશ્કેલીમાં તે તેનો હાથ નહિ છોડે !

વાર્તા નાની છે પણ સમજે તેને માટે....

(સાભાર)

# જગતને છેતરનારો પોતાની જાતને છેતરતો હોય છે

□ હરિભાઈ કોઠારી

गंगा पापं शशी तपां, दैन्य कल्पतरुस्तथा,
पापं तापं च दैन्यं च घ्नन्ति सन्तो महाशयाः

'ગંગા પાપને, ચંદ્ર સંતાપને અને કલ્પતરુ માણસના દૈન્યને દૂર કરે છે; પરંતુ મહાન આશયવાળા સંતો તો પાપ, તાપ અને દૈન્ય ત્રણેયને હણી નાખે છે.'

ભારતીય સંસ્કૃતિ સદૈવ સાચા સંતોનું મહિમાગાન કરે છે. સંતોના સાન્નિધ્યમાં સઘળાં પાપોનું શમન થઈ જાય છે. ભગવાન બુદ્ધના સાન્નિધ્યમાં થયેલું અંગુલિમાલનું હૃદયપરિવર્તન કે દેવર્ષિ નારદના સમાગમે સધાયેલું વાલિયાનું જીવનપરિવર્તન આ વાતની પ્રતીતિ કરાવે છે. 'શાંતિ પમાડે તેને સંત કહીએ.' જેની પાસે જતાં જ સંસારના સઘળા સંતાપો નાશ પામે તે જ સાચો સંત. જીવનની દીનતા કે લાચારીને દૂર કરનાર સંત બહુ જ દુર્લભ હોય છે.

કલિયુગમાં બનાવટી સંતોનો રાફડો ફાટયો છે. તેથી માણસે ખૂબ જ સાવધાન રહેવું જોઈએ. સંત તુલસીદાસ આ સંદર્ભમાં લખે છે:

મિથ્યારંભ દંભરત જોઈ તાકર સંત કહે સબ કોઈ, સોઈ શયા જો પરધનહારી જો કરે દંભ સો બડા આચારી !

'જે મોટા-મોટા મિથ્યા આડંબરોના દંભ વડે સમાજને છેતરતો હોય તેને કલિયુગમાં લોકો સંત કહેવા લાગે છે. પરધન પડાવી લેવામાં જ હોશિયાર હોય તે જ શાણો ગણાય છે અને લોકોની આંખમાં ધૂળ નાખવામાં જે કાબેલ હોય તે આ યુગમાં સૌથી મોટો આચાર્ય ગણાય છે.'

ખરેખર તો જગતને છેતરનારો પોતાની જાતને જ છેતરતો હોય છે.

છેતરે જે અન્યને તે કદી ના છે તરે !

આપણે ત્યાં એક પૌરાણિક કથા સુપ્રસિદ્ધ છે. દેવર્ષિ નારદે એક વાર બ્રહ્મદેવને સત્સંગનો મહિમા પૂછયો. બ્રહ્મદેવે કહ્યું, 'દેવર્ષિ, હું ખૂબ જ કામમાં છું તેથી તમે એમ કરો કે પૃથ્વીલોકમાં એક જંગલમાં એક ઝાડ પર એક કાચિંડો બેઠો છે એને જઈને તમારો પ્રશ્ન પૂછો.'



નારદજીના બ્રહ્મદેવના આદેશ પ્રમાણે કાચિંડા પાસે આવ્યા અને સત્સંગનો મહિમા સમજાવવા એને વિનંતી કરી. નારદજીના શબ્દો સાંભળતા જ કાચિંડો ઝાડ પરથી નીચે પડીને મરી ગયો.

નારદજી પાછા બ્રહ્મદેવ પાસે ગયા. બ્રહ્મદેવે તેમને એક ગામમાં એક ખેડૂતના ઘરે જવા કહ્યું. ખેડૂતની ગાયને જન્મેલા વાછરડાને આ બાબત પૂછવા તેમણે નારદને આદેશ આપ્યો. યથોક્ત નારદ વાછરડા પાસે પહોંચ્યા. 'મારે તારી પાસેથી સત્સંગનો મહિમા જાણવો છે,' એવા દેવર્ષિના શબ્દો કાને પડતાં જ વાછરડો ઢળી પડયો.

ત્રણ-ત્રણ જીવહાનિથી નારદજી અતિ વ્યાકુળ થયા તેમણે બ્રહ્મદેવને કહ્યું, 'તમે જ મને સત્સંગનો મહિમા કહો.'

બ્રહ્મદેવે કહ્યું, 'એ શક્ય નથી. તમે પાછા પૃથ્વી પર જાઓ. ત્યાં એક નગરમાં રાજાની રાણીએ રાજકુંવરને જન્મ આપ્યો છે. એ નવજાત શિશુને તમે સત્સંગનો મહિમા પૂછો.'

નારદજીની હિંમત નહોતી ચાલતી, પણ બ્રહ્મદેવના આદેશ સામે લાચાર હતા. તેઓ નિર્દિષ્ટ સ્થળે પહોંચ્યા અને નવજાત રાજકુંવરને સત્સંગનો મહિમા પૂછયો. પ્રશ્ન સાંભળતાં જ રાજકુમાર હસવા લાગ્યો. રાજપુત્ર મર્યો નહીં તેથી દેવર્ષિને શાંતિ થઈ. તેમણે રાજકુંવરને કહ્યું, 'મારા પ્રશ્નનો જવાબ આપવાને બદલે તું હસે છે કેમ ?'

રાજપુત્રે કહ્યું, 'દેવર્ષિ, મેં તમારા પ્રશ્નનો ઉત્તર ક્યારનોય આપી દીધો છે.'

નારદજીને નવાઈ લાગી.

દેવર્ષિના કુતૂહલનું નિરસન કરતાં તે રાજપુત્રે કહ્યું, 'દેવર્ષિ, તમે જ સાચા સંત છો. તમારો મહિમા અનુપમ છે. તમારા સંગથી મને કેટલો મોટો લાભ થયો છે ! કાચિંડારૂપે હું જ હતો. ત્યાં તમારું સાન્નિધ્ય મળતાં જ હું પોપટ બન્યો. ત્યાં પણ તમારો સંગ પ્રાપ્ત થયો અને પરિણામે હું વાછરડાનો અવતાર પામ્યો. તમારું આગમન ત્યાં પણ થયું અને એ સત્સંગના લાભે આજે હું મનુષ્યયોનિમાં રાજકુંવરનો જન્મ પામ્યો છું. તમારા જેવા સંતના સંગથી ઉત્તરોત્તર મારી પ્રગતિ થતી ગઈ. આવા સત્સંગનો મહિમા તો જેટલો ગાઈએ એટલો ઓછો છે.'

ઉપરોક્ત કથા ખૂબ જ માર્મિક છે. ચાર અવતાર દ્વારા એ કથામાં ચાર અવસ્થાઓ બતાવવામાં આવી છે. પ્રત્યેક માનવ શરૂઆતમાં કાચિંડાની જેમ રંગ બદલનાર જ હોય છે. 'ગંગા ગયે ગંગાદાસ અને જમના ગયે જમનાદાસ' એવા મીરજાપુરી લોટા જેવા લોકોની બેઠક સ્થિર નથી હોતી. અસ્થિર અને ચંચળવૃત્તિના આ માનવો જો સત્સંગ કરે તો તેમનામાં પોપટનું સ્થૈર્ય આવે. કાચિંડાની ચંચળતા સાધનામાં બાધક છે. વાત-વાતમાં ફરી જનાર માણસ પોતાની અધમતાનો પરિચય આપે છે. પોપટ સદા એક જ વાતનું રટણ કરે છે. પરંતુ એ પણ પૂર્ણ વિકાસ નથી. સમજ્યા વગરનું કોરું રટણ બહુ લાભદાયી નીવડતું નથી. તેથી જ તો પોપટિયા જ્ઞાનને આપણે બહુ કિંમત નથી આપતા.

વાછરડો જેમ વાગોળે છે તેમ સત્સંગથી વિકાસ પામેલો માણસ શ્રવણ પછી મનન કરીને વિચારને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરે છે. અને છેવટે નિર્દિધ્યાસન એટલે અનુભૂતિના પ્રાંતમાં પ્રવેશે છે, એ પોતાને રાજકુંવર અર્થાત્ પ્રભુનો અંશ (મમૈવાશઃ) સમજવા લાગે છે. આમ સત્સંગે માણસનો ઉત્તરોત્તર વિકાસ સાધી તેને મહિમાવાન બનાવે છે.

❖❖❖

# કોણ સાધુ ! કોણ ધોબી !

## સદ્ગુરુ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી



આપણા મનમાં સાધુની એક સ્પષ્ટ છાપ છે. જેને સંસાર સાથે લેવા દેવા નથી. એક સાધુ નદી કાંઠે બેસીને એક મંત્ર જપ્યા કરે. એ જ નદી કાંઠે એક ધોબી આવ્યો. જેમ મંત્ર જપવાનો સાધુનો ક્રમ એમ ધોબીને કપડાં ધોવાનો ક્રમ. સાધુ મનના મેલ ધુએ પણ મેલ કાંઈ ધોયા ધોવાય છે ? એક દિવસ ધોબીએ કપડાં ધોયાં. પછી સાધુ પાસે ગયો. હાથ જોડી નમસ્કાર કરી વિનંતી કરી. સાધુ મહારાજ મારે જમવા જવું પડશે અને થોડો આરામ પણ કરવો પડશે એટલે મારા પર આટલી મહેરબાની કરો. આ મારા ગધેડાઓનું ધ્યાન રાખજો.

સાધુ તો મંત્ર જપવામાં મસ્ત હતા. ધોબીને એમ કે વાંધો નહિ આવે એટલે એ જમવા નીકળ્યો. બે કલાક પછી પાછો આવ્યો. આવીને જુએ તો ગધેડો એક ઓછો હતો. ધોબી ચિડાઈ ગયો.

ધોબીએ સાધુ પાસે જઈ બુમબરાડાં કર્યા. નહિ બોલવા જેવા શબ્દો કહ્યા અને એકની એક વાત દોહરાવતો રહ્યો. 'કયાં છે મારો ગધેડો ? મેં કહ્યું હતું કે ધ્યાન રાખજો અને છતાંય તમે ધ્યાન ન રાખ્યું !'

સાધુએ કહ્યું. 'હું તો મારા ઈશ્વરનું ધ્યાન રાખું, તારા ગધેડાનું નહિ.' ધોબીએ કહ્યું કે ઈશ્વર ઈશ્વર ભલે કરો પણ આટલું કોઈનું કામેય નખી કરતા ? બંને વચ્ચે દલીલો થઈ. મારામારી થઈ. સાધુ કરતાં ધોબી વધુ સશક્ત હતો એનું શરીર કસાયેલું હતું. પણ સાધુએ એને માર મારી જમીન ઉપર ચત્તો પાટ પાડયો. સાધુને પણ મૂંઢ માર પડયો. માંડમાંડ ઊભો થયો. પછી ઈશ્વરને પ્રાર્થના કરવા માંડયો ''હે ભગવાન ! છેલ્લા ત્રીસ વર્ષથી મેં તારી પ્રાર્થના સિવાય કાંઈ નથી કર્યું. તારે માટે જંગલમાં રહ્યો. નદી કાંઠે રહ્યો. કંદમૂળ ખાધાં અને ધોબી મને પછાડતો હતો ત્યારે તું મદદ કરવા પણ ન આવ્યો ?'' આટલું બોલે છે ત્યાં તો આકાશવાણી થઈ ''મારે તો તને મદદ કરવી હતી પણ તમે બંને જણા ગુસ્સાથી રાતાચોળ હતા મને ખબર જ ન પડી કે આમાં સાધુ કોણ ને ધોબી કોણ ?''

આ પ્રસંગ ઘણો બારીક છે. ક્રોધ માણસને વિભાજિત કરે છે. તે માણસને માણસાઈથી વિભાજિત કરે છે. પ્રેમ માણસને એકત્ર કરે છે. કામ અને ક્રોધ રજોગુણમાંથી ઉત્પન્ન થાય છે. આપણા ક્રોધની પાછળ આપણો અહં, આપણી ઈચ્છાઓ, વાસનાઓ, આપણી જિદ, અને આપણો જ કક્કો સાચો પડવો જોઈએ તે બાબત રહેલી છે.

પરિસ્થિતિ અને માણસો એ બધું આપણને અનુકૂળ થવો જોઈએ એવો દુરાગ્રહ, વટના સાચા ખોટા ખ્યાલ, હુંસાતુંસી, અદેખાઈ, હરિફાઈ આ બધા સાથે ક્યાંકને ક્યાંક ક્રોધ સંકળાયેલો હોય છે.

મેં તો સંભળાવી દીધું, હું કોઈનું સાંભળું નહિ, હું તો રોકડું પરખાવી દઉં. વ્યક્તિગત ક્રોધ હોય તેમ સામૂહિક પણ હોય છે. ભેગું થયેલું, ઉશ્કેરાયેલું ટોળું, સામૂહિક ક્રોધનું ઉદાહરણ છે. ક્રોધમાં આક્રમણ ને ઝનૂન હોય છે. નાનપણથી આપણને બળિયાના બે ભાગ એમ જંગલી કાયદો શીખવવામાં આવ્યો છે. ફૂંફાડો મારવો પણ ડંખ ન મારવો એવી શીખ પણ આપવામાં આવી છે. પ્રેમથી વશ કરવાનું કોઈ શીખવતું નથી. દુકાનદાર અને ગ્રાહકોની વચ્ચે થતી જીભાજોડી, માંહોમાંહી લડતા નેતાઓ, કાદવ ઉડાડતા અખબારો આ બધા કે જેના મૂળમાં અદેખાઈ ને ક્રોધ જ છે.

❖❖❖

# ઈશ્વર સાથે ઑનલાઈન

ગોવિંદ શાહ



એક વખત હું મારા લૅપટૉપ પર ચેટિંગ કરતો હતો. ત્યાં મને ઈશ્વરનો ઑનલાઈન ભેટો થઈ ગયો.

**ઈશ્વર :** 'શું તું મારી સાથે ચેટિંગ કરવા માંગે છે ?'

**હું :** 'ના, મેં તમને બોલાવ્યાં નથી. તમે કોણ છો ?'

**ઈશ્વર :** 'વત્સ ! હું આ સમસ્ત બ્રહ્માંડનો અને આ સૃષ્ટિનો સર્જક છું. ઈશ્વર છું.'

**હું :** 'હું કેવી રીતે માનું કે તમે ઈશ્વર છો ? તમારા જેવા તો ઘણા પોતાની જાતને અહીં 'ભગવાન' કહેવડાવે છે.

**ઈશ્વર :** 'માનવું કે ન માનવું એ તારી મરજીની વાત છે. મને તેનાથી કોઈ ફરક નથી પડતો. તને જો તારી જાતમાં વિશ્વાસ ન હોય તો પાછી મારામાં ક્યાંથી હોય ?'

**હું :** 'ઓ. કે. પરંતુ હું અત્યારે નવરો નથી. તમારી સાથે વાત કરવાનો મને સમય નથી. તમે જાણો છો કે હું કેટલો વ્યસ્ત છું ?

**ઈશ્વર :** 'વ્યસ્ત તો કીડી મંકોડા પણ આખો દિવસ હોય છે !'

**હું :** 'તમને ખબર નથી કે અમારે કેટલું કામ હોય છે. જિંદગી કેટલી ઝડપી થઈ ગઈ છે. અત્યારે 'પીક અવર્સ' ચાલે છે.

**ઈશ્વર :** 'ભાઈ, સવારના પહોરમાં તું છાપાઓમાં ભરેલો દુનિયાભરનો કચરો મગજમાં ઠાલવે છે. એટલું ઓછું હોય તેમ. અત્યારે તારા 'પીક અવર્સ'માં ઈન્ટરનેટથી બીજા વધારે કચરાનો ઉમેરો કરે છે. આને તું વ્યસ્તતા કહે છે ? તને તારા માટે ફુરસદ ન હોય તો મારા માટે તો ક્યાંથી હોય ? પણ મને થયું ચાલ. ઈન્ટરનેટ પર તો તું ચોક્કસ મળી જ જઈશ અને તને એ વધુ અનુકૂળ પડશે જેમ તું તારા પુત્રોને મોબાઈલ પર જ મળી લે છે ને તેમ !'

**હું :** 'જો તમે ખરેખર ઈશ્વર હોવ તો મને જવાબ આપો કે જિંદગી આટલી બધી ગુંચવણભરી કેમ બની ગઈ છે ?'

**ઈશ્વર :** 'જીંદગીનું બહુ પિષ્ટપેષણ કરવુ સારું નહિ. અતિશય ઉપભોક્તાવાદ અને આડેધડની તૃષ્ણાઓ ઓછી કરીને સહજ રીતે જીવ. બેટા !'

**હું :** 'તમને ખબર છે કે અમારું જીવનધોરણ કેટલું ઊંચુ થઈ ગયું છે ?'

**ઈશ્વર :** હા, ફક્ત તારું જીવનધોરણ જ ઊંચું ગયું છે. જીવન ઊંચું નથી ગયું... એ જ તો તકલીફ છે ને !'

**હું :** 'તો શું અમારે પાછા જવું ? પાછા ફરવું તો અમારે માટે શક્ય જ નથી.'

**ઈશ્વર :** મેં તને પાછા ફરવાનું કહ્યું નથી. પરંતુ ધારે તો તું નવેસરથી શરૂઆત તો કરી શકે ને ? ટેક્નોલૉજીએ ઊભા કરેલા તારા પ્રશ્નોને દૂર કરવા માટે તારે જ કોઈ નવી ટેક્નોલૉજી વિકસાવવી પડશે !'

**હું :** 'અમે કાયમ ઉદાસ. નિસ્તેજ અને દુ:ખી કેમ હોઈએ છીએ ?'

**ઈશ્વર :** 'હરિફાઈમાં સતત આગળ નીકળવા તેં તારી જાતને 'ઉંદરદોડ'માં મૂકી દીધી છે. પહેલાં તું સફળતા માટે દોડતો હતો. હવે તું સફળતા ટકાવી રાખવા દોડે છે ! આમ, તારા માટે દોડાદોડ કરવા સિવાય કશું જ બચ્યું નથી. તું હવે તો ખડખડાટ હસવાનું પણ ભૂલી ગયો છે. સતત ચિંતા કરવી અને અસલામતીનો ભય રાખવો એ જ હવે તારો સ્વભાવ થઈ ગયો છે. તો પછી ઉદાસ ને દુ:ખી જ રહેવાય ને ?'

**હું :** 'પણ તમને ખબર છે કે અમે સતત લટકતી તલવાર નીચે કામ કરતાં હોઈએ છીએ. અમારે ટારગેટ સમયસર પૂરા કરવાના હો છે અને બીજી બાજુ મકાનના હપ્તાં, બાળકોની ફી ભરવાની હોય છે. કોઈક વાર તો ગાડીના હપ્તા ભરવાના પણ બાકી રહી જાય છે. તો પછી ચિંતા કેમ ન થાય ? ભાવિ બધું જ અનિશ્ચિત દેખાય છે.

**ઈશ્વર :** 'એ તો ભાઈ જો. જગતમાં મૃત્યુ સિવાય બધું જ અનિશ્ચિત છે. કેટલી બાબતોની ચિંતા કર્યા કરીશ ? ચિંતા કરવી કે નહીં એ તારા હાથની વાત છે.'

**હું :** 'પણ એ દરેક અનિશ્ચિતતા સાથે દર્દ. પીડા અને પરેશાની જોડાયેલી હોય છે. એનું શું ?'

**ઈશ્વર :** 'વ્હાલા દીકરા ! મેં તારું સર્જન તને પીડા કે દુ:ખી કરવા નથી કર્યું. જો એવું હોત તો મેં તારા જન્મ પહેલાં તારા દૂધની વ્યવસ્થા ન કરી હોત. જિંદગી દુ:ખી થવા માટે નથી. આ બધી પીડા તો તેં તારી જાતે જ ઊભી કરેલી છે. દુનિયાની દોડમાં તું બરાબર ફસાયો છે. કાદવમાં ફસાયેલો માણસ કાદવમાં વધારે ઊંડો ઊતરતો જાય એવું છે ! તે વાઘ પર સવારી માંડી છે અને હવે તું ગભરાય છે કે વાઘ મને ફાડી ખાશે ?'

**હું :** પ્રભુ ! ખરૂ પૂછો તો આટલી બધી પીડાઓ મુશ્કેલીઓ વચ્ચે અમે કઈ રીતે જીવીએ છીએ એ જ ખબર નથી પડતી.'

**ઈશ્વર :** 'તું સતત બહાર ભટકીને ખરેખર થાકી ગયો છે. જરાક તારી અંદર ખોજ કર. થોડું આત્મદર્શન કર. એમ કરીશ તો તને ખબર પડશે કે તું ક્યાં જઈ રહ્યો છે.'

**હું :** 'તમે તો ઈશ્વર છો, તો મને કપરા સંજોગો અને મુશ્કેલીના સમયમાં ટકવાની ચાવી બતાવો ને !'

**ઈશ્વર :** 'તારામાં પણ અપાર શક્તિ છે. એને ઓળખવાની કોશિશ કર. મુશ્કેલીઓનો સામનો કરવાનો એ જ ઉપાય છે. થોડી ધીરજ. હિંમત વિશ્વાસ અને ઉત્સાહ રાખ. કપરાં સંજોગો પણ કાયમ કપરાં રહેતાં નથી. એ પણ વહી જવાના છે.'

**હું :** 'ચલો, એ તો બરાબર. પણ મને પ્રશ્ન થાય છે કે દુનિયામાં લોકો આટલા બધા સ્વાર્થી કેમ થઈ ગયા છે ?'

**ઈશ્વર :** 'લોકો જેવા છે તેવા સ્વીકારી લે. બીજાને બદલવાનો મિથ્યા પ્રયાસ ન કરીશ. તારી જાતને ઓળખીને તેને બદલવા કોશિશ કર.'

**હું :** 'એ તો હું સમજ્યો પણ મને એ નથી સમજાતું કે દુનિયામાં સારા માણસોને જ કેમ સહન કરવું પડે છે ?'

**ઈશ્વર :** 'બેટા, સારા માણસોની જ કસોટી થાય છે. સોનું કસોટીમાંથી શુદ્ધ થઈને બહાર આવે છે. એ રીતે પ્રશ્નો, મુશ્કેલીઓ હકીકતે આંતરિક શક્તિ અને સહનશીલતા વધારે છે.'

**હું :** 'તમે હાલની માનવજાત માટે શું માનો છો ?'

**ઈશ્વર :** 'એ જ કે, પૈસા મેળવવા માટે સ્વાસ્થ્ય ગુમાવે છે અને પછી સ્વાસ્થ મેળવવા પૈસા ગુમાવે છે ! અર્થાત પૈસાનું પાણી કરે છે ! બાળપણમાં કંટાળો અનુભવે છે અને ઘડપણમાં બાળપણ ખોળે છે. યુવાનીમાં તો એ રીતે જીવે છે જાણે કે કદી મૃત્યુ આવવાનું જ નથી ! જ્યારે કોઈ મુશ્કેલી આવે છે ત્યારે કહે છે 'મને એકલાને જ આવું કેમ ?' બાકી ક્યારેય સુખમાં 'હું એકલો કેમ ?' એવો પ્રશ્ન એને નથી થતો.

**હું :**'પ્રભુ, તમે જિંદગીને ઉત્તમતાથી માણવાનું રહસ્ય મને કહો.'

**ઈશ્વર :** 'તને હંમેશા સામે કિનારે જ સુખ દેખાય છે. તારી પાસે જે કઈ છે. જેટલું છે એને ભોગવ. જે નથી એની ચિંતા ના કરીશ. સતત ફરિયાદ અને સરખામણી ન કરીશ. સતત સરખામણી કરીને તેં તારા ઘરમાં પણ આગ લગાડી છે. ભૂતકાળને ભૂલીને વર્તમાનને વિશ્વાસથી વધાવતાં ભવિષ્ય માટે તૈયાર રહે. નફરત અને નકારાત્મક વિચારો છોડી દે નહીં તો એ વધુ જોરથી તારી પાસે આવશે. બીજાને પ્રેમ કર તો આપોઆપ લોકો તને પ્રેમ કરશે. થોડું ક્ષમા આપવાનું પણ રાખ.'

**હું :** 'મારો એક છેલ્લો સવાલ એ છે કે મારી પ્રાર્થનાઓ કોઈ દિવસ તમને સંભળાય છે ખરી ?'

**ઈશ્વર :** 'બધી જ સંભળાય છે પરંતુ જવાબ આપવાની મારી રીત જુદી હોય છે. મારા જવાબો ભવ્ય પર્વતો, ઝરણા, નદીઆએ, સમુદ્રો અને વૃક્ષોની વનરાજીમાં છે.'

ભવ્ય સૂર્યોદય અને સૂર્યાસ્તમાં છે. દરરોજ એક સુંદર પ્રભાત થાય છે આ બધા મારા જવાબો છે. પરંતુ તને તે જોવાની ફુરસદ જ ક્યાં છે ? ચાંદની રાતે કોઈકવાર ખુલ્લા આકાશ સામે શાંતચિત્તે થોડો સમય બેસીને મંદ મંદ વહેતા પવનની લહેરો કે તમરાનું મધુર સંગીત માણ્યું છે ? એ માણતાં શીખીશ તો તને મારા જવાબો મળી જશે.

**હું :** 'આપને મળીને ખૂબ સારું લાગ્યું. આ વાર્તાલાપ માટે આપનો ખૂબ ખૂબ આભાર મારા માટે કોઈ સંદેશ છે ?'

**ઈશ્વર :** 'વત્સ ! મારામાં શ્રદ્ધા રાખ. હું તને આ સંસારના બધા ભયોમાંથી મુક્ત કરી દઈશ. જિંદગી એક રહસ્ય છે પણ કોયડો નથી. મને યાદ કરજે. મારામાં નિષ્ઠા રાખજે. કદીયે હતાશ થઈશ નહીં. તું હાંક મારજે. હું અચૂક હાજર થઈ જઈશ કારણ કે તું મારું સર્વશ્રેષ્ઠ સર્જન છે. તું મને વ્હાલો છે.'

❖❖❖

## જિંદગીને જીવી જાણો

લાંબી આ સફરમાં જિંદગીના ઘણા રૂપ જોયા છે.
તમે એકલા શાને રડો છો, સાથી તો અમેય ખોયા છે
આપ કહો છો આમને શું દુ:ખ છે, આ તો સદા હસે છે
અરે ! આપ શું જાણો આ સ્મિતમા કેટલા દુ:ખ વસે છે
મંઝીલ સુધી ના પહોંચ્યા તમે એ વાતથી દુ:ખી છો
અરે ! ચાલવા મળ્યો રસ્તો તમને, એટલા તો સુખી છો
આપને ફરિયાદ છે કે કોઈને તમારા વિશે સુઝ્યુ નથી
અરે ! અમને તો ''કેમ છો ?'' એટલુંય કોઈએ પુછયું નઙી
જે થયું નથી એનો અફસોસ શાને કરો છો,
આ જિંદગી જીવવા માટે છે, આમ રોજ રોજ શાને મરો છો ?
આ દુનિયામા સંપુર્ણ સુખી તો કોઈ નથી
એક આંખ તો બતાવો મને જે ક્યારેય રોઈ નથી.
બસ એટલુંજ કહેવું છે કે જીંદગીની દરેક ક્ષણ દિલથી માણો
નસીબથી મળી છે જીંદગી તો એને જીવી જાણો.

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# ‘આધારસ્તંભ યોજના’

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૫૯૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક ‘Zalawadi Sabha Charitable Foundation’ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- **શ્રી રોહિતભાઈ લક્ષ્મીકાંતભાઈ ગોસલિયાના સ્મરણાર્થે હસ્તે મીતાબેન અને પ્રણવ ગોસલિયા લીંબડી નિવાસી (હાલ ઘાટકોપર) — રૂા. ૩૩૦૦૦/-**
- **સુશીલાબેન સી. શાહ તરફથી (હાલ - પુના) — રૂા. ૨૨૦૦૦/-**
- **શ્રીમતી યશોમતીબેન પ્રવિણચંદ્ર ગોપાણી, બોટાદ નિવાસી (હાલ વિલેપારલા) તરફથી — રૂા. ૧૧૦૦૦/-**
- **અંધેરી (ઈસ્ટ)ના વડલો અંધેરી સિનીયર સિટીજન એસો. ના ૩૪ સભ્યો માર્ચ ૨૦૨૪માં દેવલાલીમાં શ્રી સી.યુ. શાહ ઝાલાવાડી સેનેટોરિયમમાં પ્રમુખશ્રી પ્રવિણભાઈ એ. સંઘવી તથા બીપીનભાઈ એન. સંઘવીના માર્ગદર્શન ફરવા ગયેલ તે નિમિત્તે સભ્યો તરફથી ભેટ — રૂા. ૧૧૦૦૦/-**

## સાભાર સ્વીકાર

શ્રી રોહિતભાઈ લક્ષ્મીકાંતભાઈ ગોસલિયાના સ્મરણાર્થે હસ્તે મીતાબેન અને પ્રણવ ગોસલિયા લીંબડી નિવાસી (હાલ ઘાટકોપર)

| | |
|---|---|
| શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ | રૂા. ૫૦,૦૦૦/- |
| પાણી પરબ ફંડ | રૂા. ૧૫,૦૦૦/- |
| શ્રીમતી કંચનબેન વૃજલાલ શેઠ નોટબુક યોજના | રૂા.૦૨,૦૦૦/- |
| આધારસ્તંભ યોજના | રૂા. ૩૩૦૦૦/- |
| | **કુલ રૂા. ૧૦૦૦૦૦/-** |

નિધી બિપીનભાઈ પારેખ તરફથી (હાલ - મલાડ)

શ્રી સી.યુ. શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ રૂા. ૧૫૦૦૦/-

શ્રી રમેશચંદ્ર ભોગીલાલ શ્રોફની માસિક પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પ્રફુલ્લાબેન રમેશચંદ્ર શ્રોફ પરિવાર લીંબડી નિવાસી (હાલ - ગોરેગાવ) શુભફંડ ૨૫૦૦/-

સ્વ. શ્રી હર્ષદભાઈ હિંમતલાલ શાહની બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રીમતી ભારતીબેન હર્ષદભાઈ શાહના સુપુત્ર પારસ તરફથી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - મુંબઈ) શુભફંડ ૧૧૦૦/-

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **દર્શન — હેતવી**<br>શ્રી વિશાલભાઈ રમેશચંદ્ર મણિયારના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - અંધેરી)<br>શ્રી વિપુલભાઈ જયસુખલાલ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - અંધેરી) | ૨૦૦૦ | ૨૦૦૦ |
| **મનન — યશવીરા**<br>શ્રી આશીષભાઈ મનહરલાલ શાહ (ખંધાર)ના સુપુત્ર ચોટીલા નિવાસી (હાલ - અંધેરી)<br>શ્રી હરીશભાઈ કાંતિલાલ શાહની સુપુત્રી ધોલેરા નિવાસી (હાલ - પાર્લા) | ૧૧૦૧ | ૧૧૦૧ |
| **પ્રતીક — અર્પિતા**<br>શ્રી ભરતકુમાર બાબુલાલ વોરાના સુપુત્ર નગરા સુરેન્દ્રનગર નિવાસી (હાલ - ઘાટકોપર)<br>શ્રી હર્ષદભાઈ દલીચંદભાઈ દોશીની સુપુત્રી સાવરકુંડલા નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **ભાવિક — હેતલ**<br>શ્રી સંજીવભાઈ ધીરજલાલ શાહના સુપુત્ર ત્રાડિયા લિંબડી નિવાસી (હાલ - ભાયંદર)<br>શ્રી વિલેશભાઈ ચંદુલાલ પારેખની સુપુત્રી જામજોધપુર નિવાસી (હાલ - ભાયંદર) | ૫૦૦ | ૫૦૦ |
| **ઋષભ — હસ્તિ**<br>શ્રી કેતનભાઈ જ્યોતિન્દ્રભાઈ શાહના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ -પાર્લા)<br>શ્રી વિપુલભાઈ કાંતિલાલ ગાંધીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૦ | ૫૦૦ |
| **દેવાંગ — ક્ષમા**<br>શ્રી અજીતકુમાર જયંતિલાલ રૈયાની પરબવાવડી નિવાસી (હાલ - લંડન)<br>શ્રી અતુલકુમાર ગુણવંતભાઈ શાહ ધાંગધ્રા નિવાસી (હાલ કાંદિવલી) | ૨૬૧ | ૨૬૧ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **રોનક-હિનલ**<br>શ્રી કેતનભાઈ પ્રતાપરાય શાહના સુપુત્ર રાજચરાડી જોરાવરનગર નિવાસી (હાલ - મલાડ)<br>શ્રી પ્રદિપભાઈ ચંપકલાલ સોમાણીની સુપુત્રી જાળીલા નિવાસી (હાલ - બોરીવલી) | ૧૧૦૧ | ૧૧૦૧ |
| **નિકેત - ડૉ. મિલોની**<br>શ્રી રાજેશભાઈ પ્રવીણભાઈ શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ ઘાટકોપર)<br>શ્રી ચેતનભાઈ મહાસુખલાલ બેંકરની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - અંધેરી)<br>ઉચ્ચ શિક્ષણ ફંડ<br>પાણી પરબ ફંડ | <br><br><br><br>૨૦૦૦<br>૩૦૦૦ | |
| **ભવ્ય -મોક્ષા**<br>શ્રી રાજુ મહેન્દ્રભાઈ ગાંધી (ગાંધી પ્રિન્ટીંગ પ્રેસ) ના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ -ઘાટકોપર)<br>શ્રી બિપીનભાઈ અમૃતલાલ સંઘવીની સુપુત્રી મોટીવાવડીવાળા (હાલ - ઘાટકોપર) | ૧૦૦૦ | ૧૦૦૦ |

**ભુલ સુધારો**

માર્ચ ૨૦૨૪ની પત્રિકામાં સ્વ. હરેશકુમાર વોરા ભુલથી છપાયેલુ છે. સુધારીને શ્રી હરેશકુમાર વોરા વાંચવું.

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ - તસ્વીરી ઝલકિયાં





દીપ પ્રાગટ્ય - ઝાલાવાડી સભાના ટ્રસ્ટી -પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહ, શ્રી પંકજભાઈ સંઘવી, ટ્રસ્ટી-ઉપપ્રમુખ તથા સમસ્ત ટ્રસ્ટીગણ મહિલામંડળના પ્રમુખ શ્રીમતી ચારૂબેન દોશી તથા શ્રીમતી શ્રુતીબેન શાહ,



ઝાલાવાડ મિલનોત્સવ પ્રસંગે શ્રી પ્રવિણભાઈ શાહ દ્વારા મીઠો આવકાર



સભાના ટ્રસ્ટી-માનદ્ મંત્રી શ્રીમતી મનિષાબેન શાહનું બહુમાન



સભાના ટ્રસ્ટી-ઉપપ્રમુખ શ્રી પંકજભાઈ સંઘવીનું બહુમાન



સભાના ટ્રસ્ટી-પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહને સન્માનપત્ર અર્પણ



શ્રીમતી મનિષાબેન શાહનું ઉદ્‌બોધન



શ્રીમતી ચારૂબેન દોશી દ્વારા આર્શીવચન



શ્રી પંકજભાઈ સંઘવી દ્વારા શુભેચ્છા



શ્રીમતી હિનાબેન પારેખ મંચ સંચાલન



શ્રીમતી મીરાંબેન શાહ દ્વારા આભારવિધી









# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ - સ્પર્ધા
















# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ - સ્પર્ધા














# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ - તસ્વીરી ઝલકિયાં
















# સમયની સાથે...

**નીલમ દોશી**



છેલ્લા બે દિવસથી શીલાબહેન ગુમસૂમ બની ગયા હતા. બહારથી બિલકુલ મૌન. પણ અંદર તો જાણે વિચારોનું મહાભારત ચાલતું હતું. હકીકતે સ્નેહા નો પ્રસ્તાવ હતો જ એવો... ખળભળી જવાય તેવો. ૫૫ વર્ષની ઉંમરે લગ્ન ?

અમેરિકામાં ભલે એ બધું સામાન્ય ગણાતું હોય... પણ પોતે મૂળથી થોડા જ અમેરિકન હતા ? થોડાં વર્ષો અમેરિકા રહ્યા એટલે ભારતીય થોડા મટી ગયા હતા ? આ ઉંમરે તે કંઈ ફરીવાર આવો વિચાર કરાતો હશે ? સ્નેહા તો ગાંડી છે... નવા જમાનાની છે. એટલે આવું બધું વિચારે. પણ પોતાને થોડું આ બધું શોભે ?

હા, એમ તો પોતાના જમાનામાં પોતેય નવા જમાનાના જ ગણાતા હતા ને ? ભણેલા-ગણેલા ને સુધરેલા!! આજે ભલે જૂનવાણીમાં ખપતા હોય... લોકો શું કહેશે ? તેનો ત્યારેય બહું વિચાર નહોતા કરતા. પણ ત્યારની વાત જુદી હતી... પતિનો સાથ હતો. સહકાર હતો. આજે નસીબે તેમને દીકરાના ઓશિયાળા બનાવી દીધા હતા, ને દીકરો કદાચ ગ્રીન કાર્ડવાળી વહુનો ઓશિયાળો બની ગયો હતો!!!

તે પોતે જીવનના સંધિકાળે એક અજબ અસમંજસમાં આવી ગયા હતા. સ્નેહાની વાતો મનમાં પડઘાતી હતી અને મનોમન પોતે જ તેનો પ્રતિકાર પણ કર્યો જતા હતાં.

''આંટી, મને યે ખબર નથી પડતી કે હું તમને કઈ રીતે વાત કરું ? શાલિન તો એક મહિનાથી મારી પાછળ પડ્યો છે, ને મને યે એની વાત સાચી ને સારી લાગે છે. એટલે કહેવાની હિંમત કરું છું. તમે મને દીકરી જેવી માની છે, ને હું તમારી પરિસ્થિતિ બધી જોઈ ચુકી છું. તમે ભલે મોઢેથી દીકરા-વહુનું કાંઈ બોલતા નથી, પણ તમારી વ્યથા, તમારી લાચારી, તમારી અકળામણ મારાથી છૂપી છે એમ ન માનતા. બે વર્ષથી હું બધી પરિસ્થિતિની સાક્ષી છું. માલાભાભી તમને વૃદ્ધાશ્રમમાં મૂકવા માટે રોજ ભાઈ સાથે ઝઘડે છે. એ હું નથી માનતી તમારાથી અજાણ્યું હોય.

અને આંટી, મારા પપ્પાની પરિસ્થિતિ થોડી જુદી છે, એમને તો દીકરો નથી. જે ગણો તે અમે દીકરી-જમાઈ જ છીએ. શાલિનનો સ્વભાવ ઘણો સારો છે. એટલે આમ તો પપ્પા ને કોઈ અસંતોષ નથી. તે બોલતા નથઈ પણ દીકરીને ઘેર કાયમ રહેવાની લાચારી તેમના જૂના સંસ્કારને લીધે તેમને ખટકે છે.

અને મમ્મીના ગયા પછી - અહીં તો સાવ એકલા પડી ગયા છે. વતનમાં જવા ઝૂરે છે. પણ એને એકલા મૂકવા અમે તૈયાર નથી. આંટી તમે જેમ અંકલ ને ખૂબ પ્રેમ કરતા હતા તેમ પપ્પા પણ મારી મમ્મી ને ખૂબ પ્રેમ કરતા હતા. પણ કુદરતને એ ક્યા મંજુર હતું ? ખેર...!

આંટી, પપ્પાને કોઈ વાત કરવાવાળું સાંભળવાવાળું... સાથીદાર જોઈએ... આ ઉંમરે બધા માટે એ સ્વાભાવિક છે. કોઈની હૂંફ મળે તો પપ્પા આજે પણ ઘણું કરી શકે તેમ છે. આંટી મને લાગે છે તમને બંનેને હૂંફની-લાગણીની જરૂર છે. તમે બંને સ્વસ્થ છો. એક બીજાને સમજી શકો છો. છેલ્લા બે વર્ષથી એકબીજાને ઓળખો છો. સુખ-દુખની વાતો કરો છો... તો બંનેને કાયમ માટે એક સાથીદાર મળે તો ખોટું શું છે ? અમે તેમને પૂરતો સમય આપી શકતા નથી.

આમેય અમારું ઘર તો ભારતમાં ખાલી જ છે. તમે ને મારા પપ્પા બંને ભારત માટે ઝુરો છો. નજીકના સગાંવહાલાં તો બંનેમાંથી કોઈને નથી. જે છીએ તે અમે છીએ. અને હોય તોય શું ? કદાચ થોડા દિવસ વાતો કરીને, ટીકા કરીને રહી જશે - આંટી પ્લીઝ... તમે હા પાડો - એટલે પપ્પાને પણ હું સમજાવું...''

કેટકેટલું સ્નેહા તો બોલતી રહી હતી. પૂરા બે કલાક... પોતાની દરેક દલીલના જવાબ તેની પાસે હાજર જ હતા અને અંતે પોતે વિચારશે એમ કહ્યું ત્યારે જ ગઈ. અને ત્યારના શીલાબહેન જાત સાથે વાતો કરતા હતા. પોતે જ ફરિયાદો, પોતે જ વકીલ ને પોતે જ ન્યાયાધીશ બની ગયાં હતાં મનની કોર્ટમાં. અને આ કોર્ટની કાર્યવાહી તો રાત-દિવસ વણથંભી ચાલુ રહી હતી. હજુ યે ક્યાં સુધી ચાલત!

ત્યાં તેને કાને માલાના શબ્દો અથડાયા. આજે ફરી માલાએ ચાલુ કર્યું લાગતું હતું અને સંદીપ હંમેશની જેમ મૌન બનીને સાંભળતો હતો.

''નહીં, હું કાંઈ ન જાણું. મારે આજે ફેંસલો જોઈએ...અરે, અહીં તો સરસ સંસ્થાઓ છે.''

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૨-૨૦૨૪ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| શ્રીમતી શારદાબેન ભોગીલાલ વોરા પરિવાર | રૂા. ૧૦,૦૦,૦૦૦/- |
| માતુશ્રી જ્યોત્સનાબેન ધીરજલાલ શાહ | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| શ્રી રોહિતભાઈ લક્ષ્મીકાંતભાઈ ગોસલિયાના સ્મરણાર્થે | રૂા. ૩,૦૦,૦૦૦/- |
| હસ્તે શ્રીમતી મીતાબેન અને પ્રણવ, લીંબડી નિવાસી (હાલ ઘાટકોપર) | |
| શ્રીમતી વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધી પરિવાર | રૂા. ૨,૨૦,૦૦૦/- |
| શ્રીમતી સુશીલાબેન સી. શાહ | રૂા. ૧,૦૦,૦૦૦/- |

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**માતુશ્રી ચંપાબેન દિપચંદભાઈ તુરખિયા મેડિક્લેમ યોજનામાં તા. ૨૫.૦૨.૨૦૨૪ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| શ્રીમતી વર્ષાબેન વિરેન્દ્રભાઈ ગાંધી પરિવાર | રૂા. ૭,૦૦,૦૦૦/- |

''પણ - તે જ તો આગ્રહ કરીને મમ્મી ને અહીં તેડાવ્યાં હતાં. ને એટલે તો મમ્મી તારા કહેવાથી ગામનું ઘર વેચીને - બધું કાઢીને અહીં કાયમ માટે આવેલ.''

''હા, પણ ત્યારે મને થોડી જ ખબર હતી કે હું જ મારા પગ પર કુહાડો મારી રહી છું ? મને એમકે પિંકી નાની છે, ને આપણે બંને જોબ પર જઈએ તો મમ્મી સાચવે.''

''હા, પણ તેથી શું ?''

સંદીપ શક્ય તેટલી દલીલ ધીમા અવાજે કરતો રહ્યો.

'અરે, મારી હવે લિમિટ આવી ગઈ છે. મમ્મી રોજ પિંકીને કચકચ કર્યા કરે છે. અરે ! આ એમનું ગામડું નથી. અમેરિકા છે. પિંકીને ય સેલ્ફ રીસ્પેક્ટ હોય કે નહીં'' ? દેશ તેવો વેશ... પણ મમ્મીને એ બધું સમજાય તેમ નથી.''

સંદીપ મનમાં તો કદાચ સમજતો હતો. હવે જરૂર ન રહેવાથી માલા મમ્મીને રાખવા નથી માગતી.. બાકી મમ્મી તો ૭ વર્ષની પિંકીને ક્યાં ટોકવાનાં હતાં ? પણ જ્યારે બહાનું જ જોઈતું હોય - ત્યાં કોઈ ઉપાય નહોતો...

સંદીપ મનમાં જ વિચારી રહ્યો. ત્યા માલા ભભૂકી ઉઠી.

''આમ મૂંગા રહેવાથી કંઈ નહીં વળે. આજે તો તમારે ફેંસલો કરવો જ રહ્યો. હવે મારાથી સહન નહીં થાય... કહી દઉ છું. હું જ કાલે કોઈ સારી સંસ્થાની તપાસ કરી આવીશ.

સંદીપ શું જવાબ આપે છે તે સાંભળવા શીલાબેન મથી રહ્યા.

પોતાનો નિર્ણય પણ તે જવાબ પર જ આધારિત હતો ને ? ત્યાં સંદીપનો દબાયેલ અવાજ સંભળાયો,'' ઠીક છે હું કાલે તપાસ કરી આવીશ.''

ફેંસલો જાણે થઈ ગયો.!! જે શબ્દ પોતાને નહોતા સાંભળવા... નહોતા સ્વીકારવા.. તે સાંભળી શીલાબેનનું સમગ્ર અસ્તિત્વ હચમચી ઉઠ્યું. શું પોતે એટલા બધા બોજારૂપ બની ગયા છે ? આજે દીકરાના ઘરમાં તેમને માટે જગ્યા નથી ! આ જ દીકરા માટે તેમણે આકરી બાધાઓ લીધી હતી ? માનતાઓ માની હતી ? કે રાત દિવસ ઉજાગરા કર્યા હતા ? વિચારોનું પૂર આંસુ બનીને આંખમાંથી છલકાઈ રહ્યું.

અને સવારે દીકરો ફેંસલો કરે તે પહેલાં મા એ જ ફેંસલો લઈ લીધો હતો. જેને જે બોલવું હોય તે બોલે. પોતાને પોતાની જીંદગી જીવવાનો હક્ક છે. પોતે જીવશે... અને સારી રીતે જીવશે...

અને એક મહિનામાં તો કોર્ટમાં સહી સિક્કા કરી...મુકુલભાઈની અર્ધાંગની બની તે વતન આવી પહોંચ્યા હતા. અને એકબીજાની હૂંફ વડે નવપલ્લવિત બની ''માનવ પરિવાર'' જેવી સંસ્થા સાથે જોડાઈ... બીજાના જીવનને પણ નવપલ્લવિત બનાવવા મથી રહ્યા હતા. જીવનને એક નવું જ પરિણામ મળ્યું હતું. અને બે જીંદગી ધબકી રહી.

❖❖❖

# સવારની ચા નો કપ સાંજે !

ભૂપત વડોદરિયા

એક બેંક અધિકારીને સાત વરસ પહેલાં મળવી જોઈતી બઢતી છેક હમણાં મળી એટલે તે અંગેના અભિનંદનનો સ્વીકાર કરતાં તેમણે અફસોસ પ્રગટ કર્યો કે, સવારે ચાના કપની રાહ જોતા બેઠા હોઈએ અને ચાનો કપ સાંજે મળે તેવું થયું !

માણસ આ કે તે પ્રાપ્તિ માટે પોતાના મનથી એક સમયબિંદુ નક્કી કરી નાંખે છે. તે ક્ષણે તે તલપાપડ બનીને પ્રાપ્તિની કે બઢતીની રાહ જુએ છે. પછી તરસ્યા કરે છે. ખરેખર, જ્યારે તેને ઈચ્છિત ફળ મળે ત્યારે તેને થાય છે કે કેટલું મોડું થઈ ગયું ! ધાર્યા કરતાં ખૂબ મોડું મળ્યું. તે પ્રસંગે પણ ગમગીન બની જાય છે.



બ્રિટનના વડાપ્રધાન ડિઝરાયલી સંઘર્ષની લાંબી મજલ પછી વડાપ્રધાન બન્યા ત્યારે એમણે આવા જ શબ્દો ઉચ્ચાર્યા હતા. વડાપ્રધાનનું પદ તો આખરે મળ્યું પણ કેટલું મોડું ! પછી તેને ખબર પડી કે કેટલીક ઘટનાઓ તો એક જ વાર બને છે. તે વહેલી મળે તો કંઈ ન્યાલ થઈ જવાતું નથી અને મોડી મળે તો કંઈ પાયમાલ થઈ જવાતું નથી. ઘણા બધા માણસોને તો તેમણે ઈચ્છેલી વસ્તુ અંત સુધી મળતી પણ નથી. કેટલાકને તેમના મૃત્યુ પછી આખી જિંદગી ઝંખેલી કીર્તિ મળી હોય તેવું પણ બન્યું છે. મોડા મોડા પણ માંગેલું જે કંઈ મળે તેને માટે સંતોષ માનવો તે જ સાચું વલણ છે. પણ માણસનું મન એવું છે કે પોતાની ધારણા કરતાં સહેજ પણ મોડું થાય અને કાંઈક મળે ત્યારે 'વિરોધની લાગણી' સાથે તેનો સ્વીકાર કરે છે ! સવારે ઝંખેલી ચા સાંજે મળી હોય તેવું લાગે પણ ચા હજુ ગરમ જ હોય તો ઓછું આણવાની જરૂર નથી.

દરેક માણસને પોતાની જિંદગીના નકશારૂપે ઊંચો પહાડ જોવાનું જ ગમે છે. પણ યાદ તો રાખવું જ પડે છે કે જે પર્વતની ટોચ પર પહોંચે છે તેણે તળેટી તરફ પાછા ફરવાનું આવે જ છે. એક એક ટેકરી પગથિયું બને અને ઊંચામાં ઊંચા પહાડ પર તમે પહોંચો પછી શું ? કોઈ આકાશને અડી શકતું નથી. કોઈ પર્વતની ટોચ પર જ રહી શકતું નથી. કેટલાક માણસો ગૌરવપૂર્વક પર્વત પરથી નીચે ઊતરે છે, કેટલાક ગબડી પડે છે. કેટલાક ધક્કે ચઢીને નીચે આવે છે, પણ ઊંચાને ઊંચા ઊડયા જ કરવાનું લગભગ અશક્ય છે. માણસને કંઈ પણ માનવાંચ્છિત ફળ મોડું મળે તો તે વહેલું મળ્યું હોત તો સારું હતું એવો અફસોસ હૃદયમાં ઘૂંટતી વખતે વિચારવું જોઈએ કે આ બધું વહેલું મળ્યું હોત તો શું ફરક પડત ? આવો અફસોસ કરનાર એવું માનતા હોય છે કે આજે મોડું મળેલું ફળ વહેલુ મળ્યું હોત, પોતે જ ક્ષણ વધુમાં વધુ ઝંખ્યું હતું તે ક્ષણે મળ્યું હોત તો તેઓ આજે તેના કરતાં પણ વધુ મોટી પ્રાપ્તિને લાયક બની ચૂક્યા હોત ! હકીકતે માણસની જિંદગી સીધા ને સીધા તેમજ ઊંચે જ દોરી જતાં પગથિયાનો જ નકશો કદી હોતો નથી. કેટલાક બનાવો એક જ વાર બને છે તે વહેલા બને કે મોડા બને - વહેલા બને તો ચઢતીની વધુ તકો બાકી રહે અને મોડા મળે તો તે છેવટની તક બની જાય તેવો કોઈ નિયમ નથી.

કોઈ પણ પ્રકારની બઢતી કે પ્રાપ્તિને માણસે પોતાની લાયકાતના આખરી પ્રમાણપત્ર કે પુરાવારૂપે જોવાની પણ જરૂર નથી. ઝાંખેલી વસ્તુ ચોક્કસ ક્ષણે મળતી નથી, તેનું જે દુઃખ માણસને થાય છે, તેના મૂળમાં આ લાગણી પડેલી છે. તે માને છે કે, તેણે ઘણી વહેલી લાયકાત પ્રાપ્ત કરી લીધી છે અને આવી યોગ્યતા પ્રાપ્ત કરી લીધી છે અને આવી યોગ્યતા પ્રાપ્ત કરી લીધા છતાં પોતે માંગેલું સ્થાન કે ઈચ્છેલી સ્થિતિ પ્રાપ્ત થઈ નહીં તેનો અર્થ એ કે પોતની લાયકાતની અવગણના થઈ ! તમે ખરેખર તમારી કાઈ લાયકાતમાં માનતા જ હો તો તે લાયકાતને તમારે અમુક દરજ્જાની પ્રાપ્તિના ગજથી માપવાની જરૂર જ નથી. એક પલ્લામાં લાયકાત અને બીજા પલ્લામાં પ્રાપ્તિ એવી રીતે જિંદગીને વજનના કાંટા પર ચઢાવવાની જરૂર નખી. માણસની જિંદગીમાં ખરેખર ધન્યતાની

લાગણી આપનારી ચીજ લાયકાતની અને સુસજ્જતાની ઝંખના છે. વધુ ને વધુ કુશળ બનવાનો એક આનંદ છે. આવા કૌશલની પ્રાપ્તિ એ જ એક મોટો આનંદ છે. એવી કોઈ પણ લાયકાતને અમુક સ્થાન કે બઢતી માટેના પરવાના-પત્ર તરીકે જોવાની જરૂર નથી. સ્થાન કે બઢતી મળે તે સારી વાત છે પણ તેને જ સાર્થકતા સમજવાની જરૂર નથી. સંપૂર્ણ લાયકાત હોય અને તે લાયકાત મુજબનું સ્થાન ના મળે તો તે કોઈ મોટી કમનસીબી નથી. વધુ મોટી કમનસીબી તો પ્રાપ્ત થયેલી બઢતી કરતાં લાયકાત ટૂંકી પડે તે છે.

સર વિન્સ્ટન ચર્ચિલની રાજકીય કારકિર્દી જાણીતી છે. ૬૦ વર્ષની ઉંમર સુધીની તેની જિંદગી એક પછી એક નિષ્ફળતાની હારમાળા હતી. મહત્વાકાંક્ષા અદમ્ય હતી. કંઈક મળતું અને તરત ચાલ્યું જતું! અપજશનો પોટલો મૂકીને ચાલ્યું જતું! ચર્ચિલ માનતો કે તે ખૂબ લાયક અને કાબેલ છે. એટલે તેના પક્ષના આગેવાનો જાણી-જોઈને તેને સ્થાન આપતા નથી અને ઈરાદાપૂર્વક તેની અવગણના કરે છે. ચર્ચિલ આ રીતે પોતાના પક્ષના આગેવાનોને ધિક્કારની નજરથી જોતો રહ્યો. છેવટે જ્યારે ચર્ચિલે ઝંખેલું વડાપ્રધાનનું પદ તેની સામે આવીને ઊભું રહ્યું ત્યારે તેનું હૃદય આનંદથી છલકાઈ ઊઠયું. સાથે સાથે તેને વિચાર આવ્યો કે ભૂતકાળમાં જે જે ક્ષણે મેં જે જે સ્થાનની ઝંખના કરેલી એ સ્થાનો પણ તે વખતે મળ્યાં હોત તો આજનું આ ઈનામ પ્રાપ્ત કરવાનું શક્ય રહ્યું હોત ખરું? તેણે ભૂતકાળના બનાવો પર નજર કરી અને તેને અચંબો થયો કે ભૂતકાળમાં માગેલાં સ્થાનો તેને મળ્યાં હોત તો તે હકીકત જ તેની આજની સૌથી મોટી લાયકાત પેદા જ થઈ ના હોત! હીટલરની સાથે શાંતિ-સંધિ કરવાની નીતિ, જર્મની માગે તે આપીને સમાધાન કરવાની ચેમ્બરલેઈનની નીતિનો એ ભાગીદાર બન્યો હોત તો તે યુદ્ધમાં સપડાયેલા બ્રિટનનો આગેવાન બની જ ના શક્યો હોત!

મોડે મોડે માણસને જે કાંઈ મળે છે તે માટેની તેની લાયકાતના મૂળમાં ભૂતકાળની આવી ઘણી 'ગેરલાયકાતો' પડી હોય છે. સ્ટાલિનની ઊંચાઈ ઓછી ના પડી હોત અને લશ્કરમાં ભરતી થઈ ગયો હોત તો તે લશ્કરમાં જ કોઈક નાની કે મોટી પાયરી પર પહોંચીને ગુમનામ નિવૃત્તિમાં ધકેલાઈ ગયો હોત! અમેરિકાના મશહૂર વાર્તાકાર આએ. હેનરીને હિસાબની ગોલમાલના ખોટા આરોપસર જેલમાં મોકલવામાં આવ્યો ન હોત તો તેણે વાર્તાઓ જ લખી ના હોત! હકીકતે માણસે પોતાની માનેલી બધી લાયકાત છતાં મળેલી નિષ્ફળતાઓમાંથી જ એક લાયકાત પેદા થાય છે, જે નવી સફળતાને પ્રાપ્ત કરવામાં નિમિત્ત બની રહે છે.

એક રશિયન કવિએ ઠીક કહ્યું છે કે આકાંક્ષાના બહુ ઊંચા વડને પાણી પાયાં અને આવા મોટા ઝાડને બહુ જ નાનકડા ટેટા આવ્યા ત્યારે છાતી બેસી ગઈ! બીજી બાજુ સહેજ પણ ઊંચા નહીં ચઢી શકતા વેલા જમીન પર પથરાયા. આ જમીનદોસ્ત વેલાનાં તડબૂચ જોયાં ત્યારે આશ્ચર્યથી છાતી ગજરાજ ફૂલી! બે ઊંચા ઝાડ ઊભાં કરીએ એટલે મોટાં ફળ જ મળે તેવા ભ્રમમાંથી છૂટકારો થયો!

ફળપ્રાપ્તિ, બઢતી, એ બધું જ બાજુએ રાખીને ખરેખર વિચારવા જેવું આ છે કે કોઈ ને કોઈ વિદ્યા અગર કંઈ ને કંઈ કૌશલ પ્રાપ્ત કરવાની કોશિશમાં જિંદગીનો જે આનંદ છે તેની તોલે બીજું કશું આવી ના શકે. એવી જ રીતે આટલી વિશાળ દુનિયામાં ઘણી બધી જગા છે, ઊંચાં સ્થાનો છે, કેટલાંક સુંદર સ્થળો છે. પણ બધું જ આપણે જોઈ કે ભોગવી શકીએ તેમ નથી. બહારની દુનિયામાં ક્યાં સુંદર સ્થાન કેવી જગા પ્રાપ્ત કરી લીધી તેના પરથી પણ તમે તમારા સુખ-સંતોષનો આખરી હિસાબ કાઢી શકવાના નથી. તમારા પોતાના જીવનમાં, તમારા પોતાના ઘરમાં, તમારા પોતાના કુટુંબમાં, તમારા સ્નેહીસંબંધી અને મિત્રોના સમુદાયમાં તમે કેવી રીતે ગોઠવાઈ શકો છો, તમારા માટે કેટલી જગા મેળવી શકો છો - તેના પર તમારા સુખ-સંતોષનો આધાર છે. છેવટે કોઈ પણ માણસ પોતાની જગા અને પોતાનું સ્થાન પોતાની અંદર અને પોતાના આપ્તજનોના હૈયામાં જ શોધવાનું છે. માણસે પોતાની લાયકાતના સરનામાં પણ બહાર ને બહાર શોધવાની વધુ પડતી ભાંજગડમાં પડવા જેવું નથી.

સ્પેનનો એક કવિ કહે છે : મારે નકશામાં કે પ્રત્યક્ષરૂપે કોઈ સુંદર ઊંચા પર્વતો કે સરોવરો કે હરિયાળા પ્રદેશો જોવાની ઝાઝી લાલસા નથી. મને મારા, બાળકના હાથની કળા અને રેખાઓ જોવામાં એટલો રસ પડે છે કે ના પૂછો વાત! મારા વૃદ્ધ પિતાની કરચલીઓમાં હું જે જોઉં છું એવું ભૂસ્તર મેં ક્યાંય જોયું નથી!

મેં મારી માતાની આંખમાં મારી પોતાની છબી જોઈ છે તેનું વર્ણન કરવા માટે મારી પાસે શબ્દો નથી! કેટલીકવાર તો સ્નેહના સંબંધોમાં હું જે મીઠી ભીંસ અનુભવું છું તેમાં એટલો બધો તરબતર બની જાઉં છું કે મને લાગે છે કે, આમ ને આમ જીવું તોય મઝા છે અને મરું તો ય ધન્ય!

❖❖❖

# હેલ્થ ઇન્સ્યોરન્સ

ડૉ. જયંત મહેતા

રવિવારની સવારનો નિરાંતનો...સમય હતો ત્યાં ટેલિફોન ખખડ્યો. ઘરમાં બીજું કોઈ ઉપાડશે એની હું રાહ જોતો હતો. પણ ટીન-એજ છોકરાં કે પત્ની, કોઈને એની બહુ પડી નહોતી. એ બિચારો ખખડ્યે જતો હતો. છેવટે મેં જ ઉપાડ્યો.

'ડૉક્ટરસાહેબ છે ?' સામેથી ગુજરાતી ભાઈ બોલ્યા.

'હા... બોલો આપ કોણ ?'

'હું સુરેશ. સુરેશ... બજેટઈનવાળા. ઓળખાણ પડે છે ? થોડા દિવસ પહેલાં આપણે નવરાત્રિમાં મળેલા.'

'હા... ઓળખ્યા... બોલો... કેમ છો ?'

'ડૉક્ટરસાહેબ, વાત એમ છે કે થોડા મહિના થયા ઈન્ડિયાથી બા આવ્યાં છે. એમને બ્લડપ્રેશરની ભારે તકલીફ છે. તમારી પાસે એમને લાવવાં હતાં.'

'તો એમ કરોને... સોમવારે સવારે ઑફિસમાં ફોન કરીને એપોઈન્ટમેન્ટ લઈ લો.'

'એ જ તકલીફ છે. મેં ફોન કરેલો. બે મહિના સુધી એપોઈન્ટમેન્ટ નથી. અને ઈન્સ્યોરન્સ નથી એટલે તમારી સેક્રેટરી એપોઈન્ટમેન્ટ આપવામાં જ આનાકાની કરે છે.'

'સારું... એમ કરો... તમે કાલે બપોરે બે વાગ્યે એમને લઈને આવી જજો. જે દવા લેતાં હોય તે અને બીજાં જે કાંઈ કાગળિયાં હોય તે અને બીજાં જે કાંઈ કાગળિયાં હોય તે લેતા આવજો...'

'તમારો ઘણો આભાર...'

'ચાલો... કાલે મળીશું.' મેં ફોન મૂકી દીધો.

બીજા દિવસે સુરેશભાઈ એમનાં બાને લઈને આવી ગયા. બાનું નામ મંજુબા. સુરેશભાઈના પિતા ત્રણેક વર્ષ પહેલાં ગુજરી ગયેલા. મંજુબા હવે એકલાં પડ્યાં. દેશમાં એ એકલાં રહે એના કરતાં એમને અહીં



બોલાવી લેવાનું સુરેશભાઈ અને એમના નાનાભાઈએ નક્કી કર્યું. વિઝિટર વિઝા ઉપર બોલાવી લીધાં. પછી ગ્રીનકાર્ડનો પ્રોસેસ કરવાનો હતો. દેશી ઈમિગ્રન્ટ લોકોની ઘર ઘરની આ ઘટના છે.

નર્સે મંજુબાનું પ્રેશર વગેરે માપીને એક્ઝામિનિંગ રૂમમાં બેસાડ્યાં. એમનો વારો આવ્યો એટલે હું રૂમમાં દાખલ થયો.

'જયશ્રીકૃષ્ણ, બા... કેમ છો ? અમેરિકામાં ગમે છે ?'

'ગમે કે ના ગમે... શું કરીએ ભૈ ? આ પારકા પરદેશમાં તમારા જેવા ગુજરાતી બોલનારા માયાળુ દાક્તર મળે એ પણ એની જ કૃપા ને ? સહેજ હાંફતા હાંફતા બા બોલ્યાં. એમની ઉમ્મર હશે ૬૦-૬૨ જેટલી. થાકેલાં. ચહેરા ઉપર ઉમ્મરે કરચલીઓ.

મંજુબાને બ્લડપ્રેશરની બીમારી તો વર્ષોથી હતી જ. દેશમાં શેરીના નાકે જ ખાનગી દાક્તરનું દવાખાનું હતું. એ ડૉક્ટરની સારવાર હેઠળ નિયમિત દવા લઈ આવતાં. પાંચ રૂપિયાની વિઝિટ ફીમાં બધું પતી જતું. આમેય દૂબળું શરીર અને મીઠાની પરેજી પાળતાં હતાં એટલે બદ્દું કાબૂમાં હતું. પણ પતિના મૃત્યુ પછી એકલાં પડી ગયાં હતાં. એનો આઘાત એમને લાગ્યો હતો. અને એની અસર શરીર ઉપર વધારે થઈ હોય એવું લાગતું હતું.

દેશના પડોશીઓ એમને કહ્યા કરતાં કે મંજુબા, અહીં આ ઉમ્મરે એકલાં એકલાં ટાંટિયા ઘસવા કરતાં અમેરિકામાં બે દીકરાઓ છે ત્યાં જતાં રહો. સુરેશભાઈ અને બીજો દીકરો પણ વારંવાર આગ્રહ કરીને અમેરિકા આવી જવાનું કહેતા. સુરેશભાઈ લાલચ આપતા કે, 'છોકરાં બધાં દાદીમાને બહુ યાદ કરે છે. એમને તમારી સાથએ રહેવું છે.' છોકરાંને મળવાનો લોભ મંજુબા ટાળી શક્યા નહોતાં. બધી પરિસ્થિતિનો વિચાર કરીને આખરે મંજુબા અમેરિકા આવી પડ્યાં.

એમને સુવાડીને તપાસતાં પહેલાં મેં એમની સાથે વાતો કરીને થોડો મેડિકલ હિસ્ટ્રી લેવા પ્રયત્ન કર્યો. ઈન્ડિયામાં પણ એકાદ બે વખત છાતીનો દુખાવો થયેલો. પણ ડૉક્ટરોએ કોઈ ટેસ્ટબેસ્ટ લીધેલા નહીં. એક વાર કાર્ડિયોગ્રામ કઢાવેલો તે નૉર્મલ આવેલો. એમને ડાયાબિટીસ કે એવું કાંઈ હતું નહી એ સારી નિશાની હતી. સાડીમાં સજ્જ એવી ભારતીય સ્ત્રીની શારીરિક તપાસ કરવી મુશ્કેલ હોય છે. જેણે કરી હોય

એ જ જાણે. મંજુબાને ગાઉન પહેરાવવો મને જરૂરી લાગ્યો જેથી હું એમના ફેફસાં, હાર્ટ બધું બરાબર તપાસી શકું. બહાર નીકળીને મેં નર્સને મંજુબાને ગાઉન પહેરાવવા કહ્યું. તે પછી અંદર જઈ મેં મંજુબાને બરાબર તપાસ્યાં. બ્લડપ્રેશર થોડું વધારે આવ્યું. વળી કાર્ડિયોગ્રામ પણ લીધો. એ જોતાં મને ડર લાગ્યો કે કોઈક હાર્ટ-ડીસીસ હોવો જોઈએ.

વેઈટિંગરૂમમાંથી સુરેશભાઈને મારી ઑફિસમાં બોલાવ્યા. બધી વાત સમજાવી. મંજુબાની જૂની દવાઓની શીશીઓ મેં જોવા માગી. એમાં એક તો ત્રિફળાની ફાકી હતી.

'આ ત્રિફળા મંજુબા ભલે ચાલુ રાખે. પણ છીંકણી એકદમ ઓછી કરી નાખવાનું કહેજો... હું પણ કહીશ.'

દવાની બીજી બાટલીઓ મેં જોવા માંડી. બ્લડપ્રેશરની ગોળીઓ હતી. પણ મોટા ભાગની એક્સપાયર થવાની તૈયારીમાં હતી. એટલે એ બધી નકામી થી ગઈ કહેવાય. મંજુબા ઈન્ડિયાથી વધારે દવાઓ લેતાં આવેલાં જેથી દીકરાને અમેરિકામાં મોંઘો ખર્ચો ના થાય. અમેરિકામાં ડૉક્ટરના અને દવાઓના ખર્ચા બહુ જ મોંઘા હોય છે એવું એમને કોઈકે કહેલું.

મેં નવું પ્રિસ્ક્રિપ્શન લખીને સુરેશભાઈના હાથમાં મૂક્યું. સુરેશભાઈએ મારા તરફ એ રીતે જોયું જાણે પૂછતા હતા કે હું આ કાગળિયાને શું કરું!

'સુરેશભાઈ, તમે આ ગોળીઓ ફાર્મસીમાંથી લઈ આવજો. બાને હવે એની જરૂર છે.'

'ડૉક્ટરસાહેબ, મેં ફાર્મસીમાં ફોન કરેલો. આ ગોળીઓનો ખર્ચ દર મહિને ૧૫૦-૨૦૦ ડૉલર થાય એમ છે. બાને ઈન્સ્યોરન્સ નથી. એટલે...'

મને બહુ નવાઈ લાગી. આ કેવા માણસ છે! સગી મા પાછળ દવાના પૈસા ખર્ચવામાં એમનો જીવ નથી ચાલતો! સગી માની એમને પડી નથી! આવડી મોટી 'બજેટઈન' લઈને બેઠા છે અને દવાના ઈન્સ્યોરન્સની ચિંતા કર્યા કરે છે! મોટેલ ધમધોકાર ચાલે છે એવું તો કહ્યા કરે છે. બીજી મોટેલ લેવાની તૈયારી પણ કરી રહ્યા છે. હમણાં એક જૂની મર્સિડીસ ગાડી લીધી. એમના નાનાભાઈ મુકુંદભાઈ પણ બે મોટાં ગૅસસ્ટેશન અને એક ગ્રોસરીસ્ટોર ચલાવે છે. આ બધું છે અને માની દવાના પૈસા આ લોકો પાસે નથી! પણ તરત મેં મારા મનને કાબૂમાં લીધું. આ રીતે તેમના વિષે મારે અભિપ્રાય બાંધી લેવો ના જોઈએ. I should not be opinionated. આ રીતે બધું 'માની લેવામાં જ' માણસ માણસને સમજવામાં ગોટાળા ઊભા કરે છે. એ કદાચ 'બજેટઈન'ના માલિક ન પણ હોય. માત્ર નોકરી કરતા હોય. અથવા માત્ર થોડા ટકાના ભાગીદાર હોય. મા પ્રત્યે અનહદ લાગણી અને પ્રેમ હોવા છતાં એમને ખરેખર પોસાતું ન પણ હોય અથવા બીજાં કોઈ કારણો આડાં આવતાં હોય અને એને લીધે મનમાં ને મનમાં ખૂબ દુ:ખી પણ થતા હોય. એટલે અભિપ્રાય બાંધી લીધો એ ભૂલ કરી.

એટલામાં મંજુબા અંદર આવ્યાં. મેં સુરેશભાઈ સાથે મારી વાત ચાલુ રાખી.

'હમણાં તો મારી પાસે થોડા સૅમ્પલ છે. કામચલાઉ હું આપું છું. પણ પછી ધીમે ધીમે તમે વ્યવસ્થા કરી લેજો. સુરેશભાઈ, બીજી પણ એક વાત છે... બા માટે હાર્ટના કૅથેટર ટેસ્ટ (angiogram) લેવાની જરૂર છે. થોડો ખર્ચાળ ટેસ્ટ છે. પણ બહુ જરૂરી છે.'

સુરેશભાઈ હા-ના કહે તે પહેલાં જ બા બોલી ઊઠ્યાં :

'ભૈ, આવા મોંઘા ટેસ્ટ રહેવા દો. આ ઘરડે ઘડપણ આ ખોળિયાને સાચવવા પાછળ નકામી દોડધામ શા માટે... રહેવા દો એ બધું.'

મેં બહુ સમજાવ્યાં પણ મંજુબા માન્યાં નહીં. બેત્રણ મહિના વીતી ગયા. એમની તબિયત ઠીક રહેતી હતી. પણ સૅમ્પલની દવાઓ ખલાસ થઈ ગઈ હતી. એટલે છાતીનો દુખાવો પાછો શરૂ થઈ ગયો હતો. એ મારી ઑફિસમાં પાછાં આવ્યાં.

'ભૈ દીકરો એટલો બિઝી રહે છે કે બિચારાને પાણી પીવાનોય ટાઇમ નથી મળતો.' મંજુબાએ મારી આગળ સુરેશભાઈનો પાંગળો બચાવ કર્યો. સુરેશભાઈ બાને મારી ઑફિસમાં ઉતારીને ચાલ્યા જતા. મારી સેક્રેટરી ફોન કરે એટલે આવીને લઈ જતા.

મંજુબા સ્વભાવનાં મહેનતુ. નવરા બેસી રહેવું એમને ગમે નહીં. વહુને રસોડામાં સતત મદદ કર્યા કરતાં. મોટા ભાગનું રસોડું એ જ સંભાળતાં. છોકરાં પાછળ પણ એ જ દોડાદોડી કરતાં. આ બધાથી શારીરિક શ્રમ વધી જતો.

સુરેશભાઈ મંજુબાને લેવા આવ્યા એટલે મેં એમને મારી ઑફિસમાં બોલાવ્યા અને સીધેસીધી વાત કરી નાખી.

'જુઓ સુરેશભાઈ, હું બાને તપાસવાની મારી ફી લેતો નથી. સૅમ્પલ પણ આપતો રહું છું. હવે મહેરબાની કરીને તમે બાની દવા ખૂટી જાય તેવું ના કરશો. એમનો જીવ જોખમમાં મુકાશે. વેળાસર હવે હાર્ટના ટેસ્ટ પણ કરાવી લો.'

'પણ ડૉક્ટરસાહેબ, હું શું કરું? બા જ માનતાં નથી. હું તો હાર્ટ-કૅથેટરનો ખર્ચ કરવા પણ તૈયાર છું. બા જ આડાં થઈને બેઠાં છે.'

સુરેશભાઈની વાત મને સાચી લાગી. મંજુબાને જ કદાચ એમ થતું હશે કે આ ઘસાઈ ગયેલા ખોળિયા પાછળ દીકરાને આવડા મોટા ખર્ચમાં નાખી ભારરૂપ નથી થવું. એટલે મેં મંજુબાને અંદર બોલાવી ખૂબ સમજાવ્યાં. ઓળખીતા ઈન્ડિયન ડૉક્ટરો પાસે તદ્દન ઓછા ખર્ચે બધું કરાવીશું એવી ખાતરી આપી. જેમતેમ, કમને, મંજુબા હાર્ટ-કૅથેટરના ટેસ્ટ માટે તૈયાર થયાં.

સામાન્ય રીતે જે ખર્ચ થાય તેના પચીસ ટકામાં પતે એવી મેં વ્યવસ્થા કરી આપી. એ રકમ પણ સુરેશભાઈ હપતે હપતે શકે એવી સગવડ કરી આપી. સુરેશભાઈ આર્થિક રીતે ગરીબ હોય એવું તો નહોતું લાગતું. નવાઈની વાત તો એ કે એમની પાસે પણ એમનો પાતાનો કે ફૅમિલીનો હેલ્થ ઈન્સ્યોરન્સ નહોતો.

હાર્ટ-કૅથેટર ટેસ્ટનું પરિણામ મેં જોયું. સુરેશભાઈ અને મંજુબાને બોલાવીને બધી વાત કરી.

'સુરેશભાઈ, બાને હાર્ટનું બાયપાસ ઑપરેશન કરવાની જરૂર છે. આમાં સ્પષ્ટ દેખાય છે. એ પછી કોઈ પણ પ્રકારની તકલીફ વગરનું બાનું આયુષ્ય દસેક વર્ષ જેટલું લંબાય એમ છે. એમને ખૂબ સારું લાગશે. પરંતુ એનો ખર્ચ થશે ચાળીસ હજાર ડૉલર જેટલો.'

ખર્ચની વાત સાંભળતાં જ મંજુબા ભડક્યાં.

'ભૈ, આટલા બધા પૈસા હવે આ નકામા થઈ ગયેલા નશ્વર દેહ પાછળ ખર્ચવાનો શો અર્થ છે ? આજ નહીં તો કાલ હવે થોડા વખતમાં આ બહારની કાચલીને બાળી જ મૂકવાની છે ને ! બધું હવે પડતું મૂકો.'

'બા, આ દેહ તો આત્માનું ઘર છે. મંદિર છે. એની કાળજી તો રાખવી જ પડે ને ?' મેં કહ્યું.

'બધી વાત સાચી ભૈ, પણ આ તો કેટલા બધા રૂપિયા થયા ! અમદાવાદમાં બે બંગલા બંધાય.'

મને હસવું આવી ગયું, 'બા શરીર સારું ના હોય તો એ બંગલાને શું કરવાના ? અને તમને ખબર છે... અહીં અમેરિકામાં લોકો કેટલું લાંબું તંદુરસ્ત જીવન જીવે છે ? પાંસઠ વરસ થયાં એટલે મરવું જ જોઈએ એવું કોણે કહ્યું ?'

મને એવું લાગ્યા કરતું હતું કે મંજુબા ના પાડ્યાં કરે છે એની પાછળ એમના તત્ત્વજ્ઞાન કરતાં બીજું પણ કાંઈક કારણ હોવું જોઈએ. આ ઑપરેશન બાબત સુરેશભાઈ કાંઈ બોલતા નહોતા. સુરેશભાઈ જો ખોંખારીને બોલે કે, 'બા તું નકામી ચિંતા ના કરીશ. તારી તબિયત કરતાં પૈસા કાંઈ વધારે છે ? એ તો હું કમાઈ લેવાનો. ડૉક્ટર, તમે તમારી ઑપરેશનની તૈયારી કરો.' આવા શબ્દો સુરેશભાઈ બોલે તો મંજુબા જરૂર તૈયાર થાય એવું મને લાગતું હતું. પણ સુરેશભાઈ તદ્દન મૌન રહેતા.

એકાદ મહિનો વીત્યો...

પાછો સુરેશભાઈનો ફોન આવ્યો. અવાજમાં ગભરાટ અને વેદના હતી.

ડૉક્ટરસાહેબ, બાની તબિયત વધારે બગડી છે. ગમે તેમ કરીને ઑપરેશન કરાવવું જ પડશે. મારે તમને એમ પૂછવું હતું. બાને ૬૫ વર્ષ થઈ ગયાં છે. પણ હજુ ગ્રીનકાર્ડ નથી. એટલે મેડિકેર કે એવી બીજી કોઈ સરકારી મદદ તો મળે જ નહીં ને ?'

'આ બધી માહિતી મારી પાસે હોય નહીં. સોશિયલ વર્કરનો સંપર્ક કરો. મારી તો સલાહ છે કે તમે હેલ્થ ઈન્સ્યોરન્સ લઈ તો તો સારું.'

'મેં એ પણ તપાસ કરી. મહિને ૩૦૦ ડૉલર કહે છે. અને તે પણ બધો ખર્ચ તો ના આપે.'

સુરેશભાઈના નાનાભાઈ મુકુંદભાઈ આર્થિક ટેકો કરશે એમ માનીને મેં, બાજુના મેટ્રોપોલિટન શહેરમાં, એક ચૅરિટી હૉસ્પિટલમાં મંજુબાને લઈ જવાનું સૂચન કર્યું. સુરેશભાઈ તૈયાર થયા. બાને પણ સમજાવ્યાં. બાના બધા રિપૉર્ટની ફાઈલ તૈયાર કરી મેં એમના હાથમાં મૂકી.

'મંજુબા, આ બધા ટેસ્ટ ત્યાંના ડૉક્ટરને આપવાના છે. મારો ફોનનંબર પણ સુરેશભાઈ પાસે છે. જરૂર પડે તો એ લોકો મારી સાથે વાત કરી લેશે.' મંજુબાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. હું એમને ભેટ્યો. 'બા, તમે સહેજે ગભરાશો નહીં. બધું બરાબર થવાનું છે.' મારા ડૉક્ટરી વ્યવસાયમાં દર્દી પ્રત્યે આટલી બધી આત્મીયતા રાખવી સારી નહીં છતાં મંજુબા પ્રત્યે, કોણ જાણે કેમ, મને ખૂબ લાગણી થઈ ગઈ હતી.

ચૅરિટેબલ હૉસ્પિટલ વિશે મને ખબર મળ્યા કે પહેલાંની જેમ હવે ત્યાં પણ નવા આવેલા ઈમિગ્રન્ટ લોકો માટે પહેલાં જેટલી આર્થિક સગવડો નથી અપાતી. ત્યાંનો ખર્ચ પણ આ બંને ભાઈઓને પોસાય એવો નહીં હોય એવું લાગ્યું. એટલે આખરે ઑપરેશન કરવાનું માંડવાળ રાખી મંજુબાને લઈને પાછા આવી ગયા.

એક દિવસ મંજુબા પાછાં મારી ઑફિસમાં આવ્યાં. તે દિવસે ઑપરેશન બાબત મારે એમની સાથે પેટછૂટી વાત થઈ. મન ખોલીને એમણે મને કહી નાખ્યું. શરૂઆતમાં તો મંજુબા નશ્વર દેહની આધ્યાત્મિક વાતો કરીને ઑપરેશનની ના પાડ્યા કરતાં. પણ વાત કંઈક જુદી જ નીકળી.

એમની વાત સાંભળીને સંસારનો કડવાટ કેવો હોય એ મેં ચાખ્યો. લાચારીનાં પણ મને દર્શન થયાં.

મંજુબાનો બેડરૂમ સુરેશભાઈના બેડરૂમની બાજુમાં જ હતો. એટલે ક્યારેક સુરેશભાઈ અને એમની પત્ની રમાબહેન વચ્ચે થતી ચડભડ મંજુબાને કાને પડી જતી. સુરેશભાઈ તો તરસતા હતા, આકળવિકળ હતા કે ગમે એટલો ખર્ચ કરીને પણ બાનું ઑપરેશન કરાવી નાખવું. પણ એમનાં પત્નીનો જબરજસ્ત વિરોધ હતો. એ અકળાઈને કહેતાં :

'આટલે દૂર પારકા પરદેશમાં આવ્યા છીએ તે ડૉલર કમાવા. આ ડોશી પાછળ એવડી મોટી રકમ ફૂંકી નાખશો તો બીજી મોટેલ ક્યારે અને કેવી રીતે લઈ શકશો ? આપણાં સગાંની જેમ પછી હાઉસ ક્યારે લેશો ?'

સુરેશભાઈ સમજાવવાની કોશિશ કરતા તો એ પાછાં સામે દલીલ ધરતાં.

'હું દરરોજ કેટલી રૂમો કરું છું... કેટલાં જાજરાં ધોઉં છું... ગંદી ચાદરો ઊથલાવું છું... ઉજાગરા કરું છું... ત્યારે બે પૈસા બચે છે. મારા પસીનાનો પૈસો હું એમ વેડફાવા નહીં દઉં. મારી ઉપરવટ થઈને પગલું ભરશો તો મારા જેવી કોઈ ભૂંડી નથી.' રમાબહેન છેલ્લે પાટલે બેસી જતાં. મહેનત કરીને પૈસા ભેગા કરવા લાગતી પત્નીનો મત ઘરના ખર્ચાની બાબતમાં બહુ અગત્યનો થઈ જાય છે સમજવા સુરેશભાઈને ભારે કિંમત ચૂકવવાનો વારો આવ્યો હતો. થોડા અપવાદ બાદ કરતાં, સાસુ-વહુના સંબંધોમાં આટલી નિર્દયતા, આટલી ક્રૂરતા કેમ હોતી હશે એ મને સમજાતું નથી, સાસુ-વહુના આ સંબંધોમાંથી માનવતા કયાં જતી રહેતી હશે ?

મંજુબાને કાને વહુ-દીકરાના આ બધા શબ્દો પડેલા. આખરે એમણે મારી આગળ તે દિવસે આ ભેદ ખુલ્લો કર્યો અને પૂછ્યું :

'દાક્ટર, તમે મારા દીકરા જેવા જ છો. એટલે હવે તમે જ કહો... બંને દીકરાની વહુઓ આડી થઈને બેઠી હોય એવા સંજોગોમા હું જો ઑપરેશન કરાવું તો મારા દીકરાઓનો સંસાર સળગીને ફનાફાતિયા થઈ જાય કે નહીં ?'

મારી પાસે જવાબ નહોતો.

ત્રણેક મહિના વીત્યા. એક દિવસ સુરેશભાઈનો પાછો ફોન આવ્યો. અવાજમાં નર્યો ગભરાટ અને ઉશ્કેરાટ હતા.

'ડૉક્ટરસાહેબ, પ્લીઝ... પ્લીઝ... જલદી મોટેલ ઉપર પહોંચી જાવ... બાને કંઈક થાય છે.'

એમણે જે વર્ણન કર્યું એ ઉપરથી મને ખ્યાલ આવી ગયો હતો કે મંજુબાને હાર્ટઍટેક આવ્યો હતો. ઑક્સિજન, આઈ.વી. અને ગ્લુકોઝના બાટલા ગાડીમાં નાખી હું શક્ય એટલી ઝડપે મોટેલ ઉપર પહોંચી ગયો. મંજુબા ખાટલામાં સૂતાં હતાં. બાજુના નાના ટેબલ ઉપર ભગવાનનો ફોટો, અગરબત્તી અને દીવો પ્રગટાવેલો હતો. મંજુબાના શ્વાસ ઝડપથી ચાલતા હતા. હૃદયના ધબકારા ખૂબ વધી ગયા હતા. ફિક્કા સ્મિતથી એમણે મારી સામે જોયું. ફટાફટ મેં ઈન્ટ્રાવિનસ ગ્લુકોઝનું પાણી ચાલુ કર્યું. ઑક્સિજનની ટ્યૂબ નાકે લગાડી. ગ્લુકોઝ અને બ્લડકલોટ રોકવાની દવા ચાલુ કરી...

'દાક્તર દીકરા, મેં...મેં...તને બહુ... બહુ...તકલીફ આપી... હવે... હવે...સાચે જ કહું છું...આ...આ...બધું હવે રહેવા દે...મને આ ખોળિયાનો હવે જરાય મોહ નથી...મને હવે શાંતિથી જવા દે... દીકરા...' એમણે આંખો મીંચી.

મારી મહેનત નકામી જતી મને દેખાઈ, મંજુબા બેહોશ થતાં જતાં હતાં. સુરેશભાઈ બાના પગ પાસે બેઠી ધ્રુસ્કે ચઢી ગયા. એમનાં આંસુ બાના પગ ઉપર પડવા લાગ્યાં.

'દીકરા, સુરેશ... ઓછું ના આણીશ...' મંજુબાએ પાછા આંખો ખોલી. એમનો અવાજ ખૂબ હાંફતો હતો. 'દિકરા, તારો પ્રેમ ઉમદા છે... મને કોઈ રોષ નથી...દેશ કરતાં અહીં એટલું તો બન્યું કે મારો દીકરો છેલ્લી ક્ષણે મારી સામે છે...રમાવહુ... આવો... બોલ્યુંચાલ્યું માફ કરજો...' એમણે હાથ લંબાવવા પ્રયત્ન કર્યો. રમાવહુને એમનો હાથ પકડ્યો.

થોડી વારમાં સુરેશભાઈના નાનાભાઈ મુકુંદભાઈ અને એમનાં પત્ની પણ આવી પહોંચ્યા. મેં ઍમ્બ્યુલન્સ બોલાવવાનો પ્રસ્તાવ મૂક્યો. મારી વાત સાંભળીને બંને ભાઈઓ એકબીજા સામે પ્રશ્નાર્થ રીતે જોતા રહ્યા. પાછો ઈન્સ્યોરન્સ અને ખર્ચને સવાલ...!!

તરત મંજુબાએ પોતે જ હાથ હલાવી ઍમ્બ્યુલન્સ બોલાવવાની ચોખ્ખી ના પાડી. એક... એક... ક્ષણ સરતી જતી હતી. મંજુબાના શરીરમાંથી ચેતન પણ ઝડપથી સરી જતું હું જાતો હતો. 'રઘુપતિ રાઘવ'ની ધૂન શરૂ કરવા મેં બધાને કહ્યું.

થોડી ક્ષણોમાં મંજુબાનું પ્રાણપંખેરું ઊડી ગયું. સુરેશભાઈ કલ્પાંત કરી ઊઠ્યા.

મારી ભીની આંખ લૂછી, ફૅમિલી ઉપર બધું છોડીને ત્યાં હોટેલ-મોટેલના ફાયર તથા લાયાબિલિટી ઈન્સોરન્સ ઉતારનાર કોઈ એજન્ટની ગાડી મેં ડ્રાઈવેમાં દાખલ થતી જોઈ.

❖❖❖

**સાચા સંબંધની સુંદરતા એક બીજાની ભૂલો સહન કરવામાં જ છે, કારણ કે ભૂલ વગર નો મનુષ્ય શોધવા જશો તો આખી જિંદગી એકલા જ રહી જશો**

# થોડા માટે બહુ ન ગુમાવો

કેટલાંક વણિકો વ્યાપાર કરવા માટે પરદેશ જવા નીકળ્યા. રસ્તામાં લોઢાની ખાણ આવી. બધા લોકોએ ઉપાડાય એટલું લોઢું લઈ લીધું ને આગળ ચાલ્યા. આગળ જતાં તાંબાની ખાણ આવી, બધા વણિકોએ લોઢું ત્યાં જ નાખઈ દીધું ન તાંબુ સાથે લઈ લીધું. પણ એક વણિકે કહ્યું કે હું તો દઢ મનોબળવાળો છું, એકવાર લીધેલી વસ્તુ છોડીશ નહીં. એ તો લોઢું જ લઈને આગળ ચાલ્યો. થોડે દૂર ચાંદીની અને પછી સોનાની અને પછી રત્નોની ખાણ આવી. લોહવણિક સિવાય બીજા વણિકોએ ઉત્તરોત્તર વધુ કિંમતી ચીજો લઈ લીધી. બધા રત્નો લઈને પાછા સ્વદેશ આવ્યા અને જીવનભર સુખી થઈ ગયા. મૂર્ખ લોહવણિકે થોડી કિંમતના લોઢા માટે બહુમૂલ્ય રત્નો છોડી દીધા અને જીવનભર દરિદ્ર રહ્યો. એટલે જ કહેવામાં આવ્યું છે કે થોડા માટે બહુ ન ગુમાવો.

થોડા-ક્ષણિક-સુખ માટે અનન્ત આત્મિક સુખને ગુમાવનાર સંસારમાં દરિદ્ર બનીને સબડ્યા કરે છે. કેટલાક લોકો એક કહે છે કે આ બધી ભોગની વસ્તુઓ આપણા માટે બનાવવામાં આવી છે તો પછી એનો ઉપભોગ-પરિભોગ શા માટે ન કરવો ? આ લોકો પૌદ્‌ગલિક સુખમાં-ઈન્દ્રિયોના વિષયોમાં-ક્ષણિક અને અનિત્ય સુખની લાલસામાં શાશ્વત સુખ ગુમાવે છે.

ભવિષ્યમાં થવાવાળા દુઃખોને દૃષ્ટિથી ઓઝલ કરીને માત્ર વર્તમાન સુખની કામના કરવાવાળા જ્યારે આયુષ્ય અને યૌવન ક્ષીણ થાય ત્યારે પશ્ચાતાપ કરે છે, દુઃખી થાય છે.

વર્તમાનના ક્ષણિક સુખો માટે ચારે બાજુ બળબળતા સંસારની હકીકત નજરઅંદાજ કરનારા માટે 'મધુબિન્દુ'નું દૃષ્ટાંત બહુ જ સચોટ છે. એક માણસ જંગલમાં પ્રવાસ કરી રહ્યો હતો ત્યાં એની પાછળ એક મત્ત હાથી પડ્યો. હાથીથી બચવા એક ઝાડની ઊંચી



ડાળી પર ચડી ગયો. હાથીએ ક્રોધે ભરાઈને સૂંઢથી ઝાડને જોરજોરથી હલાવવાનું શરૂ કર્યું. માણસ નીચે પડવા લાગ્યો પણ એના સદ્‌નસીબે એના હાથમાં એક બીજી ડાળી આવી ગઈ અને એના પર એ લટકી ગયો. આ સ્થિતિમાં એણે નીચે જોયું તો એના તો મોતિયા જ મરી ગયા, બરાબર એની નીચે જ એક ઊંડો કૂવો હતો અને એમાં ચાર ભયંકર ઝેરી નાગ ફૂંફાડા મારતા એના પડવાની રાહ જોતા હતા. એ જે ડાળી પર લટકી રહ્યો હતો એ જ ડાળીને એક સફેદ અને એક કાળો ઉંદર કાતરી રહ્યા હતા. એ તો ભયનો માર્યો થરથર ધ્રુજવા લાગ્યો.

એ જે ડાળી ઉપર હતો એની બરોબર ઉપર એક મોટો મધપૂડો હતો. ઝાડના હલવાથી મધમાખીઓ ક્રુદ્ધ થઈને એના આખા શરીરમાં ચટકા ભરવા લાગી. એના દુઃખનો કોઈ પાર ન હતો.

આવી ભયંકર સ્થિતિમાં એણે ફરી ઉપર જોયું ત્યારે તૂટેલા મધપુડામાંથી મધનું એક ટીપું સીધું એના મોઢામાં પડ્યું. સાકરથીય વધુ મીઠા સ્વાદવાળા મધુબિંદુના સ્વાદમાં એ ચારે બાજુનું દુઃખ ભૂલી ગયો. અને બીજા બિંદુના પડવાની રાહ જોવા લાગ્યો.


એટલામાં એક વિદ્યાધર વિમાનમાં આકાશમાર્ગે જતો હતો. એણે આ માણસની દયનીય સ્થિતિ જોઈ, અને એની દયા આવી. એણે પોતાનું વિમાન ઝાડ પાસે લીધું, અને પેલા માણસને કહ્યું કે 'ચાલ, મારા વિમાનમાં બેસી જા, હું તને તારે ગામ લઈ જઈશ.' માણસ તો બહુ રાજી થઈ ગયો. સાક્ષાત્ મોતના મુખમાંથી બચવા માટે આ વિદ્યાધર એને દેવદૂત જેવો લાગ્યો. પણ એ વિવેકશૂન્ય માણસને મધના એક વધુ બિંદુનો સ્વાદ લેવાની અદમ્ય ઈચ્છા હતી. એણે વિદ્યાધરને વિનંતી કરી કે - 'હે ! વિદ્યાધર દેવ ! બસ થોડીવાર જ થોભી જાવ. ઉપર મધુનું બિંદુ તૈયાર થઈ જ ગયું છે. થોડી જ ક્ષણોમાં એ સીધું મારા મોઢામાં પડે કે પછી તરત જ હું તમારી સાથે વિમાનમાં આવી જઈશ.'

વિદ્યાધર તો આ મૂર્ખ માણસની વાત સાંભળી જતો રહ્યો અને આખરે ઉંદરોએ ડાળી કાપી નાખી, અને એ ઊંડા કૂવામાં પડી કાળનો કોળિયો બની ગયો.

આ દૃષ્ટાંતમાં હાથી એ કાળ સ્વરૂપ છે, ઝાડ એ સંસાર છે, કાળા-ધોળા બે ઉંદરો-એ રાત અને દિવસ (સમય) છે. ઊંડા કૂવામાં રહેલા ચાર ભયંકર ઝેરી નાગ ચાર કષાયો છે. ઊંડો કૂવો એ નરકના દુઃખો છે. મધુબિંદુ એ આ સંસારના ક્ષણિક સુખો છે. વિદ્યાધરરૂપી સદ્‌ગુરુ આ સંસારરૂપી દાવાનળમાંથી ધર્મરૂપી વિમાનમાં બેસાડી સદ્‌ગતિ તરફ લઈ જવા પ્રયાસ કરે છે. પણ માણસ આ નશ્વર સુખની લાલસા પાછળ મૂર્ચ્છિત થઈને વિવેક ભૂલી જાય છે અને અંતમાં ભયંકર દુઃખ ભોગવે છે. માટે જ ભગવાને કહ્યું છે કે થોડા સુખ માટે બહુ ગુમાવો નહીં.

(સાભાર)

# માણસાઈના દીવા



મોહમ્મદ માંકડ

**આ**ર્થિક રીતે સધ્ધર ન હોય એવા લોકો પણ પ્રમાણિકતાના ગુણમાં પાછા પડતા નથી. જોકે, ઘણાંને ધરમ કરવા જતાં ધાક પડ્યા જેવા અનુભવો પણ થતાં રહે છે. તમે પ્રમાણિકતા બતાવો તો સામેથી આભારની લાગણી પણ વ્યક્ત ન કરે, એવા વિચિત્ર લોકો પણ આપણી વચ્ચે હોય છે.

માણસાઈના દીવા હજી બુઝાઈ ગયા નથી. એ વિષયમાં આવેલા થોડા પત્રો જોઈએ.

મહુવાથી ઉકાભાઈ પટેલે એક ટેક્સી ડ્રાઈવરની નેકદિલીની વાત લખી છે. મધ્યપ્રદેશની સરહદ ઉપર જૈનોનું નાગેશ્વર તીર્થ આવેલું છે. ઉકાભાઈ નાગેશ્વર ગયા હતા. ત્યાંથી પાછા ફરતી વખતે વિક્રમનગર સ્ટેશને પહોંચવા માટે ટેક્સી કરી હતી. સ્ટેશને પહોંચતા જ ઉકાભાઈ એમની સાથે હતા એ બધાં જ ટેક્સીમાંથી ઊતરી ગયા અને ટેક્સીમાંથી એમનો એક થેલો લેવાનું ભૂલી ગયા. એક થેલામાં ચાલીસથી પચાસ હજારની મત્તા, રૂપિયા, સોનાની માળા વગેરે હતું. થેલો ટેક્સીમાં રહી ગયો હતો એની કોઈને ખબર નહોતી.

થોડી વારે ટેક્સીવાળો થેલો લઈને આવ્યો.

''શેઠજી આપકા થેલા રહ ગયા થા.'' ઉકાભાઈ અને એમના સાથીઓ ખુશ થઈ ગયા, પરંતુ થેલો મળ્યાના આનંદમાં પેલા ડ્રાઈવરને થોડી રકમ આપીને ખુશ કરવાનું પણ ભૂલી ગયા. ઘરે આવ્યા પછી એ યાદ આવ્યું. એટલે નાગેશ્વર પેઢીના મેનેજરને રૂપિયા બે હજારનો ચેક મોકલ્યો અને પેલા ડ્રાઈવરનું નામ લખીને એ રકમ એને આપી દેવા કહ્યું. પેઢીના મેનેજરે ડ્રાઈવરને એ રકમ આપી. અને કોના તરફથી આવી હતી એની વાત કરી ત્યારે ડ્રાઈવરે શું કહ્યું ? ડ્રાઈવરે કહ્યું, ''લોકો આ તીર્થધામ આવીને દાન આપે છે. હું એ લોકોના પૈસા લઉં એ ઠીક હીં.'' એણે એ બે હજાર ન લીધા. એને હાથ પણ ન લગાડ્યો. આવી છે એક નાના માણસની મોટી નેકદિલીની વાત !

હવે, થોડા એવા પ્રસંગોના ઉલ્લેખ કરીશ, જેમાં માણસની નેકદિલી ઉપરાંત માણસ જાતમાં રહેલી વિચિત્રતા વિશે પણ વાંચકમિત્રોને જાણવા મળશે.

એક પત્ર અમદાવાદથી વિનયભાઈ ત્રિવેદીનો છે. વિનયભાઈ સાબરમતી વિસ્તારની એક રાષ્ટ્રીયકૃત બેન્કમાં નોકરી કરતા હતા ત્યારે ૧૯૯૩-૯૪ની સાલમાં બનેલો એક કિસ્સો એમણે લખી મોકલ્યો છે. એમની બૅન્કની બાજુમાં જ પોસ્ટ ઓફિસ હતી. બેન્કમાં અને પોસ્ટ ઓફિસમાં મહિનાની પહેલી બીજી તારીખે માણસોની ભીડ હોય એ સ્વાભાવિક છે. આશરે સાડાબાર વાગ્યે વિનયભાઈની કેબિનમાં બેન્કના ખાતેદાર એક પેન્શનરનો પુત્ર એની થેલીમાં નોટોનું બંડલ લઈને આવ્યો. પોસ્ટઓફિસવાળાની ભૂલ થઈ હતી, અને તેને વિનયભાઈ ઉપર વિશ્વાસ હોવાથી તે વિનયભાઈ પાસે આવ્યો. એ હતો અગ્રવાલ અટકધારી એ વખતની એઈસી - અમદાવાદ ઈલેક્ટ્રિસિટી કંપનીમાં નોકરી કરતો એક નાનો લાઈનમેન.

બન્યું હતું એવું કે કિસાન વિકાસપત્રોની પાકતી રકમ લેવા એ પોસ્ટ ઓફિસમાં ગયો હતો ત્યારે પોસ્ટ ઓફિસના કેશિયરે ભીડને કારણે ભૂલથી એક લાખ રૂપિયાના બદલે બે લાખ અગ્રવાલને આપી દીધા હતા. એ રકમનું શું કરવું એની મૂંઝવણમાં એ વિનયભાઈ પાસે આવ્યો હતો. એણે ધાર્યું હોત તો રકમ લઈને એ સીધો ઘરભેગો થઈ ગયો હતો. પોસ્ટ ઓફિસના કેશિયરે સાંજે જોયું હોત ત્યારે જ તેને ખબર પડી હોત અને કોને આપી હતી એની કોઈ સાબિતી એની પાસે હોત નહીં. પરંતુ અગ્રવાલને એની નેકદિલીએ એવું કામ કરવાની ના પાડી અને એ વિનયભાઈ પાસે આવ્યો. બંને જણા પોસ્ટ ઓફિસમાં ગયા અને કેશિયરને રમક પાછી આપી.

કેશિયરના પગ નીચેથી તો જાણે ધરતી જ સરકી ગઈ હશે, પરંતુ કશું અસાધારણ બન્યું જ ન હોય એવો દેખાવ એણે કર્યો અને આવી મોટી રકમ પાછી આપવા માટે 'આભાર' જેવો એક નાનકડો શબ્દ પણ ન ઉચ્ચાર્યો. અગ્રવાલનો અને વિનયભાઈનો એણે આભાર પણ ન માન્યો !

માનવ સ્વભાવના કોણ જાણે કેટલા પાસાં હશે ! કેટલા રંગ હશે !

હવે આવો જ એક બીજો કિસ્સો એક બસ કંડક્ટરની નેકદિલીનો છે. મહેસાણા જિલ્લાના ખેરાળુ ગામના નિવૃત્ત બસ કંડક્ટર યુ.એ. બહેલીમ જ્યારે કંડક્ટર તરીકે નોકરી કરતા હતા ત્યારની વાત છે. ૧૯૯૫ની સાલમાં બહેલીમભાઈ બસ ખેરાળુ ડેપો નીચે ચાલતી. ખેરાળુ ઈશાકપુર બસમાં કંડક્ટર હતા. એક દિવસ ઈશાકપુરથી ખેરાળુ આવતી બસમાં ૫૦-૬૦ વર્ષની ઉંમરના એક ઉતારૂ ઈશાકપુરથી ખેરાળુની ટિકિટ લઈને બસમાં ચડ્યા અને આવીને કંડક્ટરની સીટ સામેની સીટમાં બેસી ગયા. એમની પાસે એક થેલી હતી. બસ ખેરાળુ પહોંચી ત્યારે એ ઊતરી ગયા, પણ પછી બસ ડેપોમાં પહોંચી ત્યારે બહેલીમભાઈની નજર પેલી થેલી પર પડી. થેલી લઈને જોયું તો એમાં રૂપિયા ત્રીસ હજાર અને સાથે ચાલીસ હજારની ફિક્સ્ડ ડિપોઝીટ પાકતી હતી. તેની રસીદ હતી બહેલીમભાઈએ થેલી ડેપોમાં જમા કરાવી દીધી.

બહેલીમભાઈ હજી તો ડેપોમાં હતા ત્યાં જ પેલા 'કાકા' રીક્ષા લઈને બસ સ્ટેશન પર આવ્યા અને પોતાની થેલીની તપાસ કરવા લાગ્યા. એમને ડેપોમાં બોલાવીને શાંતિથી બેસાડીને બધી વાત કરી, અને બહેલીમભાઈએ એમની થેલી એમને પાછી આપી. થેલી મળવાથી એ ભાઈના જીવને નિરાંત થઈ પણ બહેલીમભાઈને એમણે ધન્યવાદ આપવાની પણ દરકાર ન કરી. આભારના બે શબ્દો પણ ન કહ્યા. થેલી લઈને ચાલતા થયા.

ઉપરના બંને કિસ્સા માણસ કેવો નગુણો છે એ બતાવે છે, પરંતુ હવે પછીનો કિસ્સો તો એથી પણ ચોટદાર છે. અશ્વિનકુમાર કારીઆ પોતે એક સારા લેખક છે. કોલેજના આચાર્ય તરીકે ૧૯૮૮માં અમદાવાદ-બેંગલોર ટ્રેનમાં એક 'ઓરિએન્ટેશન કોર્સ'માં જોડાવા માટે પ્રવાસ કરી રહ્યા હતા ત્યારની વાત છે. ગુજરાતની હદ વટાવ્યા પછી સાંજના લગભગ પાંચેક વાગ્યે ટોઈલેટમાંથી એમને એક લેડીઝ ઘડિયાળ મળી. એમની સામે બેઠેલા મારવાડી ગૃહસ્થને એમણે એ વાત કરી. એ ગૃહસ્થે બીજા કોઈને એ વાત ન કરવાનું કહ્યું, કારણ કે એમ કરવાથી એ ઘડિયાળ લેવા માટે કોઈ પણ દાવેદાર કરવાથી એ ઘડિયાળ લેવા માટે કોઈ પણ દાવેદાર આવી શકે. અશ્વિનભાઈ માટે એ એક નવો અનુભવ હતો. ઘડિયાળનું શું કરવું એ પ્રશ્ન એમની સામે ખડો થયો. મૂંઝવણ થઈ.

રાત્રે સૂતાં પહેલાં એ ડબ્બામાં બેઠેલાં કુટુંબમાં ઘડિયાળની શોધખોળ શરૂ થઈ. અશ્વિનભાઈએ ખાતરી કરીને ઘડિયાળ એમને સોંપી દીધી.

પરંતુ પછીનો અનુભવ વિચિત્ર હતો. અશ્વિનભાઈએ જાણે કાંઈક ખોટું કર્યું હોય એવો વર્તાવ એ કુટુંબ તરફથી એમના તરફે રહ્યો. ઘડિયાળ પાછું મળવાથી એ આપનાર તરફ આભારની માનની લાગણી બતાવવી જોઈએ એના બદલે જો કોઈ શંકાની નજરે જુએ તો એવું નેક કામ કરનારને કેવું લાગે?

પણ આ તો માણસજાત છે! કોણ, ક્યારે કેમ વર્તશે કોઈને ખબર નથી!

હવે બે કિસ્સા ટૂંકમાં લખું છુ. એક પત્ર લખનાર છે અબ્દુલ કાદિર શેખ પાટણ (ઉત્તર ગુજરાત)થી લખેલા એ પત્રમાં એમણે પંદર સત્તર વર્ષ પહેલાંની એક વાત લખી છે. એ વખતે પાટણમાં ઓઈલ શોધવા માટે ડ્રિલિંગ થતું હતું. એ કામ માટે રશિયનો ત્યાં આવ્યા હતા.

અબ્દુલ કાદિરભાઈના પુત્ર અબ્દુલ રહેમાનને 'કમ્ફર્ટ ટેઈલર'નામની દુકાન છે. બે ત્રણ રશિયનો એમના ગ્રાહક હતા. એક દિવસ એક રશિયન ભાઈ એમની કારમાં દુકાને આવ્યા. એમની પાસે એક સૂટકેસ હતી. એ સૂટકેસ બાજુ પર મૂકી કપડાં સીવવા માટે માપ આપ્યું અને સૂટકેસ ભૂલીને ચાલ્યા ગયા.

દુકાનદાર અબ્દુલરહેમાને સૂટકેસ પડેલી જોઈ. ખોલી તો ખબર પડી કે સૂટકેસ કપડાંથી નહીં પણ રૂપિયાથી ચિક્કાર ભરેલી હતી. ગ્રાહકનું ઠેકાણું ઘણું દૂર હતું એટલે અબ્દુલ રહેમાનભાઈએ એ સૂટકેસ સંભાળીને બાજુ પર મૂકી દીધી. દુકાન છોડીને જઈ શકાય તેમ નહોતું એટલે રાત્રે દુકાન બંધ કરીને જવાનું નક્કી કર્યું.

બે અઢી કલાક પસાર થયા પછી પેલા રશિયન ભાઈ સૂટકેસની તપાસ કરવાં હાંફળાફાંફળા દુકાને આવ્યા. અબ્દુલરહેમાનભાઈએ એમને સૂટકેસ સોંપી દીધી અને રકમ ગણી લેવા કહ્યું. એ સૂટકેસમાં રૂપિયા સાત લાખ હતા! પોતાની પૂરી રકમ જોઈને એ ભાવવિભોર થઈ ગયા!

એ ભાઈ કેશિયર હતા, અને પગારનો દિવસ હોવાથી પગાર ચૂકવવા માટે બેન્કમાંથી પૈસા ઉપાડયા હતા.

આ વાત અહીં પૂરી થાય છે, પરંતુ એ રશિયન જ્યારે પોતાના દેશમાં ગયો હશે ત્યારે ભારતના લોકો વિશે ભલી લાગણી લઈને ગયો હશે અને પોતાના લોકોને પોતાના અનુભવ વિશે અને આપણા માણસોની નેકદિલી વિશેની વાત કરી હશે.

હવે એક છેલ્લો કિસ્સો.

એ કિસ્સો લખી મોકલનાર છે સાહેબસિંહજી જાડેજા. પત્ર એમણે આદિપુર

(કચ્છ)થી લખ્યો છે.

- ૧૯૫૪ની સાલની વાત છે. એક દિવસ સાહેબસિંહજી રાજકોટ જંક્શનથી ઘોડાગાડી બાંધીને ભક્તિનગર સોસાયટી જતા હતા. એમની પાસે પંદર પંદર શેર ઘી ભરેલી બે બરણી હતી. બંને બરણી આગળ મૂકીને પાછળની સીટમાં પોતાની બેગ સાથએ એ ઘોડાગાડીમાં બેઠા. ઘર આવ્યું એટલે બંને બરણી ઘોડાગાડીમાં જ ભૂલીને એ ઊતરી ગયા.

અડધા કલાક પછી ઘોડાગાડીવાળા ભાઈ બરણીઓ આપવા આવ્યા. સાહેબસિંહજીએ બીજું કાંઈ નહીં તો છેવટ એકાદ શેર ઘી લેવાનો ઘોડાગાડીવાળાને આગ્રહ કર્યો, પરંતુ એની એણે નમ્રતાપૂર્વક ના પાડી. એણે કહ્યું કે, ઘોડાને ચલાવવા માટે નેતરની સોટી લેવાના પૈસા એની પાસે નહોતા એટલે દાતણથી ઘોડાગાડી ચલાવતો હતો. ગરીબ હતો પણ અણહકનું કશુંય એણે ક્યારેય લીધું નહોતું.

આ વાતને અઢાર વર્ષ વીતી ગયાં. એટલાં વર્ષોમાં તો રાજકોટની સિકલ બદલાઈ ગઈ. ૧૯૬૦ પછી રાજકોટ ચારે તરફ વિકસવા લાગ્યું. ખેડૂતો પોતાની જમીન એનએ કરાવીને એકરના અને વીઘાના બદલે વાર અને મીટરના ભાવે વેચવા લાગ્યા. એક ખેડૂતે પણ એક વકીલ સાથે ભાગીદારી કરીને પોતાની જમીન વેચીને મબલખ કમાણી કરી. એણે રાજકોટનું આલીશાન 'નીલકંઠ' સિનેમા થિયેટર અને પુત્રના નામે મેહુલનગર સોસાયટી ઊભી કરી.

સાહેબસિંહજીની ૧૯૭૨માં પેલા ઘોડાગાડીવાળા સાથે ફરી મુલાકાત થઈ. એ ભાઈ આગ્રહ કરીને એમને પોતાના ઘરે જમવા લઈ ગયા.

એક ભવ્ય બંગલામાં સાહેબસિંહજી દાખલ થયા. ઈટાલિયન ટાઈલ્સ અને સિંગાપોરનું ફર્નિચર આંખો અંજાઈ જાય એવી જાહોજલાલી હતી !

ડાઈનિંગ ટેબલ ઉપર જમવા બેઠા તો બંગલાના માલિકનું ભોજન એમના માટેના ખાસ પિત્તળના કલાઈ કરેલાં થાળી-વાટકામાં પિરસાયું. સાહેબસિંહજી તે જોઈ જ રહ્યાં !

બંગલા (અને થિયેટર, સોસાયટી વગેરેના) માલિકે કહ્યું, ''હું આવા વાસણમાં જ ખાઉં છું. મારા પૌત્રોને પણ એ ખબર રહે કે એમના દાદા એક વાર ઘોડાગાડી ચલાવતા હતા.''

ક્યારેય કશું અણહકનું નહીં લેનાર માણસની ઈમાનદારી અને નેકદિલીની આ એક અજબ વાત છે !

એ ઘોડાગાડીવાળાનું નામ : ગુલાબસિંહ ખેંગારજી ઝાલા. એમનું ગામ વાંકાનેર તાલુકાનું કલાવડી ગામ.

❖❖❖

---

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા-મુંબઈ સંચાલિત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રયમાં શેષકાળ દરમ્યાન જાન્યુઆરી ૨૦૨૪માં લીંબડી ગોપાલ સંપ્રદાયના પૂજ્ય રામઉત્તમ મુનિ મહારાજ સાહેબના સુશિષ્ય સરળ સ્વભાવી પૂજ્ય અભયમુનિ મહારાજ સાહેબ આદિ ઠાણા-૩ પધારેલ ત્યારે ભાવિકોએ વ્યાખ્યાન-વાણીનો લાભ લીધો હતો.

ફેબ્રુઆરી મહિનામાં લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પૂજ્ય ભાવચંદ્રજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તિ પૂજ્ય શીતલબાઈ મહાસતીજી આદિ ઠાણા -૨ પધારેલ જેમાં પૂજ્ય પ્રિયંકાબાઈ મહાસતીજીના જન્મદિનની ઉજવણી કરવામાં આવેલ હતી.

માર્ચ મહિનામાં દરિયાપુરી સંપ્રદાયના આચાર્ય ભગવંત શ્રી વિરેન્દ્રમુનિ મહારાજસાહેબ આદિ ઠાણા-૬ અને પૂજ્ય પ્રેક્ષાબાઈ મહાસતીજી આદિ ઠાણા - ૪ પધારેલ. જેમાં પૂજ્ય ગુરૂભગવંતોએ જિનવાણાની પાવન ગંગા વહેવરાવી હતી. જેનો નાલાસોપારાના ભાવિકોએ ઉમંગથી લાભ લીધો હતો. પૂજ્ય સંત-સતીજીઓના પાવન પગલાથી શ્રી ઝાલાવાડી સભાનો ઉપાશ્રય પાવન બન્યો આપ સર્વે ગુરૂભગવંતોનો શ્રી ઝાલાવાડી સ્થા. સભા સહૃદય આભાર વ્યક્ત કરે છે અને ફરીથી લાભ આપવા આગ્રહભરી વિનંતિ કરે છે.

મુંબઈમાં બિરાજમાન હોય અથવા મુંબઈની બહારથી પધારતા દરેક ગુરૂભગવંતોનું શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા સંચાલિત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય -નાલાસોપારા (ઈ) સ્વાગત કરે છે. અમોને લાભ આપી કૃતાર્થ કરશો. એવી પ્રાર્થના સહ.

❑ **દિપ્તિબેન શાહ - કન્વીનર**
**મો. ૯૩૨૩૬૩૧૦૪૭**

# સમાચાર સંકલન

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ નાલાસોપારા

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મહિલા મંડળ નાલાસોપારાની સ્થાપના ઝાલાવાડી સ્થા. જૈન સભાની ડીજીટલ ટીમ-નાલાસોપારા વ્યવસ્થાપક કમિટીના સંપૂર્ણ સાથ અને સહકારથી ૯-૨-૨૪ના રોજ સ્થાપના કરવામાં આવેલ છે.

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મહિલા મંડળ નાલાસોપારાનો તા. ૨૫-૨-૨૪ને રવિવારના રોજ Get together નો પ્રથમ પ્રોગ્રામ ખૂબજ આનંદ, મોજ-મસ્તી ભરેલો યાદગાર સંભારણા રૂપ બની ગયો.

મંડળના પ્રમુખ શ્રી પ્રીતિબેન ડી. શાહે
દરેક સભ્ય સહેલીઓના સાથ-સહકાર,
સંગઠન અને કાર્યમાં મૂકેલ વિશ્વાસ બદલ ખુશી વ્યક્ત કરી. દરેકને અંતરના આનંદથી આવકાર આપેલ. ત્યારબાદ શ્રી દિલિપભાઈ શાહે સર્વાનુમતે નક્કી કરેલ મહિલામંડળની કમિટીની ઓળખાણ વિધિ કરાવી બહુમાન-પૂર્વક સન્માન કર્યુ. ૯૯ સભ્યોનું બનેલુ આ મહિલામંડળ ઉત્તરોત્તર સારા કાર્યક્રમો આપે એવી સદ્ભાવના વ્યક્ત કરેલ.

ત્યારબાદ ઝરણાબેન શાહ, જયશ્રીબેન તુરખિયાએ રસપ્રદ હાઉસી ગેઈમ રમાડી હાઉસી ઈનામોનો ભરપૂર આનંદ માણ્યો. હીનાબેન શાહ, પ્રીતિબેન શાહ અવનવી અંતાક્ષરીના રાઉન્ડ રમાડી સભ્ય સહેલીઓ ખુશખુશાલ તેમજ સંગીતના તાલે ગરબા-દાંડિયા રાસની રમઝટ ચાલી. મનભરીને ઝૂમી ઊઠ્યા. છેલ્લે ૧૫ આકર્ષક લક્કી ડ્રો કમિટી-મેમ્બર્સ તરફથી આપવામાં આવેલ. ડિનર સાથેના આ પ્રોગ્રામ દરેક સભ્યોએ માણ્યો.

કાર્યક્રમ સફળ બનાવવા મહિલા મંડળના તમામ કમિટી મેમ્બર્સ ઉત્સાહભેર ખૂબજ મહેનત ઉઠાવી પ્રથમ પ્રોગ્રામને યાદગાર બનાવી દીધો. અંતમા ઝરણાબેન શાહ અને હીનાબેન શાહે આભારવિધિ કરેલ હતી.

પ્રમુખ : પ્રીતિબેન દિલીપભાઈ શાહ
મંત્રી : ઝરણાબેન યતીનભાઈ શાહ
ખજાનચી : હીનાબેન અશોકભાઈ શાહ
સહમંત્રી : જયશ્રીબેન રાજેશભાઈ તુરખિયા

♦♦♦

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ વસઈ - નાલાસોપારા - વિરાર

બૃહદ મુંબઈના ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળના ગોલ્ડન જ્યુબલી અવસર પર સક્રિય ૧૩-૧૩ મહિલા મંડળની પ્રેરણા લઈને '' **સબ કા સાથ, સબ કા વિકાસ** '' સૂત્રમાં માનનારા અને ચરિતાર્થ કરનાર એવા વિરારના દિપ્તિબેન શાહને પણ વસઈ-નાલાસોપારા-વિરારનું ઝાલાવાડી મહિલા મંડળની સ્થાપના કરવાનો વિચાર આવતા ૨-૩ મહિનાની ઝહેમત ઉઠાવીને વસઈ-નાલાસોપારા-વિરારની બહેનોને મળીને વાત કરતાં એ બહેનોનો સાથ-સહકાર મળ્યો અને તા. ૧-૦૨-૨૦૨૪ ના દિવસે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ વસઈ-નાલાસોપારા-વિરાર ની સ્થાપના કરવામાં આવેલ જેમાં -

પ્રમુખ : શ્રીમતી દિપ્તિબેન એસ. શાહ (વિરાર)
ઉપ પ્રમુખ : શ્રીમતી ઊર્વિબેન ડી. ગોપાણી (વસઈ)
સચિવ : શ્રીમતી હંસાબેન આર. કામદાર (વિરાર)
સહ-સચિવ : શ્રીમતી કૌશિકાબેન એ. વસાણી (વસઈ)
ખજાનચી : શ્રીમતી અનિતાબેન એન. જસવાણી (વસઈ)
સહ-ખજાનચી : શ્રીમતી ભારતીબેન (બકુબેન) એન. શાહ (નાલાસોપારા)
સહ સજાનચી : શ્રીમતી સ્મીતાબેન જે. વોરા (વસઈ)
ત્રણ કાર્યકર્તા બહેનો : નાલાસોપારા

ઊપર મુજબ સર્વ સંમતિથી કમિટી બનાવવામાં આવેલ છે. મહિલા મંડળનો પ્રથમ પ્રોગ્રામ તા. ૧૪-૨-૨૦૨૪ વેલેન્ટાઈન ડે ના દિવસે વિરારમાં રાખવામાં આવેલ જેમાં બધી બહેનોને ગેમ્સ રમાડવામા આવેલ ગેમ્સ બાદ ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. મંડળની દરેક બહેનોએ ઉત્સાહપૂર્વક ગેમ્સમાં પાર્ટ લીધો અને એન્જોય પણ કરેલ જેમાં અમુક બહેનો તો જીવનમાં પ્રથમવાર જ ગેમ્સ રમી હતી. જેમાં વસઈના ૮૨ વર્ષના પુષ્પાબેન વસાણી એ જણાવ્યું કે હું મારા જીવનમાં પહેલી વખત જ ગેમ્સ રમી, મને બહુ જ મજા આવી મંડળ ખૂબ જ પ્રગતિ કરે એવા મારા અંતરનાં આશિર્વાદ છે. જે અમારા દરેક માટે રોમાંચક ક્ષણ હતી.

અત્યાર સુધીમાં ૭૮ બહેનો મંડળમાં જોડાયેલ છે હજી પણ કોઈને જોડાવું હોય તો જોડાઈ શકે છે. મંડળનો હવે પછીનો પ્રોગ્રામ ટૂંક સમયમાં મહાવીરધામ અથવા લોઢાધામમાં રાખવામાં આવશે.

શ્રીમતી દિપ્તિબેન એસ. શાહ - ૯૩૨૩૬૩૧૦૪૭
શ્રીમતી ઊર્વિબેન ડી. ગોપાણી - ૯૯૨૦૯૭૮૮૩૦

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

સભાના માનવંતા સભ્યોને નિવેદન આપના વ્યવસાય તેમજ લગ્નોત્સુક દીકરા-દીકરીઓની જાહેરખબર સભાની માસિક પત્રિકા જે દર મહિનાની ૧૧ તારીખે પ્રસિદ્ધ થાય છે. સભાની ઑફિસે અથવા સંપાદકશ્રીનો સંપર્ક કરી શકો છો.

વહેલા તે પહેલાંના ધોરણે કલર પાના ફક્ત ૧૫ જ છાપવામાં આવે છે. ત્રણ મહિના પહેલા પણ બુકીંગ કરાવી શકો છો. વ્યવસાયની જાહેરખબર ૧૨ મહીનાની એક સાથે બુક કરાવી એક જાહેરાત એટલે ૧૨ + ૦૧=૧૩ મેળવી શકશો. Payment એક સાથે એક વર્ષનું કરવાનું રહેશે.

બ્લેક-વાઈટ જાહેરખબર પણ નીચે આપેલ ફોન નં. અથવા ઈમેલ પર મોકલાવી શકો. જાહેરખબરનું Rate Card પાના નં. ૩૬ પર આપેલ છે. જાહેરાતની સાથે Payment Slip તથા આપનું પુરુ સરનામું તથા મોબાઈલ નંબર આપવા વિનંતી.

**(Please send Art work in JPEG Format only)**

જાહેરાત દર મહિનાની ૨૫ તારીખ સુધી સ્વીકારવામાં આવે છે.

**સંપર્ક કરો : શ્રીમતી આશાબેન પટેલ M. 9819956529**

**zalawadisabha@gmail.com**

**તંત્રી : શ્રી શરદભાઈ એમ. ગાંધી M. 9867540501**

**sharadgandhi51@gmail.com**

## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન

**શ્રીમતી કંચનબેન વ્રજલાલ ત્રિકમદાસ શેઠ અને શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ નોટબુક યોજના**

ઝાલાવાડી સભાના સભ્યોના બાળકો માટે નોટબુકની જરૂર હોય તેમના માટે સંસ્થાએ આ વર્ષે A4 સાઈઝની વિદ્યાર્થી દીઠ બે ડઝન નોટબુકનું વિતરણ એકદમ નોમીનલ ચાર્જથી કરવાનું આયોજન કરેલ છે.

અગાઉ મેમ્બર્સ ગ્રુપમાં ગુગલ લીંક મોકલ્યા મુજબ તા. ૨૫-૪-૨૦૨૪ સુધીમાં online ફોર્મ વિદ્યાર્થી દીઠ અલગ સબમીટ કરવાનું રહેશે. સાથે ગયા વર્ષની રિઝલ્ટની copy attach કરવાની રહેશે.

જુન માસમાં નોટબુક લેવા આવો ત્યારે આપનું મેમ્બરશીપ I-Card તથા નોટબુકની રકમ સાથે લાવવાનું રહેશે. નોટબુક આપના સ્થાનિક સેન્ટરમાંથી મળશે.

જે કોઈ મેમ્બરે હજી સુધી ઉપરોક્ત ગુગલ લીંક પર રજીસ્ટ્રેશન ન કરાવ્યું હોય અને નોટબુકની જરૂરિયાત હોય તો આપશ્રી મિલનભાઈ તુરખીયાના નંબર 9860125136 ઉપર Whatsapp કરશો તો આપને ગુગલ લીંક ફોરવર્ડ કરવામાં આવશે. અને આપશ્રી Online ફોર્મ ભરી શકશો.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

**શ્રી નંદલાલ તારાચંદ વોરા – ઉપાશ્રય**

**શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ – જૈન ભુવન**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન**

# નાલાસોપારા

# નવી કમિટીની નિમણુંક

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સંચાલિત ઉપરોક્ત ઉપાશ્રય - જૈન ભુવન અને અતિથી ભુવનના સંચાલન માટે સંસ્થાની મિટીંગમા નવી કમિટીની નિમણુંક કરવામાં આવેલ છે, જેની દરેક સભ્યોએ નોંધ લેવા વિનંતિ, સંસ્થા દ્વારા ચાલતી સ્વધર્મી સહાય - શૈક્ષણિક સહાય, મેડિકલ સહાય તથા અન્ય સામાજીક પ્રવૃત્તિ માટે ત્યાના સ્થાનિક સભ્યોએ નીચે જણાવેલ કમિટીનો સંપર્ક કરવો.

આ ઉપરાંત સંસ્થા સંચાલિત ઉપાશ્રય તથા વિવિધ વિભાગો માટે જૈન સમાજના દરેક સંપ્રદાયો, જૈન સંઘો અને તેમના સંઘપતિઓને વિનંતિ કે આપણા પુજ્ય સંતો, મહાસતીજીઓના ચાતુર્માસ, આયંબીલ ઓળી કે અન્ય સ્થળે વિહાર કરતાં સાધુ સંતો માટે ખુબજ અનુકુળ અને શાતા ઉપજાવે તેવા ભવ્ય ઉપાશ્રયની બાજુમાં ૨૦૦ જૈન કુટુંબના આવાસ છે. માટે દરેક સંઘના સંઘપતિ અને દરેક જૈન સંપ્રદાયને વિનંતિ કે આપશ્રી ઉપાશ્રયના કોઈપણ કામકાજ માટે નીચે જણાવેલ કમિટીનો સંપર્ક કરવા વિનંતિ.

માનદ્ મંત્રીશ્રી

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

**નાલાસોપારા નવી કારોબારી સમિતિના સભ્યો**

| | | |
|---|---|---|
| શ્રીમતી મનિષાબેન એમ. શાહ | - ટ્રસ્ટી-મંત્રીશ્રી | - ૯૮૨૦૨૯૬૯૬૫ |
| શ્રી અતુલભાઈ એ. શાહ | - મંત્રીશ્રી | - ૯૮૨૦૧૪૮૬૭૩ |
| શ્રી અનિલભાઈ એચ. સંઘવી | - મંત્રીશ્રી | - ૯૮૨૧૦૯૬૩૨૮ |
| શ્રી મુકેશભાઈ આર. શાહ | - સહ-મંત્રીશ્રી | - ૯૮૧૯૧૮૩૩૨૫ |
| શ્રી નિરવભાઈ પી. દોશી | - સહ-મંત્રીશ્રી | - ૯૮૨૦૮૨૩૪૦૦ |
| શ્રીમતી દિપ્તીબેન શૈલેષભાઈ શાહ | - કન્વીનર | - ૯૩૨૩૬૩૧૦૪૭ |
| શ્રી નરેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી | - સહ-કન્વીનર | - ૯૮૨૦૦૭૬૪૬૦ |
| શ્રી મહેશભાઈ બચુભાઈ દોશી | - કમિટી મેમ્બર | - ૯૩૨૨૬૭૧૦૮૭ |
| શ્રી વિજયભાઈ પૂનમચંદ અજમેરા | - કમિટી મેમ્બર | - ૯૮૨૧૧૬૪૩૫૦ |
| શ્રી જયેશભાઈ બચુભાઈ જોબાલીયા | - કમિટી મેમ્બર | - ૯૮૨૦૦૮૧૭૦૯ |

# BIODATA



**POOJA PARESH JOBALIA**

**PERSONAL DETAILS :**

Date of Birth : 31st August 2000
Time of Birth : 3:15 AM
Place of Birth : Mumbai
Height/Weight : 4'11" / 51 kg
Caste/Religion : Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain
Native Place : Paliyad
Education : B.Com., M.Com from Mumbai University
Profession : Working as Digital Marketer at HealthFab
Hobbies : Travelling, Swimming and Music

**FAMILY DETAILS :**

Father : Late Paresh Bhogilal Jobalia
Mother : Priti Paresh Jobalia (Mob: 9323350007)
Elder Sisters : 1) Foram Married to Kevinkumar Hemantbhai Kothari (Chartered Accountant) Savarkundala / Malad
2) Kinjal Married to Vaibhavkumar Jayeshbhai Shah (BE in Computer Science) Sundariyana / Borivali
Grand Parents : Late Shri Bhogilal Keshavji Jobalia
Kanchanben Bhogilal Jobalia
Kaka / Kaki : 1) Chetan Bhogilal Jobalia
Usha Chetan Jobalia
2) Hitesh Bhogilal Jobalia
Jalpa Hitesh Jobalia
Nana/Nani : Late Shri Ambalal Chhotalal Gandhi
Hemlataben Ambalal Gandhi
Mama/Mami : Sanjaybhai Ambalal Gandhi (Mob : 9322859979)
Rupaben Sanjaybhai Gandhi
Masa/Masi : Rajubhai Mahendrabhai Gandhi (Mob : 9322226227)

**Contact Details :**

Chetan Bhogilal Jobalia (Mob : 9821324156)
Hitesh Bhogilal Jobalia (Mob : 9820838323)

E-mail : hitesh62@rediffmail.com
Address : A-101/102, Shivalaya Apt. Mandpeshwar Road, Opp MCF Sports Complex, Borivali (West), Mumbai - 400092.

Advt.

# BIODATA



**NAME : HARSH YOGESH SANGHAVI**

Date of Birth : 25th May 1993 (10:02 PM)
Place of Birth : Malad, Mumbai
Height : 5'7''
Education : Chartered Accountant (ICAI)
B.Com (N.M.College)
Occupation : Finance Manager – SBI Life
Native Place : Wadhvan
Caste : Zalawadi Visha Shrimali Sthanakvasi Jain
Hobbies : Sports, Reading & Movies
E-mail : harsh.0525@gmail.com

**FAMILY DETAILS :**

Father : Yogesh Rasiklal Sanghavi – Real Estate Consultant (96647 60858)
Mother : Nayna Yogesh Sanghavi – Home Maker (98705 34570)
Elder Brother : Jimit Yogesh Sanghavi (Chartered Accountant, Working At J.P. Morgan)
Sister In Law : Saloni Jimit Sanghavi (MBA, Working At Bathiya Legal) (D/o Chetanbhai Harjivandas Shah) (Barbhaya)
Grand Parents (Paternal) : Late Rasiklal Kanjibhai Sanghavi
Late Hiraben Rasiklal Sanghavi
Uncles : Anil Rasiklal Sanghavi (Kandivali)
Hitesh Rasiklal Sanghavi (Virar)
Faiba : Chhaya Vinodkumar Shah (Borivali)
Grand Parents (Maternal) : Late Amrutlal Laxmichand Gopani
Late Shardaben Amrutlal Gopani
Mama : Paresh Amrutlal Gopani (Malad)
Masi : Jayshree Harshadkumar Shah (Malad)
Address : 102, Das Bhavan CHSL, Underai Road, Malad (West), Mumbai - 64

Advt.

**હાર્દિક અભિનંદન!**

વઢવાણ નિવાસી

હાલ બોરીવલી (પશ્ચિમ)

ખુશબૂ પ્રિતેશ ગાંધીની સુપુત્રી



**ચિ. શનાયા પ્રિતેશ ગાંધી**

**4 વર્ષની** ઉંમરમાં **સામાયિક** પૂર્ણ કર્યુ

આ સિદ્ધિ બદલ ગાંધી પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન!

શુભેચ્છકો:

ભારતીબેન કિરીટભાઇ ગાંધી

રીટાબેન દીપકભાઇ દોશી

Advt.

---

*Nirav Shah,* B.E. (Auto)

: 9819012468
9819007422
9820098311



# V2 MOTORS

*Complete Car Solutions*

**WORKSHOP AT :**
**Chembur, Chandivali & Mulund**

***Specialist in :***

- Insurance claim Jobs • All Insurance Companies on cashless facilities • All types of car repair • Works, Mechanical jobs • Polish - Interior Cleaning • Seat Fabrication • Insurance Renewal etc...

**All types of RTO works & Insurance renewal at reasonable rates**

***Pickup drop Complimentary**

**Sp. : 20% on valid AMC plan**

www. v2motors.com

customercare@v2motors.com | v2motorsghatkoper@gmail.com

Advt.

---

**શ્રી૧ ।**

**શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો**



# શ્રી જૈન મેરેજ બ્યુરો

**ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ**

**વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.**

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

**તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ**

Advt.

---

**શ્રીજી**

# જમીન-મકાનની લે-વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
**Mo. 98790 75965**

**અંકિતભાઈ એ. શેઠ**
**Mo. 98796 79553, 8200628452**

# અતુલભાઈ ટી. શેઠ

**રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.**

Advt.

# સ્વ. શ્રીમતી સરોજબેન કિર્તીકાંત ચુડગર

**જન્મ : ૯-૦૩-૧૯૪૮ • અરિહંતશરણ : ૧૫-૦૨-૨૦૨૪**

## મા


સવાર પડે ને આંખ ખૂલે ત્યારે દર્શન દેતી તુ મા
આપ પરોઢ થતા જ કર્યા ચાલી ગઈ તુ મા
શ્વાસે-શ્વાસે સંતાનોને સંભારતી, સંભાળતી તુ મા
આમ અચાનક શ્વાસોને થંભાવી કયાં ચાલી ગઈ તુ મા
તારું બાળ-સહજ હાસ્ય અને એવી જ તારી નિખાલસતા
આજ પળ-પળ રડાવી રહ્યું છે અમને તારી યાદમાં
ન કોઈ ઈચ્છા કે ન કાંઈ લાલસા બસ હતી માત્ર મમતા
તો પછી ક્યાંથી થઈ આવી તને નવજીવનની ઘેલછા
આખું આયખુ પસાર થયું આધિ-વ્યાધિ ઉપાધિ સહ વિષમતા
છતાંયે ધન્ય છે મા તને ન ખૂટે ક્યારેય તારી સમતા
ક્રિયાઓથી પર હંમેશા સમભાવમાં રહેતી તારી સામાયિક
કોઈપણ જાતના પાપ વગરનું અતિશુદ્ધ એવું તારું ચારિત્ર્ય
ન કોઈના પર દ્વેષ-ગુસ્સો ન કોઈ જાતના કપટ-માયા
ન ઓળખી શકી આ કળીયુગને ને ત્યાગી દીધી આ કાયા
બે હાથ જોડી સદા સ્મિત રેલાવતી હોય વાંક સામાનોને માફી તું માંગતી
જાણે કે કોઈપણ ગુરુ વિના હંમેશા આજ્ઞા મહાવીરની તું પાળતી
તને પામીને માનતા હતાં અમે અમોને અતિ સદ્‌ભાગી
અંત સમયે દૂર કરીને અમને બનાવી દીધાં અભાગી
હવે કયાં મળશું ? ક્યારે મળશું ? કરી લેજે ફરી તૈયારી મા
હોય જેટલા ભવચક્રના ફેરા બાકી તું જ હોય અમારી મા
ના તુજ સરીખું હતું, ના છે કોઈ ના થશે આ ત્રણ લોકમાં
કાંઈ કર્મે જન્મી નાવ ધારણ કરી સરોજ દીધું સાર્થક આ કાદવમાં
થોડાં શબ્દોમાં શું કરવી તારા અપરંપાર ગુણોની ગાથા
જન્મારો આખો ઓછો પડે કહેતાં તારા જીવનની કથા

**પ્રભુ તારા પવિત્ર આત્માને શાશ્વત-શાંતિ આપે અને તું જ્યાં પણ હોય ત્યાંથી પ્રભુ તરફ જ આગમ ગતિ કરે એવી શુભેચ્છા સહ પ્રાર્થના**

**લિ. કીર્તિકાંત કાંતિલાલ ચુડગર**
**પુત્રો : સંજીવ, સુનિલ**
**પુત્રી : ચકી (નિકેતા)**

Advt.

# ત્રીજી પુણ્યતિથિએ
# સ્મરણાંજલિ સહ શ્રદ્ધાસુમન



**સ્વ. અનંતરાય મણીલાલ શાહ**

(નાવડા નિવાસી હાલ ઘાટકોપર - મુંબઈ)

જન્મ તા. : ૦૧-૦૨-૧૯૫૫

અરિહંતશરણ : ૨૯-૦૪-૨૦૨૧

છોડી અમ સાથ તમે વસ્યા પ્રભુની પાસ
નથી હયાત પણ છો સાથે એવો રહે છે ભાસ
અમારી ઉપર આપના આશીર્વાદ હંમેશા વરસતા રહે
અમારા આપને કોટી કોટી પ્રણામ
આપનો આત્મા સદાય સુખશાંતિ સાથે પરમપદને પામો
એજ પ્રભુને પ્રાર્થના

**શોકાતુર**

પત્ની : સ્વ. મીનાબેન અનંતરાય શાહ

ભાઈ-ભાભી : શ્રી વ્રજલાલ મણીલાલ શાહ
સ્વ. ચંદ્રિકા વ્રજલાલ શાહ

પુત્ર-પુત્રવધુ : મિતુલ (ઋષભ) - અ.સૌ. ફોરમ

પુત્રી-જમાઈ : નિધી - જય સંઘવી

ભત્રીજા-ભત્રીજાવહુ : મનોજ - અ.સૌ. રીના
નીરવ - અ.સૌ. કૃપાલી
પારસ - અ.સૌ. સ્વાતિ

Advt.

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**

301, Bay View (East), 3rd Floor,
47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)
Chira Bazar, Mumbai - 400 002.
7208472884 • 7208481791 • 7208472744

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**(Inclusive of GST)**

**Please send Artwork in JPEG Format Only**

૨૦૨૪ ના વર્ષને આવકારીએ સાથોસાથ ઝાલાવાડી સભાના સભ્યોના સંતાનોને શિક્ષણ માટે પ્રોત્સાહીત કરીએ.



# સમૃદ્ધ સમાજના નિર્માણ કાજે

# શૈક્ષણિક ઉત્કર્ષ યોજના



**Education is the most powerful weapon to change the society**

સંપન્ન સમાજની રચના માટે શિક્ષણ સહુથી અસરકારક અને મહત્ત્વનું પરિબળ છે, આ સત્ય સહુને સમજાય ગયું છે.

ઝાલાવાડી સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કમિટીના સભ્યો કાર્યરત થયા અને ઊંચી ઉડાન માટે આપણે પાંખો પ્રસારી... સમૃદ્ધ સમાજના સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે મહત્ત્વની યોજનાઓ આકાર પામી.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અંતર્ગત... મુખ્ય સ્કીમ

ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ અને હાયર એજ્યુકેશન ફંડ માટે ડોનર્સના નામ આવી ગયા છે. ઉપરાંત ૨૦૧૮ માં શરૂ કરેલ શૈક્ષણિક ઉત્કર્ષ યોજના અન્વયે નીચે જણાવેલ સ્કીમમાં ૭૫ જેટલા દાતાઓએ પોતાનું યોગદાન આપેલ છે. દાતાઓના અનુદાનથી અત્યાર સુધીમાં ફોરેન લોન માટે રૂા. ૧,૭૮,૦૦,૦૦૦/- તથા ભારતમા હાયર એજ્યુકેશન માટે રૂા. ૩૮,૦૦,૦૦૦/- મળી કુલ રૂા. ૨,૧૬,૦૦,૦૦૦/- (બે કરોડ સોળ લાખ) ૧૩૬ વિદ્યાર્થીઓને લોન આપવામાં આવેલ છે. જેના થકી આપણા સમાજના સંતાનો પોતાના ઉજ્વળ ભવિષ્યના સ્વપ્નો પરિપૂર્ણ કરવા સમર્થ બન્યા છે.

ઝાલાવાડી સભાના માતબર સભ્યોના આગ્રહને માન આપીને એજ્યુકેશન માટે નિમ્ન લિખિત સ્કીમમાં દાનનો પ્રવાહ વહેરાવવા વિનંતી. આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉપયોગી થવા માટે આ સ્કીમ ફરીથી આપની સમક્ષ રજૂ કરીએ છીએ. જેમા આપશ્રી સહભાગી બની આ સ્કીમને સાકાર કરવા સ્કીમમાં જોડાવા માટે અપીલ કરવામાં આવે છે.

**(૧) Post Graduation Fund** **(૨) Post Graduation Fund for Girls**

પ્રત્યેક સ્કીમ અન્વયે દાતાએ ૧.૫૦ કરોડનું અનુદાન આપવાનું રહેશે.

આ અનુદાન પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૩૦ લાખ આપીને) પરિપૂર્ણ કરવાનું રહેશે.

**(૩) Star Donor :** આ યોજના અંતર્ગત ૫૦ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા - Star Donor - બનશે. ૫૦ લાખ રૂા. નું આ અનુદાન દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૧૦ લાખ આપીને) પૂર્ણ કરવાનું રહેશે.

**(૪) Platinum Donor :** આ યોજના અનુસાર ૨૫ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા - **Platinum Donor** - બનશે. ૨૫ લાખ રૂા. ની રકમ દાતાએ પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૫ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૫) Diamond Donor :** આ યોજના મુજબ ૧૧ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા - Diamond Donor - બનશે. ૧૧ લાખની રકમ દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૨.૨૦ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૬) Golden Donor :** પ્રસ્તુત યોજનામાં પાંચ લાખ આપનાર દાતા - Golden Donor - બની શકશે. પાંચ લાખની રકમ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

**(૭) Silver Donor :** આ યોજના અનુસાર ત્રણ લાખ રૂા. આપનાર દાતા ઝાલાવાડી સભાના - **Silver Donor** બની શકશે. દાતાએ ત્રણ લાખ રૂા. ની રકમ ત્રણ વર્ષમાં (પ્રતિ વર્ષ એક લાખ રૂા.) પૂર્ણ કરવાની રહેશે.


**મનિષાબેન એમ. શાહ**
ટ્રસ્ટી - સેક્રેટરી
મો. ૯૮૨૦૦૯૬૯૬૫

**પંજકભાઈ વી. સંઘવી**
ટ્રસ્ટી - ઉપપ્રમુખ
મો. ૯૮૨૦૦૪૦૭૧૯

**પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**
ટ્રસ્ટી - પ્રમુખ

**મહેશભાઈ પી. વોરા**
ટ્રસ્ટી
મો. ૯૮૨૧૫૬૯૩૮૩

**મયંકભાઈ જે. શાહ**
ટ્રસ્ટી
મો. ૯૮૨૦૦૬૭૯૫૮

**કિરીટભાઈ વી. શેઠ**
ટ્રસ્ટી
મો. ૯૮૨૦૦૬૩૭૮૩

# "માઁ" ની ભક્તિનો અવસર

## સમસ્ત શ્રી કુળદેવી નાણંદેવીમાઁ ના પરિવારને


## ભાવભર્યું આમંત્રણ

# માઁ ના પ્રાગટ્ય દિવસની ઉજવણી

# 'મુંબઈ' માં

## ચૈત્ર સુદ ૧૪ ને ૨૨મી એપ્રીલ ૨૦૨૪ સોમવાર

## માઁ ના સર્વભક્તોને દર્શન અને પ્રસાદ લેવા



## ભાવભર્યું આમંત્રણ



### ૨૭ કુંડી ચંડી હવન

૧. માઁ ની ભક્તિનો અવસર આવ્યો છે. ચંડી હવનનો લાભ લેવા ચૈત્ર સુદ ૧ તા. ૯-૪-૨૦૨૪ સુધીમાં જણાવવા વિનંતી. લાભ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

૨. હવનની પૂજાનો સમય : સવારે ૦૯:૩૦ વાગે.
બીડુ હોમવાનો સમય : સાંજે ૦૪:૩૦ વાગે.

**ચૌવિહાર અને મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

**અજમેરા, શેઠ, શાહ, બગડીયા, કોરડીયા, મહેતા, ઘરૂ, વિગેરે પરિવાર**

**તમારા કુટુંબિઓને જણાવવા નમ્ર વિનંતી...**

**સંપર્ક**

કિર્તીભાઈ (પ્રભાદેવી) : 9821118041 પ્રદિપભાઈ : 70457 26261 વર્ષાબેન : 7045203282
અલકાબેન : 96198 57011 તેજલબેન : 7208621091

E-mail : shreenaandevimaa@gmail.com
Telegram : https://bit.ly/3uqhP3q
Instagram : https://bit.ly/3w7Mrrb
whatsapp : https://bit.ly/3uhoSf0

**સ્થળ :** 'કર્મભૂમી અજમેરા' ઠાકુર કૉમ્પ્લેક્સ, તેરાપંથ ભવનની બાજુમાં, ગોકુલ પ્રાઈડની સામે, કાંદિવલી (પૂર્વ), મુંબઇ – ૪૦૦ ૧૦૧.

**નાણંદેવી માઁ ના આશિર્વાદ**

Advt.



ammpalholidays@gmail.com
We Deliver What We Promise !
We Believe in Providing Luxurious Experiences !
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
CHASE THE NORTHERN LIGHTS, DIVE INTO ADVENTURE:
YOUR ICELAND EXPEDITION AWAITS!
MAGNIFICENT ICELAND!
10 DAYS OF MIND-BLOWING EXPERIENCE WITH AMIT SHAH.
2024 BEST YEAR IN A DECADE TO EXPERIENCE NORTHERN LIGHTS
Reykjavik • Akureyri • Borganes • Reykholt • Vik • Keflavik
LIMITED SEATS AVAILABLE BOOK FAST
SPECIAL DISCOUNT ₹25,000/- FOR BOOKINGS BEFORE 31ST MAR '24
1 GM
LUCKY DRAW CHANCE TO WIN A GOLD COIN
TOUR DATE: NOVEMBER 1 & 3, 2024
Flyover Iceland • Aurora Museum • Blue Lagoon Thermal Bath • Forest Lagoon • Whale Watching Tour • Glacier Cave Tour by Monster Truck • Plane Wreck • Jokulsarlon Glacier Lagoon Boat Ride • Free Tomato Ice Cream & Tomato Cheese Cake During Farm Visit • Seljalandsfoss • Skogafoss • Black Sand Beach • Skaftafell National Park • Godafoss Waterfalls.
Vietnam
HANOI • HALONG BAY • SAPA
DANANG • HOI AN • HO CHI MINH
11 DAYS LUXURIOUS TOUR, NO ONE GIVES YOU AN EXPERIENCE OF VIETNAM LIKE WE DO!
1 GM
LUCKY DRAW CHANCE TO WIN A GOLD COIN
GOLDEN BRIDGE
TOUR COST
₹1,55,000/-*
Veg & Jain Meals Prepared By Our Own Rajasthani Maharaj • Stay At World's 1st 24k Gold Plated Dolce Hanoi Garden Lake Hotel • Now Direct Flights From Mumbai To Vietnam • Hotels In City Center • Hoi An Ancient Town Night Visit • Exclusive Night Tour Of Ho Chi Minh In Open Bus • Free Foot Spa • Free Bicycling • Free Coconut Coffee At Train Street.
TOUR DATES 2024
MAR - 2nd (Sold Out)
12th (Ltd. Seats)
APR
20th (Ltd. Seats) | 25th
MAY - 7th | 18th | 31st
BAKU + GABALA + SHEKI
AZERBAIJAN - 7DAYS TOUR
STAY AT BOULEVARD MARRIOT (BAKU) • VEG & JAIN Meals prepared by our own RAJASTHANI MAHARAJ • GALA DINNER WITH UNLIMITED DRINKS & BELLY DANCE • FREE FUNICULAR RIDE
THE FLAME TOWERS
TOUR COST
₹1,11,111/-*
PACKAGE INCLUSIONS: Stay at Boulevard (Baku) & Gabala Garden (Gabala) • Veg & Jain Meals by our own Rajasthani Maharaj • 1 Night Gala Dinner With Local Drinks • Belly Dance • Funicular Ride • Travel via direct flights from Mumbai-Baku-Mumbai • Visa. SIGHT SEEING TOURS TO: Little Venice Boat Tour • Highland Park • Old City Tour • Nizami Street • Heydar Aliyev Center • Ateshgah (Fire Temple) • Fire Mountain, Yanardag • Bibi-Heybat Mosque • Gabala Cable Car • Nohur Lake • Genclik Mall • Gobustan Mud Volcano • Vintage Car Museum.
TOUR DATES 2024
MAR - 16th
APR
13th | 20th | 27th
MAY
1st | 4th | 11th | 18th | 25th
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*, & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
HOTEL
Stay at Luxurious Hotels
*T & C Apply.
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820
EXCLUSIVE WOMEN TOURS, SOCIAL GROUP & CUSTOMISED TOUR PACKAGES AVAILABLE
Advt.

# શ્રદ્ધાંજલિ



જન્મ
૩૦-૧૨-૧૯૪૫

અરીહંતશરણ
૧૪-૦૩-૨૦૨૪

## સ્વ. શ્રી પ્રબોધભાઈ શાંતીલાલ અદાણી

સુદામડા નિવાસી, હાલ - વડાલા મુંબઈ

કરાવ્યા લાડ બાળકોને અમન ચમન આપે...
આપેલો વારસો પૈસા જ નથી પણ પવિત્રતાને પ્રસન્નતા છે.
પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા.
ભુલી શકાય નહી એવી યાદોના સ્મરણ હંમેશા માટે છોડી ગયા
જીવન એવુ જીવી ગયા કે જોનારા સૌ જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યાં કરે
આપના દિવ્ય આત્માને પરમ શાંતી મળે.
હંમેશા જૈન ધર્મનું શરણું મળે અને વહેલામાં વહેલા મુક્તિપદ ને પ્રાપ્ત કરો,
એવી અમારી પરમાત્માને પ્રાર્થના

### આપના સદૈવ ઋણી

ધર્મપત્ની : પન્નાબેન પ્રબોધભાઈ અદાણી

પુત્ર : પરાગ પ્રબોધભાઈ અદાણી
પુત્રવધુ : અર્ચના પરાગ અદાણી
યશ્મી, શીમોની, શનાયા

પુત્ર : રાજીવ પ્રબોધભાઈ અદાણી
પુત્રવધુ : મનાલી રાજીવ અદાણી
તાન્યા, રોનીત

પુત્રી : ક્વીતા પરાગ શેઠીયા
જમાઈ : પરાગભાઈ પદમભાઈ શેઠીયા
તન્વી ધ્રુમીલ કોટક,
રીયા શેઠીયા, બ્રીશા કોટક

**સ્વ. મુક્તાબેન શાંતિલાલ અદાણી**
**સ્વ. તારાબેન ઉત્તમલાલ મહેતાના જમાઈ (સુરેન્દ્રનગર)**
**તથા સમસ્ત અદાણી પરિવાર ના જય જીનેન્દ્ર**

Advt.

## ત્રીજી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
૧૧.૦૭.૧૯૪૭

અરિહંતશરણ
૨૧-૦૪-૨૦૨૧

# સ્વ. ચંદ્રિકાબેન વ્રજલાલ શાહ (નાવડાવાળા)

હૃદય માનવા તૈયાર નથી, કે તમે અમ સૌપી દૂર છો.
કેમ કે હજી તો અમ આંખોથી, તમે હુજરા-હુજર છો.
દૂર ગગનમાં વાગતા, જાણે શરણાઈ ના સૂર છો.
ને જાતે બળીને બીજાને, સુગંધ આપતા કપૂર છો
બહાર ગયા છો હમાણા આવશો, અંતર એવુ ઝંખે છે.
આજે ના આપ્યા કાંઈ નહી, કાલે તો આવવાના જરૂર છે.
પ્રભુમય જીવન જીવ્યા, તે પ્રાર્થના થી ભરપૂર છે.
આંખો થી વરસે છે સ્નેહ, ભલે ફોટોમાં મજબૂર છો.
બીજાને મદદ થતાં તમે, આજે ઈશ્વરના સાનિધ્યમાં મંજૂર છે.
પણ ઉતાવળિયે માર્ગ પકડી, ચાલ્યા તમે મંઝિલ તરફ
ને એ પણ વિસરી ગયા કે, તમેય કોઈનો આંખોના નૂર છો
આવકાર દેતા કદીયે પાછા ન પડે.
પાંચમા પૂછનાર અમને કદીયે જોવા ન મળે
કરણી એવો કરી ગયા સ્વર્ગમાંય કોઈ ન નડે
લાખો લૂંટાવો તોય તે મરનાર પાછા ના મળે
કુદરત તારી કળા કોઈને કદીયે ન મળે
તારી કળાથી અકડાઈને રડતે હૃદયે લખવું પડે

**અમને સદાય આર્શીવાદ આપતા એવા આપના પુણ્યશાળી આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના**

**આપના સદૈવ ઋણી**

**જીવનસાથી : વ્રજલાલ મણિલાલ શાહ (નાવડાવાળા)**
**પુત્ર-પુત્રવધૂ : મનોજ - રીના, નિરવ - કૃપાલી, પારસ - સ્વાતી**
**પૌત્ર-પૌત્રી : હર્ષ - શૈલી, જીનલ - જય, રાહીલ, પાર્શ્વી - શૌર્ય**

**સ્વ. જયાબેન હરિલાલ શાહ પરિવાર (વાંકાનેરવાળા)**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

## દ્વિતીય પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૦૯-૦૯-૧૯૬૬

દેહ પરીવર્તન
૦૬-૦૪-૨૦૨૨

# સ્વ. અ.સૌ. છાયા હીમાન્સુભાઈ કોઠારી

(વઢવાણ નિવાસી હાલ - દહીસર)

બે વર્ષ વીતી ગયા તારી વિદાયને પણ એમજ લાગે છે કે તુ અમારી સાથે છે ખાલી હયાતી નજરે પડતી નથી.

તારા વિશે લખવા માટે શબ્દો જ નથી મળતા આંખોમાંથી વહેતા આસુઓના ધોધમાં શબ્દો બધા તણાઈ જાય છે.

તારો સ્વીટુ માટેનો ત્યાગ કદી ભુલાઈ તેમ નથી એક માતાજ કરી શકે તેની દીકરી માટે તેના માટે રોજ કરીએ છીએ તને કોટી કોટી વંદન

મમ્મી તારી યાદમાં હું અને પપ્પા ખાલી દીવસો કાઢીએ છીએ. તહેવારો આવે છે અને પપ્પાની આંખો આંસુઓથી ભરીને માલ્ય જાય છે. તારા વગર કોઈપણ તહેવારોનું મહત્વ જ નથી ...તારી લાડકી સ્વીટુ

પ્રભુ તારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ હૃદયપૂર્વક પ્રાર્થના

પતી : હીમાન્શુ ઈન્દુલાલ કોઠારી     પુત્રી : આકાંક્ષા (સ્વીટુ) કોઠારી



**સ્વ. ઈન્દુલાલ જગજીવનદાસ કોઠારી પરીવાર**
**સ્વ મુગટલાલ સી. સંઘવી પરીવાર**



Advt.

Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi